# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**
'ધુરંધર 2'ના લીધે આદિત્ય ધરનું પ્રોડક્શન હાઉસ બ્લેકલિસ્ટ થયું...!

**પેજ-09**
અર્જુન તેંડુલકરના લગ્નનું શરણાઈ ગુંજશે



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 19.00 |
| વડોદરા | 32.00 | 20.00 |
| સુરત | 32.00 | 20.00 |

પેજ 5




પાંચ વર્ષમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન બમણું થઈ રૂ. બાવીસ લાખ કરોડ...

**19** FEBRUARY-2026 THURSDAY

બાંગ્લાદેશમાં તારિક રહેમાન યુગનો પ્રારંભ યૂનુસને મોટો ઝટકો



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 83734.25 | ▲ | 283.29 |
| નિફ્ટી | 25819.35 | ▲ | 93.95 |
| સોનું | 155760.00 | ▲ | 4342 |
| ચાંદી | 243980.00 | ▲ | 15197 |


વર્ષ-15 । અંક-099 । વિક્રમ સંવત-2082 । ફાગણ સુદ-02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### નવી દિલ્હીના પ્રતિષ્ઠિત 'ભારત મંડપમ' ખાતે ચાલી રહેલા આ એક્સોમાં અનેક એઆઈ ઈનોવેશન આકર્ષણનું કેન્દ્ર બન્યા

# ગુગલમાં મહારોકાણ : ભારતને બનાવશે ગ્લોબલ AI હબ

### ગુગલે આ આખો ઈન્ફ્રાસ્ટક્ચર ઉભો કરવા માટે ક્લીન એનર્જી પ્લાન્ટ પણ બનાવશે, ડેટા સેન્ટરને ગ્રીન સોર્સથી વીજળી મળશે અને તેનાથી કાર્બન અસર ઘટશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ભારતમાં હાલ 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026' યોજાઈ રહ્યું છે. નવી દિલ્હીના પ્રતિષ્ઠિત 'ભારત મંડપમ' ખાતે ચાલી રહેલા આ એક્સોમાં અનેક એઆઈ ઈનોવેશન આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, ગુગલના સીઈઓ સુંદર પિચાઈ અને ડિપમાઈન્ટના સીઈઓ ડેમિસ હાસાબિસ એક્સ્પો નિહાળવા આવ્યા છે. આ દરમિયાન બંને મહાનુભાવોએ જાહેરાત કરી છે કે, બંને કંનપીઓ ભારતને ગ્લોબલ એઆઈ હબ બનાવશે અને આ માટે તેઓ આગામી પાંચ વર્ષમાં ભારતમાં લગભગ પાંચ બિલિયન ડૉલરનું રોકાણ કરશે. ભારતની મુલાકાતે આવેલા સુંદર પિચાઈએ વડાપ્રધાન મોદી સાથે પણ મુલાકાત કરી છે. દેશમાં પ્રથમવાર એવું બનશે કે, AI હબ ઉભુ કરવા માટે પ્રથમવાર આટલું મોટું રોકાણ કરવામાં આવશે. આ માટે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં મેગા એઆઈ ડેટા સેન્ટર સ્થાપવામાં આવશે. આ સેન્ટર એઆઈ મોડલ ટ્રેનિંગ, ક્લાઉડ સર્વિસનું કેન્દ્ર બનશે. આ સેન્ટર પરથી ભારત અને આસપાસના લોકોની AI જરૂરીયાતોમાં એક મોટી ક્રાંતી સર્જાશે.



#### ગુગલ સમુદ્રમાં બિછાવશે ઈન્ટરનેટની જાળ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું કામ કરવા માટે ઈન્ટરનેટની સ્પીડ ઝડપી હોવી જરૂરી છે, તેથી ગૂગલ ભારતને વિશ્વ સાથે જોડવા માટે સમુદ્રમાં ઈન્ટરનેટ કેબલ બિછાવશે. આ કેબલ કનેક્શનથી ભારત સિંગાપુર, સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો સાથે સીધો જોડાશે. આનાથી એશિયા, આફ્રિકા અને સાઉથ અમરેકિમાં ઝડપી એઆઈ સર્વિસ મળશે.

#### 100 મિલિયન લોકોને AI ટ્રેનિંગ અપાશે

ગુગલના ડેટા સેન્ટરથી ભારતને ખૂબ મદદ મળશે. કારણ કે તેનાથી વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી કરાવ માટે એઆઈ ટ્યૂટર મળશે, ઓનલાઈન સ્કેમ પકડવા માટે એઆઈ ડિટેક્શન ટૂલ્સ પણ જોડવામાં આવશે. કંપનીએ દાવો કર્યો છે કે, 100 મિલિયનથી વધુ લોકોને એઆઈની ટ્રેનિંગ અપાશે. એટલે કે એઆઈ માત્ર મોટા શહેરો સુધી જ નહીં, નાના શહેરો સુધી પણ પહોંચશે.

#### ક્લીન એનર્જી પ્લાન્ટ બનાવવાની કામગીરી શરૂ

ગુગલે આ આખો ઈન્ફ્રાસ્ટક્ચર ઉભો કરવા માટે ક્લીન એનર્જી પ્લાન્ટ પણ બનાવી રહ્યો છે. એટલે કે ડેટા સેન્ટરને ગ્રીન સોર્સથી વીજળી મળશે અને તેનાથી કાર્બન અસર ઘટશે. કંપનીનું માનવું છે કે, AIનો વિસ્તાર કરવાથી પર્યાવરણને નુકસાન ન થવું જોઈએ. સૌથી મોટી વાત એ છે કે, ગૂગલ ભારત સરકાર સાથે મળીને AIને સરકારી સિસ્ટમમાં પણ જોડશે, જેનાથી લાખો સરકારી કર્મચારીઓ એઆઈ ટુલ્સનો ઉપયોગ કરી શકશે.

#### ભારત અમેરિકા-યુરોપ-ચીનને આપશે ટક્કર

આ એઆઈ સેન્ટરના કારણે રોજગારી વધવાની સાથે ભારત એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હબ બનશે. આજે વિશ્વનો મોટાભાગને ઈન્ટરનેટ ટ્રાફિક રૂટ અને કંટ્રોલ માત્ર અમેરિકા, યુરોપ અને ચીન પાસે છે, ત્યારે ગૂગલે ભારતમાં સેન્ટર બનાવવાની જાહેરાત કરી છે. એનો અર્થ એ થયો કે, આવનારા સમયમાં કરોડો લોકો ભારત દ્વારા એઆઈ ટુલ્સ સુધી પહોંચશે. વિશેષ વાત એ છે કે, હવે ભારતના સ્ટાર્ટઅપ્સ અને ડેવલપર્સે હાઈ-પાવર કમ્પ્યૂટ માટે અન્ય દેશો પર નિર્ભર રહેવાનું જરૂર નહીં પડે.

**ભારત મંડપમમાં 110 દેશોના પ્રતિનિધિઓ એકઠા થશે** | ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026નું આયોજન દિલ્હીના ભારત મંડપમમાં કરવામાં આવી રહ્યું છે. આ સમિટ 16 ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી અને 20 ફેબ્રુઆરી સુધી ચાલશે. તેમાં વિશ્વભરના સરકારી નીતિ નિર્માતાઓ, AI નિષ્ણાતો, શિક્ષણવિદો અને ટેકનોલોજી ઈનોવેટર્સ ભાગ લઈ રહ્યા છે. આ સમિટનો ઉદ્દેશ્ય આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પર વૈશ્વિક ચર્ચાને આગળ વધારવાનો છે. આ ગ્લોબલ સાઉથમાં આયોજિત થનારી પોતાની પ્રકારની પ્રથમ વૈશ્વિક AI શિખર સંમેલન છે.

### ભારતીય સંસ્કૃતિથી ખૂશ | 'ખાસ એજન્ડા સાથે આવ્યો છું' : લૂલા દા સિલ્વા

## બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ ભારતની 5 દિવસની મુલાકાતે

### એરપોર્ટ પરથી હોટલ પહોંચતા જ રાષ્ટ્રપ્રમુખ લૂલા દા સિલ્વાનું પરંપરાગત ભારતીય શૈલીમાં સ્વાગત

(એજન્સી) નવીદિલ્હી । તા. 18

બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લૂલા દા સિલ્વા બુધવારે પાંચ દિવસીય ભારત મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. નવી દિલ્હી એરપોર્ટ પર વિદેશ રાજ્ય મંત્રી પબિત્રા માર્ગેરિટાએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિમંત્રણ પર ભારત આવેલા સિલ્વા સાથે અનેક મોટી કંપનીઓના માલિકો અને ઉચ્ચ અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ પણ આવ્યું છે. એરપોર્ટ પરથી હોટલ પહોંચતા જ રાષ્ટ્રપ્રમુખ લૂલાનું પરંપરાગત ભારતીય શૈલીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતીય આતિથ્ય સત્કારથી પ્રભાવિત થઈને તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વિડિયો શેર કર્યો હતો. તેમણે 'નમસ્તે ઈન્ડિયા' કહીને ભારતનો આભાર માનતા જણાવ્યું કે, તેઓ અહીં એક અત્યંત મહત્ત્વપૂર્ણ એજન્ડા સાથે આવ્યા છે. તેમના મતે આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત કરવા, ભાગીદારીને વધુ ઊંડી બનાવવી અને વિશ્વમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ભવિષ્ય પર ચર્ચા કરવાનો છે.



#### PM મોદી-રાષ્ટ્રપ્રમુખ મુર્મુ સાથે મુલાકાત

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપ્રમુખ લૂલા વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરીને દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે. આ ઉપરાંત, તેઓ રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરશે અને તેમના દ્વારા આયોજિત રાત્રિભોજનમાં હાજરી આપશે. ઉપરાષ્ટ્રપ્રમુખ સીપી રાધાકૃષ્ણન અને વિદેશ મંત્રી એસ. જયશંકર પણ બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ સાથે બેઠક યોજશે. રાષ્ટ્રપ્રમુખ લૂલા 19 અને 20 ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હીમાં આયોજિત 'બીજી AI ઈમ્પેક્ટ સમિટ'માં ભાગ લેશે. ભારત રવાના થતા પહેલા તેમણે જણાવ્યું હતું કે, વર્ષ 2025માં ભારત અને બ્રાઝિલ વચ્ચેનો વેપાર 15 અબજ અમેરિકી ડોલરથી વધુ રહ્યો છે.

#### 'હું ટેરિફ પર વાત કરવા માટે ટ્રમ્પને ફોન નહીં કરું : લૂલા દા સિલ્વા

થોડા દિવસ અગાઉ બ્રાઝિલના રાષ્ટ્રપતિએ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વાતચીતના પ્રસ્તાવને ફગાવી દીધો હતો. ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે, 'લૂલા જ્યારે ઈચ્છે, મારી સાથે વાત કરી શકે છે.' લૂલાએ આ પ્રસ્તાવને ઠુકરાવતા કહ્યું હતું કે, 'હું ટેરિફ પર વાત કરવા માટે ટ્રમ્પને ફોન નહીં કરું. તેના બદલે વડાપ્રધાન મોદી અને શી જિનપિંગ જેવા નેતાઓ સાથે વાતચીત કરીશ.' અમેરિકાએ ભારત પર 50 ટકા ટેરિફ લગાવ્યો છે. આ અગાઉ અમેરિકાએ બ્રાઝિલ પર પણ 50 ટકા ટેરિફ લગાવ્યો છે. બ્રાઝિલ તેના ઉકેલ માટે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (WTO)માં જવા પર વિચાર કરી રહ્યું છે.

### 'ફ્યુલ ટેન્ક આખું ભરવાની ક્યાં જરૂર હતી?'

## અજિત પવાર પ્લેન ક્રેશ કેસમાં રોહિત પવારનો સનસનીખેજ દાવો

### 55 કરોડ રૂપિયાનું ઇન્સ્યોરન્સવાળું વિમાન 'વિમાન પહેલેથી જ ખરાબ હતું

(એજન્સી) મુંબઈ । તા. 18

મહારાષ્ટ્રના બારામતીમાં અજિત પવારના પ્લેન ક્રેશ મામલે શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય રોહિત પવારે ફરી ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે દુર્ઘટનાને ષડયંત્ર ગણાવી કહ્યું છે કે, ઘટનાની તપાસ કરી રહેલી એજન્સીઓ ધીમી ગતિએ કામ કરી રહી છે, જેના કારણે આશંકા વધી રહી છે. તેમણે કેન્દ્ર સરકાર સમક્ષ ડિજિટલ પુરાવા આપવાની માંગ કરી છે. તેમણે આશંકા વ્યક્ત કરી છે કે, જાણીજોઈને પાયલટનો ઉપયોગ કરીને ઘટનાને અંજામ આપવામાં આવ્યો હશે, આ કારણે પુરાવામાં હેરાફેરી થવાની સંભાવના છે. રોહિત પવારે બુધવારે પ્રેસ કોન્ફ્રન્સમાં કહ્યું કે,



'અમે થોડા દિવસ પહેલા મુંબઈ અને દિલ્હીમાં પ્રેસ કોન્ફ્રન્સ કરી હતી, ત્યારબાદ દુર્ઘટનાની તપાસ કરી રહેલી એજન્સીઓ કામ કરી છે, આનાથી અમને સંતોષ છે, પરંતુ તેઓ ધીમી ગતીએ કામ કરી રહ્યા હોવાથી અમને આશંકા છે. અમારા નેતાઓ અમને પત્ર આપીને તપાસની માંગ કરી રહ્યા છે. વિમાનનો ફ્યુલ ટેંક આખો ભરેલો હતો, તો પછી તે ભરવાની જરૂર કેમ પડી? વિંગ્સમાં પહેલેથી જ ભરેલું ટેન્ક હતું.'

#### 'જાણીજોઈને વિમાનને નીચે પાડવામાં આવ્યું'

રોહિતે પાયલોટ મામલે ગંભીર આક્ષેપ કર્યો છે અને બ્લેક બોક્સ પર પણ આશંકા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ઘટનાને અંજામ આપવા માટે પાયલોટનો ઉપયોગ કરાયો હોવાની અમને આશંકા છે. જાણીજોઈને વિમાનને નીચે પાડવામાં આવ્યું છે. તેમણે બ્લેક બોક્સ સળગી જવાની થિયરી પર કહ્યું કે, જાણકારો મુજબ 1100 ડિગ્રી સેલ્સિયસ પર એક કલાક સુધી સળગે તો જ બ્લેક બોક્સ ખરાબ થઈ શકે છે.



### દિશા પટણીના ઘરે ફાયરિંગ મામલે સામે આવ્યું હતુ નામ

### સુપ્રીમ કોર્ટે કડક શબ્દોમાં કહ્યું ...

## સિદ્ધુની રેકી કરનાર 'બોબી કબૂતર' ગર્લફ્રેન્ડ સાથે ઝબ્બે

### સિદ્ધુ મૂસેવાલાની હત્યામાં ભૂમિકા

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે એક અત્યંત મહત્વના ઓપરેશનમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના સક્રિય સાથી મહફૂઝ ઉર્ફે બોબી કબૂતરની ધરપકડ કરી છે. આ ધરપકડ માત્ર બોબી પૂરતી મર્યાદિત નથી, પોલીસે તેની ગર્લફ્રેન્ડ સહિત કુલ ચાર લોકોની અટકાયત કરી છે. બોબી કબૂતરનું નામ પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા અને બોલિવૂડ અભિનેત્રી દિશા પટાણીના બરેલી સ્થિત નિવાસસ્થાને થયેલા ગોળીબાર જેવી ગંભીર ઘટનાઓમાં સામે આવ્યું છે. જેના આધારે પંજાબમાં આ હત્યાકાંડને અંજામ આપવામાં આવ્યો હતો.

#### મૂસેવાલાની હત્યા પૂર્વે બોબી ભૂમિકા મહત્વની

પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે 29 મે, 2022ના રોજ થયેલી સિદ્ધુ મૂસેવાલાની ઘાતકી હત્યા પૂર્વે બોબી કબૂતરે જ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે મૂસેવાલાની હિલચાલ, તેના રોજના રૂટ અને સુરક્ષા વ્યવસ્થાની વિગતવાર રેકી કરી હતી. આ તમામ ગોપનીય માહિતી તેણે હુમલાખોરો સુધી પહોંચાડી હતી.

**ટેકનિકલ સર્વેલન્સથી થઈ ધરપકડ** | બોબી કબૂતર પોલીસથી બચવા માટે સતત પોતાના લોકેશન બદલતો હતો અને નકલી ઓળખના દસ્તાવેજોનો ઉપયોગ કરતો હતો. જોકે, દિલ્હી પોલીસના કાઉન્ટર ઈન્ટેલિજન્સ યુનિટે ટેકનિકલ સર્વેલન્સ અને ગુપ્ત બાતમીદારોના નેટવર્કની મદદથી તેને પકડી પાડ્યો છે. હાલ પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે, જેમાં બિશ્નોઈ ગેંગના આગામી ટાર્ગેટ અને અન્ય સ્લીપર સેલ વિશે મોટા ખુલાસા થવાની આશા છે.

### દુષ્કર્મ કેસમાં Supreme Courtનો મહત્ત્વનો નિર્ણય

## નાડુ ખેંચવું, મહિલાના શરીરને સ્પર્શ કરવો એ દુષ્કર્મમાં ગણાશે

(એજન્સી) નવી દિલ્હી | તા.18

પાયજામાની દોરી ખોલવી એ બળાત્કારનો પ્રયાસ માનવામાં આવશે. સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના વિવાદાસ્પદ ચુકાદાને રદ્દ કર્યો છે. જેમાં આ ગુનાને રેપની તૈયારી તરીકે વર્ણવવામાં આવ્યો હતો. પ્રયાસ તરીકે નહીં. સુપ્રીમ કોર્ટે ન્યાયિક પ્રક્રિયાઓને સુધારવા માટે સમિતિને વિગતવાર અહેવાલ તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો હતો. અલ્હાબાદ હાઈકોર્ટે ચુકાદો 17 માર્ચ 2025ના રોજ આપ્યો હતો. કોર્ટના નિર્ણયથી ભારે હોબાળો થયો હતો. "વી ધ વુમન" નામની NGO ના સ્થાપક પ્રમુખ અને વરિષ્ઠ વકીલ શોભા ગુપ્તાના પત્ર બાદ, સુપ્રીમ કોર્ટે આ મામલાની નોંધ લીધી હતી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ એનવી અંજારિયાની ખંડપીઠે હાઈકોર્ટના ચુકાદાને રદ્દ કર્યો હતો. અને બંને આરોપીઓ સામે POCSO એક્ટ હેઠળ રેપના પ્રયાસનો આરોપ ફરીથી લાગુ કર્યો હતો. NGO પ્રમુખ શોભા ગુપ્તા અને વરિષ્ઠ વકીલ એચ.એસ. ફૂલકાએ જાતીય ગુનાઓના કેસોમાં મહિલાઓ પ્રત્યે વધુ સંવેદનશીલતા રાખવા માટે બેન્ચને અપીલ કરી હતી.



#### SC જાહેર નહી કરે નવી માર્ગદર્શિકા

આ કેસમાં ચુકાદો આપતાં, CJI સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ન્યાયાધીશોને સંવેદનશીલ બનાવવા માટે સિદ્ધાંતો સ્થાપિત કર્યા છે, અને તેથી, તે નવી માર્ગદર્શિકા ઘડવાને બદલે હાલના સિદ્ધાંતોના આધારે આગળ વધશે. કોર્ટે રાષ્ટ્રીય ન્યાયિક એકેડેમીના ડિરેક્ટર જસ્ટિસ અનિરુદ્ધ બોઝને નિષ્ણાતોની સમિતિ બનાવવા વિનંતી કરી છે. આ સમિતિ જાતીય ગુનાઓ અને અન્ય સંવેદનશીલ કેસોમાં ન્યાયાધીશો અને ન્યાયિક પ્રક્રિયાઓમાં સંવેદનશીલતા અને કરુણા કેવી રીતે કેળવવી તે અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરશે.

## રાફેલ ફાઈટર જેટ પ્લાન્ટમાં કેમેરાવાળા ચશ્મા પહેરી જાસૂસે કરી એન્ટ્રી!



(એજન્સી) નવી દિલ્હી । તા. 18

રાફેલ વિશ્વના સૌથી અદ્યતન 4.5-જનરેશનના ફાઈટર જેટમાંનું એક માનવામાં આવે છે. આધુનિક ટેકનોલોજી ધરાવતા ફાઈટર જેટ તરીકે, તે પરમાણુ શસ્ત્રો લોન્ચ કરવામાં પણ સક્ષમ છે. રાફેલ ઉત્પાદક કંપની દસોલ્ટે તરફથી મળતી માહિત મુજબ રાફેલ ફાઈટર જેટ પ્લાન્ટમાં કેમેરાવાળા ચશ્મા સાથે એક વ્યક્તિ પ્લાન્ટની જાસૂસી કરી રહ્યો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

#### મેક ઇન ઈન્ડિયા હેઠળ રાફેલના ઉત્પાદનને આપી મંજૂરી

આ ઘટના એવા સમયે પ્રકાશમાં આવી છે જ્યારે ભારતીય સંરક્ષણ મંત્રાલયે 114 મેક ઈન ઈન્ડિયા રાફેલના ઉત્પાદનને મંજૂરી આપી છે. ભારત અને ફ્રાન્સ ઉપરાંત, યુએઈ અને ઈજિપ્ત જેવા દેશો પણ રાફેલ ફાઈટર જેટનું સંચાલન કરે છે. તાજેતરમાં, ઈન્ડોનેશિયાએ પણ રાફેલ ખરીદવા માટે ફ્રાન્સ સાથે એક મોટો કરાર કર્યો હતો. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન હાલમાં ભારતની મુલાકાતે છે.

### 11 લાખથી ઓછામાં મારૂતિ કંપનીની ન્યૂ જ ઈ-વિટારા લોન્ચ

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ભારતનાં ઈલેક્ટ્રિક વાહન બજારમાં હવે સ્પર્ધા વધુ તીવ્ર બનવાની છે, કારણ કે મારુતિ સુઝુકી ઈન્ડિયાએ પોતાની નવી ઈ વિટારા લોન્ચ કરી છે. તેની શરૂઆતની કિંમત 10.99 લાખ રૂપિયા રાખવામાં આવી છે. કંપનીએ સાથે જ રૂ.99 પ્રતિ કિલોમીટરનો બેટરી-એઝ-એ-સર્વિસ ઓનરશિપ પ્લાન પણ રજૂ કર્યો છે, જે કંપનીનું ઈવીસેગમેન્ટમાં સત્તાવાર પ્રવેશ માનવામાં આવે છે. BaaS મોડેલમાં બેટરીનો ખર્ચ કારની કિંમતથી અલગ રાખવામાં આવે છે. એટલે ગ્રાહકોને શરૂઆતમાં ઓછો ખર્ચ કરવો પડે છે અને તેઓ જેટલું વાહન ચલાવે તેના આધારે બેટરી માટે ચુકવણી કરે છે.

## નેધરલેન્ડ્સને 17 રને હરાવી ભારતનો વિજય



### ટીમ ઈન્ડિયાએ અંતિમ લીગ સ્ટેજ મેચમાં નેધરલેન્ડ્સને હરાવીને શાનદાર પ્રદર્શન કર્યું

(એજન્સી) અમદાવાદ । તા.18

ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે 18 ફેબ્રુઆરીના રોજ અમદાવાદમાં મેચ રમાઈ હતી. ભારતે મેચ સરળતાથી જીતી લીધી. T20 વર્લ્ડકપમાં આ તેમની ચોથી જીત છે. શિવમ દુબેએ પોતાની શાનદાર બેટિંગથી બધાનું ધ્યાન ખેંચ્યું. T20 વર્લ્ડકપ 2026ની 36મી મેચ ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે રમાઈ હતી. ભારતે તેમની અંતિમલીગસ્ટેજમેચમાંનેધરલેન્ડ્સને હરાવીનેશાનદારપ્રદર્શન કર્યું. ભારત માટે શિવમ દુબેએ શાનદાર પ્રદર્શન કર્યું. તેને શાનદાર અડધી સદી ફટકારીને ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી. વરુણ ચક્રવર્તીએ બોલિંગ વિભાગમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું.

#### વરૂણ ચક્રવર્તીની 3 ઓવરમાં 3 વિકેટ

194 રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી નેધરલેન્ડ્સની શરૂઆત સામાન્ય રહી. ઓપનર માઈકલ લેવિટે 23 બોલમાં 24 રન બનાવ્યા, જ્યારે મેક્સ ઓ'ડાઉડે 18 બોલમાં 20 રન બનાવ્યા. ત્રીજા નંબરના બેટ્સમેન બાસ ડી લીડે 21 બોલમાં 33 રન બનાવ્યા, જ્યારે કોલિન એકરમેને 15 બોલમાં 23 રન બનાવ્યા. નેધરલેન્ડ્સે 20 ઓવરમાં 7 વિકેટે 176 રન બનાવ્યા.

સ્કૂલોને ધમકીભર્યા મેલને લઈ રાજ્ય સરકાર એક્શનમાં...

# પ્રિન્સિપલ સેક્રેટરીની તમામ પોલીસ વડા, કલેક્ટર, ડીઇઓ સાથે મિટિંગ; ચાલુ પરીક્ષાએ ધમકી મળે તો શું કરવું એ અંગે ચર્ચા...!

અમદાવાદ | અમદાવાદ સહિત ગુજરાતની વિવિધ સ્કૂલોને બોમ્બથી ઉડાવવાના ધમકીભર્યા ઈ-મેલ મળ્યા બાદ મચેલી અફરાતફરીના માહોલ વચ્ચે ગુજરાતના પ્રિન્સિપલ સેક્રેટરી સંજીવ કુમાર આજે(18 ફેબ્રુઆરી) અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિક, કલેક્ટર સુજિત કુમાર, ડીઈઓ રોહિત ચૌધરી સહિત રાજ્યના તમામ પોલીસ કમિશનર, કલેક્ટર, ડીઈઓ, એસપી સાથે વીડિયો-કોન્ફરન્સથી વાત કરશે. કાયદો અને સુરક્ષાની વ્યવસ્થા જળવાઈ રહે એ હેતુસર વીડિયો-કોન્ફરન્સ યોજાવાની છે, જેમાં આવનારી બોર્ડની પરીક્ષાને લઈને મહત્ત્વની ચર્ચા થાય એવી શક્યતા છે. ગઈકાલથી CBSEની ધોરણ 10 અને 12ની પરીક્ષાનો પ્રારંભ થયો છે ત્યારે થોડા દિવસ બાદ ગુજરાત બોર્ડની ધોરણ 10 અને 12ની પરીક્ષાનો પ્રારંભ થશે. વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા છે ત્યારે તેમના વાલીઓના મનમાં એક પ્રશ્ન છે કે આપણુ સંતાન જ્યારે પરીક્ષા આપવા માટે બેઠું હશે ત્યારે સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આવશે તો? વાલીઓની આ ચિંતાનો જવાબ આપવા માટે તંત્ર સજ્જ છે. બાળકો ચિંતામુક્ત રીતે પરીક્ષા આપી શકે એ માટેનું પ્લાનિંગ ચાલી રહ્યું છે. આજે પ્રિન્સિપલ સેક્રેટરી સંજીવ કુમાર વીડિયો- કોન્ફરન્સમાં બાળકોની સુરક્ષા સહિતના મુદ્દાઓને લઈને તમામ શહેરના પોલીસ કમિશનર, કલેક્ટર, ડીઈઓ અને જિલ્લાના સુપરિન્ટેન્ડેન્ટ સાથે ચર્ચા કરશે. બોર્ડની પરીક્ષા દરમિયાન બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળે ત્યારે પોલીસે શુ કરવું, વિદ્યાર્થીઓમાં ડર ઊભો થાય નહીં એ માટે શું કરવું જેવી અનેક બાબતોને લઈને ઊંડાણપૂર્વક ચર્ચા થશે. વિદ્યાર્થીઓ ગભરાઈ જાય નહિ એ માટેનું આગોતરું આયોજન કરવામાં આવશે. બાળકો શાંતિના વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને તેમના વાલીઓ પણ ચિંતામુક્ત રહે એ રીતનું પ્લાનિંગ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યું છું.

## સ્કૂલ બહાર એમ્બ્યુલન્સ ગોઠવાશે

સ્કૂલમાં ઘણી વખત પરીક્ષા આપતા સમયે વિદ્યાર્થીઓની હાલત ખરાબ થઈ જતી હોય છે, ડિહાઈડ્રેશનના કારણે વિદ્યાર્થી બેભાન પણ થાય છે, આવી સ્થિતિમાં પરીક્ષાનાં સેન્ટરોની બહાર એમ્બ્યુલન્સ તહેનાત કરવામાં આવશે. આ સિવાય ફાયરબ્રિગેડની ટીમો પણ સતત એલર્ટ મોડ પર રહશે.

1. ડર અને ગભરાટ ફેલાવવો: સાયબર અપરાધીઓનું મુખ્ય હથિયાર ડર છે. એક ખોટી ધમકીથી શાળા ખાલી કરાવવી પડે, એરપોર્ટ બંધ થાય, ઓફિસનું કામ અટકી જાય, જનતામાં ભય અને અફરાતફરી ફેલાય.
2. સુરક્ષા વ્યવસ્થાની પરીક્ષા કરવી: આવા ઈ-મેલથી અપરાધીઓ એ બાબતને જાણવાની કોશિશ કરે છે, પોલીસ કેટલી ઝડપથી પહોંચે છે, બિલ્ડિંગ કેવી રીતે ખાલી કરાય છે, કઈ કચેરી પહેલાં પ્રતિક્રિયા આપે છે,પરિણામે, આ માહિતી ભવિષ્યમાં બીજા ગુનાઓ માટે ઉપયોગમાં લઈ શકાય છે. આવી બોમ્બ ધમકીઓ મોટેભાગે શાળાઓ, એરપોર્ટ, હોસ્પિટલ, સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોને જ લક્ષ્ય બનાવે છે. એનું મુખ્ય કારણ એ છે કે આ જગ્યાઓ પર ધમકી આપવાથી સૌથી વધુ અસર થાય છે .આ જગ્યાઓ પર ધમકી મળે તો તરત જ એવેક્યુએશન, તપાસ, બોમ્બ-સ્ક્વોડ, પોલીસ અને ડોગ-સ્ક્વોડ આવે છે. શાળામાં બાળકોને ઘરે મોકલવાં પડે છે, વાલીઓ ચિંતિત થાય છે, શિક્ષણ અટકી જાય છે. એરપોર્ટ પર ફ્લાઈટ્સ ડીલે થાય છે, ડાઈવર્ટ થાય છે કે કેન્સલ થાય છે. સરકારી કચેરીઓમાં કામકાજ બંધ થઈ જાય છે, ટૂંકમાં, બધી પ્રવૃત્તિઓ પાછળનું મુખ્ય હેતુ દેશને નુકસાન પહોંચાડવાનો છે.

## સાયબર અપરાધીઓ આવા ઈ-મેલ કેવી રીતે મોકલે છે?

- સાયબર અપરાધીઓ આવા ધમકીભર્યા ઈ-મેલ મોકલવા માટે અનેક તરકીબો અપનાવે છે. તેઓ સામાન્ય રીતે ગુપ્ત ઈ-મેલ સેવાઓનો ઉપયોગ કરે છે, જેમ કે પ્રોટોનમેલ અથવા ટેમ્પરરી ઈ-મેલ સર્વિસ. આ સેવાઓમાં તેઓ ખોટા નામ અને વિગતો વાપરીને એકાઉન્ટ બનાવે છે, જેથી તેમની ઓળખ છુપાઈ રહે.
- તેઓ વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક અથવા ટોર બ્રાઉઝરનો ઉપયોગ કરીને તેમના આઈપી એડ્રેસને છુપાવે છે. આઈપી એડ્રેસ એ ડિવાઈસ નું ઓનલાઈન સરનામું છે, જે સ્થાન અને ઓળખ વિશે જણાવે છે.

# ખાણ ખનિજના વધુ એક મહિલા અધિકારી પર ડમ્પર ચઢાવાની કોશિશ

ગાંધીનગર | ગાંધીનગરમાં બેફામ બનેલા ખનિજ માફિયાઓએ વધુ એક વખત હત્યાનાં ઈરાદે સરકારી ફરજ પરના અધિકારીઓ પર ડમ્પર ચઢાવી દેવાનો પ્રયાસ કરાયો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. પિપળજ ચેકપોસ્ટ પર સાદી રેતી ભરેલા ડમ્પરને રોકવા ગયેલા ખાણ ખનિજ વિભાગના મહિલા અધિકારી અને સ્ટાફ પર ડમ્પર ચઢાવી જીવલેણ હુમલાનો પ્રયાસ કરાયો છતાં નાટ્યાત્મક રીતે નિર્ભય બની ગેંગનો મુખ્ય સૂત્રધાર પેથાપુર પોલીસ મથકે વાહનો સાથે હાજર થયો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ઘટનાની વિગતો મુજબ ગાંધીનગર મદદનીશ ભૂસ્તર શાસ્ત્રીની કચેરીમાં માઈન્સ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા નવ્યા સુધીશ અને તેમનો સ્ટાફ પિપળજ ચેકપોસ્ટ પર ફરજ પર હતા. તે દરમિયાન નંબર પ્લેટ વગરનું એક શંકાસ્પદ ડમ્પર ત્યાંથી પસાર થતા તેને ટીમ દ્વારા રોકવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ ડમ્પર ચાલકે વાહન ઊભું રાખવાને બદલે પુરઝડપે હંકારી દીધું હતું.

જેના પગલે મહિલા અધિકારી સહિતની ટીમે સરકારી ગાડીમાં ડમ્પરનો પીછો શરૂ કર્યો હતો. જેની જાણ થતા કચેરીએથી મહિલા રોયલ્ટી ઈન્સ્પેક્ટર મેહુલા પણ ટીમ સાથે રવાના થયા હતા. તે દરમ્યાન ક-7 નજીક ડમ્પર ચાલકે ડમ્પરમાંથી આશરે 60 મેટ્રીક ટન રેતી રસ્તા ઉપર હાઈડ્રોલીક ઉંચુ કરી ખાલી કરી ડમ્પરને રાંધેજા તરફ હંકારી મૂક્યું હતું

# પતિએ પોસ્ટથી ટ્રિપલ તલાક આપ્યા : સરખેજ રોજામાં અન્ય યુવતી સાથે લગ્ન પણ કરી લીધા

અમદાવાદ | અમદાવાદ શહેરના જમાલપુર વિસ્તારમાં રહેતી 28 વર્ષીય પરિણીતાએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પતિએ ટ્રિપલ તલાક આપી અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા જેથી ગેરકાયદેસર રીતે ટ્રિપલ તલાક આપી દેતાં અરજી કરી હતી. જે બાદ નિવેદન લઈ ટ્રિપલ તલાક આપ્યા હોવાનું સામે આવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના જમાલપુર વિસ્તારમાં રહેતી 28 વર્ષીય યુવતીના લગ્ન વર્ષ 2013માં જમાલપુર વિસ્તારમાં જ રહેતા યુવક સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન એક બાળકીનો જન્મ થયો હતો.

સંયુક્ત કુટુંબમાં સાથે રહેતા હતા. લગ્નજીવન બાદ ધીમે ધીમે ઘરમાં ઝઘડા શરૂ થઈ ગયા હતા. પરિણીતા સાથે સાસુ અને નણંદ બોલાચાલી કરતા હતા. અવારનવાર મેણા ટોણા મારતા હતા. પરિણીતા તેના માતા પિતા સાથે ફોન ઉપર વાત કરતી ત્યારે મોબાઈલ પણ ઝૂંટવી લેતા હતા. પરિણીતા જ્યારે ગર્ભવતી હતી ત્યારે તેની દવા કરાવતા નહોતા અને ત્યારે જ તેને પિયર પણ મોકલી દીધી હતી.

બાળકીનો જન્મ થયા બાદ પણ પરિવારજનો જોવા માટે આવ્યા નહોતા. સાસરીમાં પરત લઈ જતા નહોતા. વર્ષ 2021માં સમાધાન કરી સાસરીમાં રહેવા ગઈ હતી ત્યારબાદ પણ બોલાચાલી કરી હતી અને તેના પતિએ કહ્યું હતું કે હું તેની સાથે રહેવા માંગતો નથી. વર્ષ 2025માં પતિએ પોસ્ટથી તીન તલાક આપ્યા હતા. જોકે મહિલાને તલાક આપવા નહોતા તેથી તેણે સ્વીકાર્યા નહોતા. જે બાદ સમજાવવા માટે મોકલ્યા ત્યારે પતિએ કહ્યું હતું કે મેં તલાક આપી દીધા છે જેથી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ માટે અરજી આપી હતી જે બાબતે નિવેદન લખાવવા બોલાવતા તેમણે તલાક આપી દીધા હતા એવું કહ્યું હતું.

જાન્યુઆરી 2026માં સરખેજ રોજા ખાતે એક યુવતી સાથે પતિએ લગ્ન પણ કરી લીધા હોવાનું સામે આવ્યું હતું. જેથી આ મામલે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં પરિણીતાએ પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ગોદરેજ ગાર્ડન સિટીમાં હજારો લીટર પીવાના પાણીનો વેડફાટ
## પાઈપલાઈન તૂટ્યાનાં બે દિવસ બાદ પણ AMC ઊંઘમાં

અમદાવાદ | શહેરના જેવી જ અલગ ઓળખ ધરાવતા ગોદરેજ ગાર્ડન સિટી વિસ્તારમાં લાખો રૂપિયાના ફ્લેટ લોકો રહે છે, પરંતુ પ્રાથમિક સુવિધાના નામે ખૂબ મોટો અભાવો જોવા મળ્યો છે. ગોદરેજ ગાર્ડન સિટીમાં તાજેતરમાં જ બે દિવસ પહેલા ભાજપના કોર્પોરેટરો દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવેલા શ્રીરામ ચોક પાસે પાણીની લાઈન તૂટી ગઈ છે, જેના કારણે લાખો લીટર પાણી દરરોજ સવારે વહી રહ્યું છે. શ્રીરામ ચોક પાસે પાણીની પાઈપલાઈન તૂટી ગઈ છે, જેના કારણે દરરોજ સવારે પાણી આવતાની સાથે જ રોડ ઉપર પાણી વહી રહ્યું છે. મોર્નિંગ વોક માટે નીકળેલા લોકોને પણ પાણીમાંથી પસાર થવું પડે છે. ગોદરેજ ગાર્ડન સિટીમાં પાણીની લાઈન તૂટી ગઈ છે, પરંતુ



મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનના અને ચાંદલોડિયા વોર્ડના ઈજનેર વિભાગના અધિકારીઓ ઊંઘતા ઝડપાયા છે. ચાંદલોડિયા વોર્ડમાં આવતા ગોદરેજ ગાર્ડન સિટી વિસ્તારમાં શિવરાત્રીના દિવસે શ્રીરામ ચોકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ જગ્યા પર જ છેલ્લા બે દિવસથી પાણીની પાઈપલાઈન તૂટી ગઈ છે. સવારે છ વાગ્યે પાણી આવતાની સાથે જ રોડ ઉપર પાણી વહી રહ્યું છે જેના કારણે થઈને લાખો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે રોડ ઉપર પાણી વહેતું હોવાના કારણે ગંદકી થાય છે. ગોદરેજ ગાર્ડન સિટીમાં દરરોજ અનેક લોકો મોર્નિંગ માટે નીકળતા હોય છે ત્યારે લોકોને પણ પાણીમાંથી પસાર થવું પડે છે. બે કલાકમાં લાખો લીટર શુદ્ધ પાણી રોડ ઉપર વહી જાય છે. પશ્ચિમ વિસ્તારમાં ખૂબ સારી સ્કીમો ગોદરેજ ગાર્ડન વિસ્તારમાં આવેલી છે, ત્યારે આ વિસ્તારમાં પ્રાથમિક સમસ્યાનો અભાવ જોવા મળી રહ્યો છે. પાણીની લાઈન બે દિવસથી તૂટી છે, છતાં પણ ઉત્તર પશ્ચિમ ઝોન અને ચાંદલોડિયા વોર્ડના ઈજનેર વિભાગના અધિકારીઓને આ બાબતે હજી સુધી ધ્યાન આવ્યું નથી.

# સુરક્ષા, સતર્કતા-સેવાનો સંગમ અમદાવાદ મંડળના RPFનું પ્રશંસનીય પ્રદર્શન

અમદાવાદ : અમદાવાદ મંડળના રેલવે સુરક્ષા બળ (આરપીએફ) ના જવાનો મુસાફરોના જીવન, સન્માન અને સંપત્તિની સુરક્ષા માટે સતત સતર્ક અને પ્રતિબદ્ધ છે. રેલવે સુરક્ષા બળ (આરપીએફ) દ્વારા જાન્યુઆરી 2026 દરમિયાન મુસાફરોની સુરક્ષા, અપરાધ નિયંત્રણ તથા જનજાગૃતિ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરતાં અનેક મહત્વપૂર્ણ ઉપલબ્ધિઓ હાંસલ કરવામાં આવી છે. મંડળમાં સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવાના હેતુ થી વિવિધ અભિયાનો હેઠળ નીચે મુજબ કામગીરી હાથ ધરવામાં આવી: 1.રેલવે અધિનિયમ હેઠળ કાર્યવાહી: વિવિધ કલમો હેઠળ 2143 કેસ નોંધાયા તથા 1,70,700/- નો દંડ વસૂલવામાં આવ્યો.2.ઓપરેશન રેલ સુરક્ષા: આરપી(યુપી) અધિનિયમ હેઠળ 05 કેસ નોંધાયા. તમામ કેસોમાં તપાસ પૂર્ણ કરીને 17 બહારના વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી. 3.ઓપરેશન મુસાફર સુરક્ષા: મુસાફરોના સામાન ચોરીના 03 આરોપીઓને પકડીને જીઆરપી ને સોંપવામાં આવ્યા. ઉપરાંત બીએનએસ ની વિવિધ કલમો હેઠળ 11 આરોપીઓને ધરપકડ કરીને જીઆરપી ને સોંપવામાં આવ્યા.4.સીસીટીવી દ્વારા ઓળખ: સીસીટીવી દ્વારા નજર રાખીને મુસાફરોના સામાન ચોરીના 02 કેસ સફળતાપૂર્વક ઉકેલવામાં આવ્યા. 5.ઓપરેશન નન્હે ફરિશ્તે: 12 નિરાધાર બાળકો તથા 04 પુરુષ/મહિલાઓને સુરક્ષિત બચાવી ચાઈલ્ડલાઈનને /વાલીઓને તથા પોલીસને સોંપવામાં આવ્યા. 6. ઓપરેશન અમાનત: 41 લાવારિસ/ગુમ થયેલ સામાન (કિંમત 14,55,320/-) શોધી તેમના હકદાર માલિકોને પરત આપવામાં આવ્યા. 7.ઓપરેશન સમય પાલન: ટ્રેનોના સમય પાલન સુધારવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યા, જેના પરિણામે રેલવે અધિનિયમ કલમ 141 હેઠળ 181 કેસ નોંધાયા તથા 166 કેસોમાં કાર્યવાહી કરવામાં




આવી.8.ઓપરેશન સતર્ક: 31,34,995/- કિંમતની ગેરકાયદેસર દારૂ સંબંધિત 17 કેસ ઝડપાયા. 11 વ્યક્તિઓની ધરપકડ કરીને આગળની કાનૂની કાર્યવાહી માટે જીઆરપી ને સોંપવામાં આવ્યા.8.જનજાગૃતિ અભિયાન: પથ્થરમારો, નશાખોરી, મહિલા સુરક્ષા, માનવ તસ્કરી જેવા વિષયો પર જાગૃતિ કાર્યક્રમો યોજાયા. બેનર, પીએ સિસ્ટમ દ્વારા જાહેરાતો, ગામના સરપંચો/મુખિયાઓ સાથે બેઠકો તથા અમદાવાદ સ્ટેશન પર RDN દ્વારા જાગૃતિ વિડિયો પ્રદર્શિત કરવામાં આવ્યા.9. ટ્રેન એસ્કોર્ટિંગ: દરરોજ સરેરાશ 15 મહત્વપૂર્ણ રાત્રિકાલીન ટ્રેનોમાં એસ્કોર્ટિંગ કરવામાં આવી. મહિલા મુસાફરોની સુરક્ષા માટે દરરોજ સરેરાશ 03 મિશ્ર (મહિલા અને પુરુષ સ્ટાફ) એસ્કોર્ટ પાર્ટીઓ તૈનાત રાખવામાં આવી.10. લેવલ ક્રોસિંગ (એલસી) ગેટ કેસ: એલસી ગેટ નુકસાનના 09 કેસ નોંધાયા, જેમાં તમામ કેસ ઉકેલી 09 આરોપીઓને ધરપકડ કરવામાં આવી.

યૂનિયન बैंक ऑफ इंडिया भारत सरकार का उपक्रम | Union Bank of India A Government of India Undertaking
MADRAS-SOWCARPET BRANCH
નં. 16, એકામ્બરેશ્વર અગ્રહારમ સ્ટ્રીટ, સૌકારપેટ, PO: પાર્ક ટાઉન, ચેન્નાઈ-600003. સંપર્ક નંબર: 9137633240, ઈ-મેલ ID: ubin0533246@unionbankofindia.bank.in

**SARFAESI એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ માંગણી નોટિસ**

પ્રતિ,
1. **મેસર્સ કોસ્ટલ પ્લાસ્ટોકેમ પ્રાઈવેટ લિમિટેડ, રજિસ્ટર્ડ ઓફિસ:** સૂટ નં. 8, બીજો માળ, ડો. રાજીવી ટાવર્સ, 231, પુરસાવાલ્કમ હાઈ રોડ, ચેન્નાઈ-600007.
2. **શ્રી રાજેન્દ્ર કુમાર લુણિયા, (જામીનદાર)** નં. 3, ડોર નં. 151, ABC સુવિધા એપાર્ટમેન્ટ્સ, બારાચા રોડ, ચેન્નાઈ-600010. **અન્ય સરનામું:** નં. 1504, I બ્લોક, KLP અભિનંદન એપાર્ટમેન્ટ, પટ્ટાલમ, પેરામ્બુર બેરેક્સ, ચેન્નાઈ, તમિલનાડુ-600012.
3. **શ્રી જે. તિરુનાવુક્કારાસુ (ડાયરેક્ટર અને જામીનદાર),** નં. 1-77A, પુલીચક્કાડી, 38 નેઈકુપ્પાઈ, સેમ્મનકુડી પોસ્ટ, કોડવાસલ તાલુકો, તિરુવારુર જિલ્લો, તમિલનાડુ: 612603. **અન્ય સરનામું:** શોપ નં. 8, જૂનો નં. 231, બીજો માળ, ડો. રાજીવી ટાવર્સ, પુરસાવાલ્કમ-600007.
4. **શ્રી શાંતિલાલ પુખરાજ જૈન (ડાયરેક્ટર અને જામીનદાર),** A/15 ભગવાનનગર સોસાયટી, ગોવિંદવાડી પાસે, ઈસનપુર, અમદાવાદ શહેર, અમદાવાદ, ગુજરાત-382443. અન્ય સરનામું: અમરજ્યોત જેમ્સ એન્ડ જ્વેલરી પ્રાઈવેટ લિમિટેડ, 26 સેલર, વાણિજ્ય ભવન, દીવાન બલ્લુભાઈ સ્કૂલ પાસે, ગુજરાત-380022.
5. **શ્રી રતન એન. બી. (ડાયરેક્ટર અને જામીનદાર),** નં. 41/2 શંકરાભક્તન સ્ટ્રીટ, ઓટેરી પેરામ્બુર બેરેક્સ, ચેન્નાઈ-600012.
6. **શ્રીમતી ખુશ્બુ લુણિયા (જામીનદાર),** 151-3 વોર્ડ નં. 60, બારાક્કા સાલાઈ, સેક્રેટરિએટ કોલોની, ચેન્નાઈ-600010. **અન્ય સરનામું:** નં. 3, ABC સુવિધા એપાર્ટમેન્ટ, કેલીઝ બારાચા રોડ, ચેન્નાઈ-600010.
7. **શ્રીમતી નિધિ લુણિયા (જામીનદાર),** B-122 સનીવેલ એપાર્ટમેન્ટ્સ, 351 કોન્નુર હાઈ રોડ, અયનવરમ, ચેન્નાઈ-600023.
8. **શ્રી મહેન્દ્ર કુમાર છાજેર (જામીનદાર),** 49/85/86/1 રવીન્દ્ર સરણી, રિશરા M, રિશરા, હુગલી, પશ્ચિમ બંગાળ-712248. **અન્ય સરનામું:** નં. 3, ABC સુવિધા એપાર્ટમેન્ટ્સ, 89/151 સેક્રેટરિએટ કોલોની, કેલીઝ, ચેન્નાઈ-600010.
9. **શ્રી વાય. રાજશેખર રેડ્ડી, (શ્રી જે. તિરુનાવુક્કારાસુના જનરલ પાવર ઓફ એટર્ની ધારક),** નં. 10/1, ચોથી સ્ટ્રીટ, રાઘવ સ્ટ્રીટ, રેડ્ડી કોલોની, અશોક નગર, ચેન્નાઈ-600083. **અન્ય સરનામું:** નવો નં. 10, જૂનો નં. 5/58-4, પ્રથમ માળ, SIDCO મેઈન, KKD નગર, કુડુંગયુર, ચેન્નાઈ-600118.

**મહાશય/મહોદયા,**
**સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ની કલમ 13 (2) સાથે વંચાતી કલમ 13 (3) હેઠળની નોટિસ.**
તમે અહીંના સંબોધિત વ્યક્તિઓએ અમારી **મદ્રાસ સૌકારપેટ શાખા**માંથી નીચે મુજબની ક્રેડિટ સુવિધાઓ મેળવી છે અને બાકી રકમ/હપ્તા/વ્યાજ ચૂકવવામાં અથવા ખાતાનું સંચાલન સંતોષકારક રીતે કરવામાં નિષ્ફળ રહ્યા છો. તેથી, આવક માન્યતા અને પ્રોડન્શિયલ એકાઉન્ટિંગ નોર્મ્સ (IRAC) અંગેની RBI ની માર્ગદર્શિકા મુજબ, તમારા ખાતા/ખાતાઓને તારીખ **31/01/2026**ના રોજ 'નૉન-પર્ફોર્મિંગ એસેટ' (NPA) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
તારીખ **31/01/2026** સુધીમાં, તમારા ખાતા/ખાતાઓમાં કુલ રૂ. **84,20,276.38 (રૂપિયા ચોર્યાસી લાખ વીસ હજાર બસો છોતેર અને પૈસા આડત્રીસ પૂરા)**ની રકમ બાકી નીકળે છે.
ઉપરોક્ત ખાતા/ખાતાઓ સંબંધિત બેંકને લેણી નીકળતી રકમની વિગતો નીચે મુજબ છે:

| સુવિધાનો પ્રકાર | NPA તારીખ 31.01.2026 મુજબ બાકી રકમ | 31.01.2026 સુધીનું વણલાગેલ વ્યાજ | દંડનીય વ્યાજ (સાદું) | બેંક દ્વારા કરવામાં આવેલ ખર્ચ/ચાર્જ | 31.01.2026 મુજબ કુલ લેણી રકમ |
|---|---|---|---|---|---|
| (332405040000294) | 83,07,973.38 | 1,12,303.00 | 0.00 | 0.00 | 84,20,276.38 |
| 31.01.2026 મુજબ કુલ લેણી રકમ રૂ. 84,20,276.38 અને તેના પરનું વ્યાજ છે. | | | | | |

**મિલકતના માલિક:**
**1. રાજેન્દ્ર કુમાર લુણિયા, પિતા: જોગરાજ લુણિયા**
**2. જે. તિરુનાવુક્કારાસુ, પિતા: કે. જયપ્રકાશ**
બેંકને ચૂકવવાપાત્ર નાણાં અથવા ભવિષ્યમાં બાકી નીકળતી રકમની ચુકવણી સુરક્ષિત કરવા માટે, જે. તિરુનાવુક્કારાસુ એ તારીખ **05/06/2009**ના રોજ અને **રાજેન્દ્ર કુમાર લુણિયા એ તારીખ 13/02/2013**ના રોજ દસ્તાવેજો નિષ્પાદિત કર્યા હતા અને નીચે મુજબની સ્થાવર મિલકતો ગીરવે મૂકીને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (તારણ) ઊભું કર્યું હતું:
**નીચે વર્ણવેલ સ્થાવર મિલકતનું મોર્ગેજ: મિલકત-1 ના માલિક શ્રી રાજેન્દ્ર કુમાર લુણિયા, પિતા: જોગરાજ લુણિયા: શિડ્યુલ:** સર્વે નં. 274/2B અને 274/2Cમાં સમાવિષ્ટ જમીનનો તમામ હિસ્સો અને પાર્સલ, પ્લોટ નં. 257, નં. 24, ગુડાપાક્કમ ગામ, શ્રીપેરંબુદુર તાલુકો, તિરુવલ્લુર જિલ્લો (અગાઉનો ચેંગાઈ MGR જિલ્લો), જે 'આઈડીયલ હોમ કોલોની' તરીકે ઓળખાય છે અને DTCP, તિરુવલ્લુર જિલ્લા દ્વારા તેમના સંદર્ભ નં. 981/91 તારીખ 06.09.1991 થી મંજૂર થયેલ છે, જેનું ક્ષેત્રફળ 4170 ચોરસ ફૂટ છે. જેની સીમાઓ: ઉત્તરે: પ્લોટ નં. 253, દક્ષિણે: 60 ફૂટનો રોડ, પૂર્વે: સર્વે નં. 256 (તળાવ), પશ્ચિમે: પ્લોટ નં. 255 અને 256, જે અવાડી સબ-રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને ચેન્નાઈ-સાઉથ રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટમાં આવેલ છે.
**મિલકત-2 ના માલિક શ્રી જે. તિરુનાવુક્કારાસુ, પિતા: કે. જયપ્રકાશ: શિડ્યુલ-A:** નં. 92, નૂમ્બલ મથુરા, પલ્લીકુપ્પમ ગામ, સાઈદાપેટ તાલુકા ખાતે આવેલી જમીન અને મકાનનો તમામ હિસ્સો અને પાર્સલ, જે સર્વે નં. $111/2$ ભાગ (પ્રાઈવેટ સર્વે બ્લોક-3, પ્રાઈવેટ સર્વે નં. 77/C-1, 77/C-2) માં સમાવિષ્ટ છે, જેનું ક્ષેત્રફળ આશરે 2400 ચોરસ ફૂટ છે. જેની સીમાઓ: ઉત્તરે: જાહેર રસ્તો, દક્ષિણે: શ્રી વાય. રાજશેખર રેડ્ડીની માલિકીની ખાલી જમીન, પૂર્વે: શ્રી દુરઈ રાજ અને શ્રી જી.કે. રાજનો પ્લોટ, પશ્ચિમે: શ્રીમતી વૈજયંતી અને શ્રીમતી ઈ. જયશ્રીનો પ્લોટ, જે સાઉથ મદ્રાસ રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને કુંદ્રાથુર સબ-રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ હેઠળ આવેલ છે. **શિડ્યુલ-B:** નં. 92, નૂમ્બલ મથુરા, પલ્લીકુપ્પમ ગામ, સાઈદાપેટ તાલુકા ખાતે આવેલી જમીન અને મકાનનો તમામ હિસ્સો અને પાર્સલ, જે સર્વે નં. 111/2 ભાગ (પ્રાઈવેટ સર્વે બ્લોક-3, પ્રાઈવેટ સર્વે નં. 77/C-1, 77/C-2) માં સમાવિષ્ટ છે, જેનું ક્ષેત્રફળ આશરે 2400 ચોરસ ફૂટ છે. જેની સીમાઓ: ઉત્તરે: શ્રી વાય. રાજશેખર રેડ્ડીની માલિકીની ખાલી જમીન, દક્ષિણે: જાહેર રસ્તો, પૂર્વે: શ્રી દુરઈ રાજ અને શ્રી જી.કે. રાજનો પ્લોટ, પશ્ચિમે: શ્રીમતી વૈજયંતી અને શ્રીમતી ઈ. જયશ્રીનો પ્લોટ, જે સાઉથ મદ્રાસ રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને કુંદ્રાથુર સબ-રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ હેઠળ આવેલ છે.
આથી તમને સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ની કલમ 13(2) હેઠળ સૂચના આપવામાં આવે છે કે, **રૂ. 84,20,276.38 (રૂપિયા ચોર્યાસી લાખ વીસ હજાર બસો છોતેર અને પૈસા આડત્રીસ પૂરા)** સાથે તમારા દ્વારા નિષ્પાદિત લોન દસ્તાવેજોની શરતો મુજબના કરારબદ્ધ દરે આગળનું વ્યાજ અને ચાર્જની રકમ આ નોટિસ મળ્યાના 60 દિવસની અંદર ચૂકવી તમારી જવાબદારીઓ પૂર્ણ કરો. જો તમે તેમ કરવામાં નિષ્ફળ જશો, તો અમે ઉક્ત કાયદા હેઠળ મળેલા કોઈપણ અથવા તમામ અધિકારોનો ઉપયોગ કરીને ઉપરોક્ત જામીનગીરીઓ (સીક્યુરિટીઝ) જપ્ત કરવા માટે બંધાયેલા રહીશું.
કાયદાની કલમ 13 (13) મુજબ, આ નોટિસ મળ્યા પછી તમને બેંકની સંમતિ વિના ઉપરોક્ત જામીનગીરીઓનો નિકાલ કરવા અથવા તેની સાથે વ્યવહાર કરવા પર પ્રતિબંધ છે.
ગીરો રાખેલી અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં તમારું ધ્યાન SARFAESI ની કલમ 13 ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.
**તારીખ: 10.02.2026, સ્થળ: ચેન્નાઈ** **અધિકૃત અધિકારી, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા**

# News Brief

## અમદાવાદના ગાંધી બ્રિજ નીચે ડબલ ડેકર બસ ફસાઈ : માંડ નીકળી...



અમદાવાદ | અમદાવાદ શહેરમાં દિન પ્રતિદિન એક તરફ ટ્રાફિકની સમસ્યા વધી રહી છે તો બીજી તરફ સમસ્યા દૂર કરવાની જગ્યાએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ બુદ્ધિનું પ્રદર્શન કરી રહ્યા હોય એવી સ્થિતિ જોવા મળી છે. સાબરમતી રિવરફ્રન્ટ પશ્ચિમ તરફના રોડ પર ડબલ ડેકર AMTS બસ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં આજે 18 ફેબ્રુઆરીએ રિવરફ્રન્ટ ગાંધી બ્રિજ નીચે ડબલ ડેકર બસ ફસાઈ ગઈ હતી, ડ્રાઈવરના ઘણા પ્રયત્નો બાદ માંડ માંડ નીકળી હતી. બ્રિજના ભાગને અડવામાં માત્ર એક ફૂટની જગ્યા રહી જાય તેવી સ્થિતિ જોવા મળી હતી. ડબલ ડેકર બસની ઊંચાઈ વધુ છે અને રિવરફ્રન્ટ રોડની ઉપર ચાર જેટલા બ્રિજ આવેલા છે. જે બ્રિજના ભાગને અડી જાય તેવી સ્થિતિમાં છે ત્યારે આ બસના રૂટને તપાસવામાં આવી રહ્યા છે અને બે બસ શરૂ પણ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ સંચાલિત બસો શહેરમાં દોડી રહી છે. શહેરના ટુરીઝમ સ્થળો અને ફરવા લાયક સ્થળો પર લોકો જવાબ વધુ પ્રેરાય તેના માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા સાબરમતી રિવરફ્રન્ટમાં ડબલ ડેકર બસ શરૂ કરવા માટે અધિકારીઓને સૂચના આપી હતી. જેના પગલે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા ડબલ ડેકર એસી બસ સાબરમતી રિવરફ્રન્ટમાં શરૂ કરવામાં આવી છે.

## બે કિલોમીટર સુધી ધુમાડા દેખાયા, પીપળજની કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ

અમદાવાદ | અમદાવાદના પીપળજ ગામ નજીક આવેલી હર્ષ એન્ટરપ્રાઈઝ નામની કેમિકલ અને ઓઈલ ફેક્ટરીમાં અગમ્યકારણસર ભીષણ આગ ફાટી નીકળતા આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગના કારણે બે કિલોમીટર સુધી ધુમાડો જોવા મળ્યો હતો. અલગ અલગ ફાયર સ્ટેશનથી ૩૦ વાહન સાથે ૧૦૦થી વધુ ફાયરના જવાનોએ અને અધિકારીઓ પાણી અને ફોમનો મારો ચલાવીને અઢી કલાકના અંતે આગ કાબૂમા લીધી હતી. આગ લાગવાનુ કારણ જાણી શકાયુ નથી.યુનિટ આગમા બળીને ખાખ થઈ ગયુ હતુ. સદનસીબે કોઈ ઈજા કે જાનહાની થવા પામી નથી.

ફાયર કંટ્રોલસૂત્રોમાંથી મળતી માહિતી મુજબ,પીપળજમા આવેલી કેમિકલ ફેકટરીમાં આગ લાગી હોવાનો કોલ મંગળવારે સાંજે સવા છ કલાકના સુમારે મળ્યા પછી શરૂઆતમાં ફાયરના સાત વાહન અને સ્ટાફ ઘટના સ્થળે દોડાવવામા આવ્યો હતો. સ્થળ ઉપર ગંભીર સ્થિતિને જોઈ બ્રિગેડ કોલ જાહેર કરી તમામ ફાયર સ્ટેશન ઉપરથી ફાયર ફાઈટર, વોટર ટેન્કર, વોટર બાઉઝર સાથે ફાયરના જવાનો અને અધિકારીઓને આગ હોલવવાની કામગીરીમાંજોડવામા આવ્યા હતા.આગ હોલવાની કામગીરીમા જોડાયેલા એડીશનલ ચીફ ફાયર ઓફિસર જયેશ ખડીયાએ કહ્યુ, ઓઈલ અને સોલવન્ટ મિક્સ કરવાની પ્રક્રીયા ચાલી રહી હતી. એ સમયે અંદાજે ૧૫૦ જેટલા પીપડા યુનિટમાં પડેલા હોવાથી આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી.જો કે પાણીનો સતત મારો ચલાવવાની સાથે ફોમનો ઉપયોગ કરાતા આગને ઝડપથી કાબૂમાં લઈ શકાઈ હતી.

## નશામાં ધૂત કાર ચાલકે ગાય અને સ્કોપયોને પણ ટક્કર મારી

અમદાવાદ | વટવા ગામમાં નશામાં ધૂત કાર ચાલકે રસ્તામાં ઉભેલી ગાયને તથા રોડની સાઈડમાં પાર્ક કરેલી સ્કોપયો કારને ટક્કર મારી હતી. અકસ્માત થતા આસપાસના લોકોએ કાર ચાલકને કારમાંથી બહાર કાઢીને મેથીપાક ચખાડીને પોલીસના હવાલે કર્યો હતો. કારમાંથી દારુની ખાલી બોટલ પણ મળી આવી હતી. જો કે ગાયને તનો માલિક લઈને જતો રહ્યો હતો પોલીસે વાયરલ વિડિયો આધારે વધુ તપાસ હાથ ધરી છે.

અકસ્માતનો વિડિયો વાયરલ થતાં પોલીસ દોડતી થઈ જો કે ગાયને માલિક લઈ ગયો : કાર ચાલકની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી

વટવા ગામમાં રહેતા યુવકે ટ્રાફિક જે ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નારોલમાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાવી છે કે આજે સવારે વટવા ઠાકોરવાસ ગેટ પાસે દારુના નશામાં ધૂત આરોપી કાર પૂરઝડપે લઈને જતો હતો. આ સમયે રસ્તામાં ઉભેલી ગાયને કાર ચાલકે ટક્કર મારી હતી. જો કે ગાય તરફડિયા મારતી ગાયને માલિક લઈને જતો રહ્યો હતો. બીજીતરફ કારચાલકે રોડની સાઈડમાં પાર્ક કરેલ સ્કોપયો કારને ટક્કર મારતા કાર ઉભી રહી ગઈ હતી. આસપાસના લોકોએ કાર ચાલકને પકડીને બહાર કાઢતાં તે નશાની હાલતમાં હતો કારમાંથી દરુની ખાલી બોટલ પણ મળી આવતા લોકોએ કાર ચાલકને મેથીપાક ચખાડીને પોલીસના હવાલે કર્યો હતો.

# ૮૦લાખની વસ્તી ધરાવતા અમદાવાદમાં મેલેરિયા-ડેન્ગ્યૂના માત્ર છ જ કેસ બોલો

અમદાવાદ | અમદાવાદની ૮૦ લાખથી વધુ વસ્તી છે.આમ છતાં મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગના ચોપડે મેલેરિયા અને ડેન્ગ્યૂના મળી ૧૫ દિવસમાં માત્ર છ કેસ બતાવાઈ રહયા છે. મ્યુનિસિપલ કમિશનરની વારંવાર ટકોર છતાં પણ શહેરના રોગચાલાના સાચા આંકડા આરોગ્ય અધિકારી દ્વારા છુપાવાઈ રહયા છે. ફેબુઆરી મહિનામાં ઝાડા ઉલટીના ૧૪૧, ટાઈફોઈડના ૬૫ અને કમળાના ૨૬ કેસ નોંધાયા હોવાનુ કોર્પોરેશનના ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર કહે છે.૧૫ દિવસમાં પાણીના ૧૧ સેમ્પલ અનફીટ જાહેર કરાયા છે. બે સેમ્પલનો કલોરીન રીપોર્ટ નીલ આવ્યો છે. કોર્પોરેશને જાહેર કરેલા ૨૬ હોટ સ્પોટમાંથી હાલમાં પણ વિવિધ રોગના દર્દી નોંધાઈ રહયા છે. આમ છતાં આરોગ્ય અધિકારી હેલ્થ વિભાગની કામગીરી સારી બતાવવા સાચા આંકડા છુપાવતા હોવાની મ્યુનિ.વર્તુળોમાં ચર્ચા સાંભળવા મળી રહી છે.



કમિશનરની વારંવાર ટકોર છતાં રોગચાળાના સાચા આંકડા છુપાવતા આરોગ્ય અધિકારી

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ગોત્રી ઈએસઆઈ હોસ્પિટલ પાસે આગની ઘટના, વાસણા ફાયર બ્રિગેડ દ્વારા બાળકનું બચાવ કાર્ય

# વડોદરા ગોત્રી મકાનમાં આગ, રેસ્ક્યુની દિલધડક ઘટના

(એજન્સી) વડોદરા । તા. 18

સંસ્કારી નગરીના ગોત્રી વિસ્તારમાં આજે મોડી સાંજે એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જેમાં બે માળના મકાનમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. આ દુર્ઘટનામાં એક માસૂમ બાળક ઉપરના માળે ફસાઈ જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, સમયસૂચકતા વાપરીને સ્થાનિક વહીવટી તંત્ર અને બચાવ ટુકડીએ બાળકને હેમખેમ બહાર કાઢી લેતા મોટી જાનહાનિ ટળી છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચિંતા અને ભયનું વાતાવરણ ઉભું કર્યું હતું.





### આગનું વિકરાળ સ્વરૂપ અને કારણો

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોત્રી ઈએસઆઈ હોસ્પિટલ રોડ પર આવેલા સુપ્રસિદ્ધ ઐયપ્પા મંદિર પાસેના એક બે માળના મકાનમાં કોઈ અજ્ઞાત કારણોસર આગ ફાટી નીકળી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મકાનના પહેલા માળે ફટાકડાનો જથ્થો અને જ્વલનશીલ કેમિકલ રાખવામાં આવ્યું હોવાથી આગે પળવારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. કેમિકલના કારણે ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઉડતા દેખાયા હતા, જેના કારણે આસપાસના રહીશોમાં નાસભાગ મચી ગઈ હતી.

### બચાવ કામગીરી અને શૌર્યની ગાથા

આગની જાણ થતા જ વાસણા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. જ્યારે ફાયર ફાઈટરો ત્યાં પહોંચ્યા ત્યારે ખબર પડી કે એક નાનું બાળક ઉપરના માળે આગની જ્વાળાઓ વચ્ચે ફસાયેલું છે. જીવના જોખમે ફાયર બ્રિગેડના જવાનોએ મકાનમાં પ્રવેશ કરી બાળકનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. બાળકના સુરક્ષિત બચાવ બાદ પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો. આ બચાવ કામગીરીને સ્થાનિક લોકોએ બિરદાવી હતી.

આ ભીષણ આગમાં મકાનનો પહેલો માળ લગભગ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો છે. ઘરવખરી અને અન્ય કિંમતી સામાન રાખ થઈ જવાથી પરિવારને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા લાગે છે કે શોર્ટ સર્કિટ અથવા કેમિકલના રિએક્શનથી આગ લાગી હોઈ શકે છે. મીડિયા અહેવાલ મુજબ, સ્થાનિક પોલીસે આ મામલે ગુનો નોંધી આગ લાગવાના ચોક્કસ કારણો જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે. રહેણાંક વિસ્તારમાં ફટાકડા અને કેમિકલનો સંગ્રહ કેટલો જોખમી હોઈ શકે છે, તે આ ઘટના પરથી સાબિત થાય છે.

## વડોદરા બ્રાઈટ સ્કૂલ બોમ્બ ધમકી સમાચારમાં ચોંકાવનારો ખુલાસો




વડોદરા | સંસ્કારી નગરી વડોદરામાં ગતરોજ ૨૨ જેટલી શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની મળેલી સામૂહિક ધમકીએ સમગ્ર પોલીસ તંત્ર અને વાલીઓમાં ફફડાટ ફેલાવી દીધો હતો. જોકે, કારેલીબાગ વિસ્તારની પ્રતિષ્ઠિત બ્રાઈટ સ્કૂલને મળેલી ધમકીના મામલે સાયબર સેલે ગણતરીના કલાકોમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાખ્યું છે. આ ગંભીર ગુના પાછળ કોઈ આતંકી સંગઠન નહીં, પરંતુ તે જ શાળાના પ્રાયમરી વિભાગમાં ભણતા માત્ર ૧૧ વર્ષના એક માસૂમ વિદ્યાર્થીની કરતૂત હોવાનું બહાર આવતા સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા છે. ગઈકાલે સાંજે ૫:૩૦ કલાકે જ્યારે અન્ય શાળાઓ બાદ બ્રાઈટ સ્કૂલને ધમકીભર્યો ઈમેઈલ મળ્યો, ત્યારે હરણી પોલીસ અને સાયબર સેલની ટીમો તુરંત હરકતમાં આવી હતી. સાયબર સેલના એસીપી મયૂરસિંહ રાજપૂતના માર્ગદર્શન હેઠળ ઈમેઈલના આઈપી એડ્રેસ અને ટેકનિકલ પાસાઓની ઊંડી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ મેલ વિદેશથી નહીં પણ વડોદરાના જ એક રહેણાંક વિસ્તારમાંથી મોકલવામાં આવ્યો હતો.

## રાજકોટ દારૂ ભરેલી કાર અકસ્માત કેસમાં પરિવાર ઘાયલ થયો, ફાળદંગ ગામ નજીક ઈકો કાર અકસ્માત

(એજન્સી) રાજકોટ । તા. 18

શહેર નજીક આવેલા ફાળદંગ ગામ પાસે આજે વહેલી સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. દારૂનો મોટો જથ્થો ભરીને પુરપાટ ઝડપે જઈ રહેલી એક સ્વિફ્ટ કારે નિર્દોષ પરિવારની ઈકો કારને જોરદાર ટક્કર મારી હતી. આ દુર્ઘટનામાં એક જ પરિવારના ત્રણ સભ્યોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જ્યા બાદ બુટલેગર પોતાની કાર મૂકીને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસ કરતા કારમાંથી લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.

કુવાડવા ગામની શિવધારા રેસિડેન્સીમાં રહેતા અને પેપર કપ-ડીશનો વ્યવસાય કરતા સુરેશભાઈ જાદવ પોતાની પત્ની રમીલાબેન અને પુત્રી ક્રિષ્ના સાથે સાવરકુંડલાથી પરત ફરી રહ્યા હતા. આ સમયે ફાળદંગ ગામ પાસે રોંગ સાઈડમાંથી ધસી આવેલી દારૂ ભરેલી સ્વિફ્ટ કારે તેમની ઈકો કારને હડફેટે લીધી હતી. આ જોરદાર ટક્કરમાં સુરેશભાઈ અને તેમની પુત્રીને પ્રાથમિક સારવાર બાદ રજા અપાઈ હતી, પરંતુ પત્ની રમીલાબેનને ડાબા પગના પંજામાં ગંભીર ફ્રેક્ચર થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અકસ્માત એટલો જોરદાર હતો કે સ્વિફ્ટ કારમાં રાખેલી દારૂની કેટલીક બોટલો રસ્તા પર પડીને તૂટી ગઈ હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસે સ્વિફ્ટ કારની તલાશી લેતા તેમાંથી જુદી-જુદી બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૩૯૬ બોટલો મળી આવી હતી, જેની બજાર કિંમત આશરે ૧.૫૮ લાખ રૂપિયા થાય છે. મીડિયા અહેવાલ મુજબ, આજી ડેમ પોલીસે દારૂનો જથ્થો, મોબાઈલ ફોન અને રાજકોટ પાસિંગની કાર કબજે કરીને બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન અને અકસ્માત સર્જવા અંગેના બે અલગ-અલગ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા એવું સ્પષ્ટ જણાય છે કે બુટલેગરો વહેલી સવારના સમયનો ઉપયોગ કરી રહ્યા છે, જ્યારે પોલીસ પેટ્રોલિંગ ઓછું હોય છે.

## ભાયાવદર પાલિકા ન્યાય સમિતિ ચેરમેન હુમલો કેસમાં ગરમાવો, ઉપલેટા ભાયાવદર પોલીસ ફરિયાદ તપાસ

(એજન્સી) ભાયાવદર । તા. 18

રાજકોટ જિલ્લાના ભાયાવદર નગરપાલિકામાં રાજકીય માહોલ ગરમાયો છે. પાલિકાની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પર ગત રાત્રે બે શખ્સોએ લાકડીઓ વડે જીવલેણ હુમલો કર્યાની ઘટના પ્રકાશમાં આવી છે. આ હુમલા પાછળ આવાસ યોજનાનો લાભ ન મળવાની અદાવત હોવાનું જણાવાઈ રહ્યું છે. જોકે, આ મામલે વળાંક ત્યારે આવ્યો જ્યારે સ્થાનિકોનું એક મોટું ટોળું પોલીસ સ્ટેશને ધસી ગયું અને ચેરમેન દ્વારા કરાયેલી ફરિયાદને પાયાવિહોણી ગણાવી ગંભીર આક્ષેપો કર્યા હતા. હાલ આ વિસ્તારમાં તંગદિલીભર્યો માહોલ જોવા મળી રહ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, ભાયાવદર નગરપાલિકાની ન્યાયિક સમિતિના ચેરમેન નીરજભાઈ પાલવજીભાઈ મકવાણા પર ગત રાત્રે ભરત ભીમા ડોડીયા અને મગન હાજા સોલંકી નામના બે શખ્સોએ હુમલો કર્યો હતો. લાકડીના પ્રહારથી નીરજભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમને તાત્કાલિક ઉપલેટા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે જૂનાગઢ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચેરમેનના જણાવ્યા અનુસાર, આવાસ યોજનાનો લાભ ન મળતો હોવાનો ખાર રાખીને આ બન્ને શખ્સોએ તેમના પર હુમલો કર્યો હતો. પીએસઆઈ આર. એન. ડૈરયાએ આ મામલે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ઘટનાની બીજી તરફ, ભાયાવદર પોલીસ મથકે મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

## વડોદરા દારૂ હેરાફેરી સગીર ધરપકડ કેસમાં મોટો ખુલાસો, કપુરાઈ ચોકડી પ્રોહિબિશન ગુનો તપાસ

(એજન્સી) વડોદરા । તા. 18

ગુજરાતમાં દારૂબંધીના કાયદાને ઘોળીને પી જનારા બુટલેગરો હવે માસૂમ સગીરોનો ઉપયોગ કરીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. વડોદરા શહેરની કપૂરાઈ પોલીસ ટીમે ગઈકાલે મોડી રાત્રે એક સફળ ઓપરેશન પાર પાડીને કપુરાઈ ચોકડી પાસેથી ૧૭ વર્ષના એક સગીરને દારૂના મોટા જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. આ સગીર કવાંટથી ભાવનગર દારૂ પહોંચાડવા માટે નીકળ્યો હતો, પરંતુ તે વડોદરામાં જ પોલીસના સકંજામાં આવી ગયો હતો.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કપૂરાઈ પોલીસને અગાઉથી બાતમી મળી હતી કે એક કિશોર મોટી માત્રામાં દારૂ લઈને પસાર થવાનો છે. આ બાતમીના આધારે પોલીસે કપુરાઈ ચોકડી પાસે સઘન વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના નાના કોસ્ટા ગામનો વતની એવો આ સગીર શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. તેની પાસે રહેલા ચાર પ્લાસ્ટિકના થેલાઓની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે તેમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સગીરે કબૂલાત કરી હતી કે તે આ દારૂનો જથ્થો કવાંટથી ખાનગી વાહનમાં લાવી રહ્યો હતો. આ જથ્થો તેણે ભાવનગર બસ ડેપો ખાતે કપિલ નામના શખ્સને સોંપવાનો હતો. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા જણાય છે કે બુટલેગરોએ પોલીસને છેતરવા માટે સગીર વયના કિશોરને પ્યાદુ બનાવ્યો હતો. પોલીસે ૩૩૬ નંગ દારૂના ક્વાર્ટરિયા જેની કિંમત અંદાજે ૫૭,૧૨૦ રૂપિયા છે, તે અને મોબાઈલ ફોન મળીને કુલ ૬૦,૧૨૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલ સગીર વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જોકે, તેની ઉંમર જોતા કાનૂની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ તેને વાલીની હાજરીમાં મુક્ત કરવામાં આવ્યો છે. બીજી તરફ, દારૂનો જથ્થો મંગાવનાર ભાવનગરના કપિલ નામના શખ્સને પકડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે. રહેણાંક વિસ્તારોમાં અને બસ ડેપો જેવા જાહેર સ્થળોએ આ પ્રકારે થતી હેરાફેરીને અટકાવવા વડોદરા પોલીસ હવે વધુ સતર્ક બની છે.

## રાજકોટ કોર્ટ બોમ્બ ધમકી સમાચારથી ફરી ફફડાટ ફેલાયો છે



રાજકોટ | રંગીલા રાજકોટની કોર્ટ બિલ્ડિંગને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળવાનો સીલસીલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. આજે સવારે ફરી એકવાર અદાલતને નિશાન બનાવી મોકલવામાં આવેલા ધમકીભર્યા ઈમેઈલના કારણે પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, ભૂતકાળના અનુભવોને આધારે પોલીસે કોર્ટની કાર્યવાહી અટકાવ્યા વગર જ અત્યંત ગુપ્ત રીતે ચેકિંગ હાથ ધર્યું હતું. અંદાજે બે કલાક સુધી ચાલેલી આ મથામણના અંતે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો, પરંતુ વારંવાર મળતી આ ધમકીઓએ સુરક્ષા એજન્સીઓની ઊંઘ હરામ કરી દીધી છે. આજના ઈમેઈલમાં બુટલેગરો કે સ્થાનિક ગુનેગારો નહીં પણ આંતરરાષ્ટ્રીય કાવતરા જેવી વાતો લખવામાં આવી હતી. ઈમેઈલમાં દાવો કરવામાં આવ્યો હતો કે અદાલતમાં ૧૯ જેટલા બોમ્બ વિસ્ફોટ કરવામાં આવશે. તેમાં તમિલનાડુની સમસ્યાઓ, પાકિસ્તાની આઈએસઆઈના સભ્યો અને આરડીએક્સનો ઉપયોગ કરીને આઈઈડી ગોઠવ્યા હોવાનો ઉલ્લેખ હતો.

**જયેશ પટેલ અને મિનેષ પટેલ પોલીસ તપાસ**

# વડોદરા ભાજપ સદસ્ય ખંડણી ફરિયાદથી રાજકારણમાં ગરમાવો, રણોલી જયંત એગ્રો કંપની ધમકી કેસ

(એજન્સી) વડોદરા । તા. 18

જિલ્લાના રણોલી વિસ્તારમાં સત્તાના નશામાં ચૂર ભાજપના એક પદાધિકારી અને તેમના ભાઈ વિરુદ્ધ ખંડણી અને ધમકીની ગંભીર ફરિયાદ નોંધાતા રાજકીય આલમમાં સ્તબ્ધતા છવાઈ ગઈ છે. વડોદરા જિલ્લા પંચાયતના રણોલી બેઠકના ભાજપના સદસ્ય જયેશ પટેલ અને તેમના ભાઈ મિનેષ પટેલ પર એક પ્રતિષ્ઠિત કંપનીના અધિકારી પાસે ૫૦ લાખ રૂપિયાની ખંડણી માંગવાનો અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો આરોપ લાગ્યો છે. જવાહરનગર પોલીસે આ મામલે બંને ભાઈઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કામ વગર પગાર અને રાજકીય વગનો દુરુપયોગ

રણોલી સ્થિત જયંત એગ્રો કંપનીમાં લીગલ વિભાગ સંભાળતા યોગેશચંદ્ર દુબેએ નોંધાવેલી ફરિયાદ મુજબ, મિનેષ જયંતિભાઈ પટેલ નામનો શખ્સ કંપનીમાં નોકરી કરતો હતો. મિનેષની પત્ની સરપંચ હોવાથી અને તેનો ભાઈ જયેશ પટેલ તાલુકા પંચાયતનો પૂર્વ ઉપપ્રમુખ તથા હાલ જિલ્લા પંચાયતનો સદસ્ય હોવાથી, તે પોતાની રાજકીય વગનો ઉપયોગ કરીને કંપનીમાં અનિયમિત આવતો હતો. આશ્ચર્યની વાત એ છે કે, કોઈ પણ પ્રકારનું કામ કર્યા વગર તેણે અત્યાર સુધીમાં કંપની પાસેથી આશરે ૧૯ લાખ રૂપિયા જેટલો પગાર મફતમાં પડાવ્યો હતો.

### ૫૦ લાખની ખંડણી અને ટાંટિયા તોડવાની ધમકી

કંપનીના અધિકારીઓએ જ્યારે મિનેષને કામ પર ધ્યાન આપવા અથવા કોન્ટ્રાક્ટ પર લેવાની વાત કરી, ત્યારે આ બંને ભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા. મિનેષ પટેલે કંપનીના અધિકારીઓને ખુલ્લેઆમ જોઈ લેવાની ધમકી આપી ૫૦ લાખ રૂપિયાની ખંડણીની માંગણી કરી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જિલ્લા પંચાયતના સભ્ય જયેશ પટેલે તો ત્યાં સુધી ધમકી આપી હતી કે તે બહારથી માણસો બોલાવીને અધિકારીઓના ટાંટિયા તોડાવી નાખશે. કંપનીના અધિકારીઓએ આ ધમકીઓનું ઓડિયો રેકોર્ડિંગ પણ પોલીસને પુરાવા તરીકે સોંપ્યું છે.

### પોલીસ કાર્યવાહી અને આગામી તપાસ

આ ધમકીઓથી ગભરાયેલા કંપનીના સત્તાધીશોએ આખરે કાયદાનો આશરો લીધો છે. જવાહરનગર પોલીસે આઈપીસીની સંબંધિત કલમો હેઠળ જયેશ પટેલ અને મિનેષ પટેલ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, સત્તાધારી પક્ષના નેતા સામેની આ ફરિયાદને પગલે ભાજપ સંગઠનમાં પણ આંતરિક ચર્ચાઓ શરૂ થઈ છે.

### કિશોરીની છેડતી મામલે પિતા પુત્ર ઘાયલ

# વડોદરા આજવારોડ પરિવાર પર હુમલો કેસમાં લોહીલુહાણ જંગ

(એજન્સી) વડોદરા । તા. 18

શહેરના આજવારોડ વિસ્તારમાં સભ્ય સમાજને શરમાવે તેવી એક હિંસક ઘટના સામે આવી છે. રસ્તા પર ચાલતી જતી ૧૬ વર્ષની કિશોરીને અથડાઈને જનારા એક ઉદ્ધત સગીરને સમજાવવા ગયેલા પિતા અને ભાઈ પર પાડોશમાં રહેતા શખ્સોએ ડંડા વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં પિતા, પુત્ર અને પુત્રી ત્રણેયને ગંભીર ઈજાઓ પહોંચી છે અને ત્રણેયને માથાના ભાગે અનેક ટાંકા આવ્યા છે. બાપોદ પોલીસે આ મામલે ગુનો નોંધી હુમલાખોરો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભોગ બનનાર યુવકે બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત ૧૬ ફેબ્રુઆરીના રોજ રાત્રે ૮ વાગ્યાના સુમારે પરિવાર મહાદેવના મંદિરના ભંડારામાંથી ઘરે પરત ફરી રહ્યો હતો. આ સમયે એક સગીર વયનો કિશોર તેની ૧૬ વર્ષની બહેન સાથે જાણીજોઈને અથડાયો હતો. આ બાબતે ઠપકો આપવા અને સમજાવવા માટે જ્યારે પિતા તે સગીરના ઘરે ગયા ત્યારે મામલો બિચક્યો હતો. સગીરના ભાઈ અને પરિવારે પિતા સાથે બોલાચાલી કરી ઝપાઝપી શરૂ કરી દીધી હતી.

ઝઘડો વધતા જ્યારે ફરિયાદી યુવક, તેનો ભાઈ અને બહેન પિતાને છોડાવવા વચ્ચે પડ્યા, ત્યારે આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરા મુજબ ડંડા વડે હુમલો કર્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સગીરના પિતાએ ૧૬ વર્ષની કિશોરી પર પણ દયા દાખવ્યા વગર તેને ડંડા વડે ફટકારી હતી. સોસાયટીના રહીશો વચ્ચે પડતા પરિવારનો બચાવ થયો હતો, પરંતુ ત્યાં સુધીમાં આખો પરિવાર લોહીથી લથબથ થઈ ગયો હતો. હુમલાના આતંકથી વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો.

## વડોદરા કોર્પોરેશન ટીપી ચાર્જીસ કૌભાંડમાં કરોડોનું નુકસાન થયું




વડોદરા | વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની આર્થિક સ્થિતિ દિન-પ્રતિદિન કથળી રહી છે, ત્યારે વિશ્વામિત્રી બચાવો સમિતિએ એક ચોંકાવનારો ખુલાસો કરીને રાજકીય ગરમાવો લાવી દીધો છે. સમિતિનો આક્ષેપ છે કે બાંધકામ પરવાનગી વિભાગ અને મોટા ગજાના બિલ્ડરોની સાંઠગાંઠને કારણે કોર્પોરેશનને મળવાપાત્ર કરોડો રૂપિયાના 'ટીપી ઈન્ક્રીમેન્ટ કોન્ટ્રીબ્યુશન ચાર્જીસ'ની વસૂલાત કરવામાં આવતી નથી. આ મામલે મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. નિયમ મુજબ, જ્યારે કોઈ નવા વિસ્તારમાં વિકાસ કાર્ય હાથ ધરાય ત્યારે ડ્રેનેજ, પાણી, રસ્તા અને સ્ટ્રીટ લાઈટ જેવી સુવિધાઓ માટે જમીનના મૂલ્યાંકન મુજબ ઈન્ક્રીમેન્ટ ચાર્જીસ વસૂલવામાં આવે છે. આ સુવિધાઓ મળતા જ જમીનના ભાવમાં રાતોરાત દસ ગણો ઉછાળો આવે છે, જેનો સીધો આર્થિક લાભ બિલ્ડરો મેળવે છે.

### વડોદરા વિધાનસભા બેઠક મતદાર સુધારણા, સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન વડોદરા રિપોર્ટ

# વડોદરા આખરી મતદાર યાદી ડેટામાં મોટો ફેરફાર થયો છે

(એજન્સી) વડોદરા । તા. 18

ભારતભરમાં ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા માટે હાથ ધરવામાં આવેલી 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) ની કામગીરી વડોદરામાં સંપન્ન થઈ છે. વડોદરા શહેર અને જિલ્લાની ૧૦ વિધાનસભા બેઠકો પર હાથ ધરવામાં આવેલી આ ખાસ ઝુંબેશ બાદ આજે વહીવટી તંત્ર દ્વારા આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નવી યાદી મુજબ વડોદરાના કુલ મતદારોના આંકડામાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. અગાઉની નોંધણીની સરખામણીએ લાખોની સંખ્યામાં નામો કમી થતા મતદાર યાદી હવે વધુ સચોટ અને ક્ષતિરહિત બની છે.



### 4.69 લાખથી વધુ નામોની બાદબાકી

સુપ્રીમ કોર્ટના નિર્દેશ અને ચૂંટણી પંચની કડક સૂચના બાદ બીએલઓ (BLO) દ્વારા ઘરે-ઘરે જઈને કરવામાં આવેલા વેરિફિકેશનના અંતે ચોંકાવનારા પરિણામો મળ્યા છે. એસઆઈઆર પહેલા વડોદરામાં કુલ ૨૬,૮૯,૧૧૭ મતદારો નોંધાયેલા હતા, જેની સામે આખરી યાદીમાં ૪,૬૯,૦૨૨ મતદારોનો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડા પાછળ મુખ્યત્વે મૃત્યુ પામેલા, સ્થળાંતર કરી ગયેલા અથવા એકથી વધુ જગ્યાએ નોંધણી ધરાવતા મતદારોના નામો ડિલીટ કરવાની પ્રક્રિયા જવાબદાર છે. વડોદરા શહેરની બેઠકો પર ગ્રામ્ય કરતા વધુ નામ કમી થયા હોવાનું પ્રાથમિક વિગતોમાં બહાર આવ્યું છે.

### ડ્રાફ્ટ યાદી બાદ નવા મતદારોનો ઉમેરો

જોકે, એક તરફ લાખો નામ કપાયા છે તો બીજી તરફ લોકશાહીમાં જોડાવા માટે નવા મતદારોમાં ઉત્સાહ પણ જોવા મળ્યો છે. ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ થયા બાદ વાંધા-અરજીઓ અને નવા નામ ઉમેરવાના તબક્કામાં કુલ ૩૪,૮૯૦ નવા મતદારોનો ઉમેરો થયો છે. મીડિયા અહેવાલ મુજબ, ખાસ કરીને યુવા મતદારો અને ૧૮ વર્ષ પૂર્ણ કરનારા નવયુવાનોએ ઉત્સાહપૂર્વક ફોર્મ-૬ ભરીને પોતાનું નામ નોંધાવ્યું છે. જેના કારણે ડ્રાફ્ટ યાદીના ૨૧,૮૫,૨૦૫ ના આંકડાની સામે આખરી આંકડો ૨૨,૨૦,૦૯૫ પર પહોંચ્યો છે.

### તંત્રની સચોટ કામગીરી, ભાવિ આયોજન

જિલ્લા ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર, આ યાદી હવે અંતિમ છે અને આગામી ચૂંટણીઓમાં આ જ યાદીનો ઉપયોગ કરવામાં આવશે. નાગરિકો પોતાની વિગતો તપાસવા માટે ચૂંટણી પંચના સત્તાવાર પોર્ટલ અથવા વેબસાઈટનો ઉપયોગ કરી શકે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વડોદરામાં રાવપુરા, સયાજીગંજ અને અકોટા જેવી શહેરી બેઠકો પર સૌથી વધુ શુદ્ધિકરણની પ્રક્રિયા કરવામાં આવી છે. આ આખરી મતદાર યાદીના પ્રકાશન સાથે જ હવે જિલ્લામાં ચૂંટણીલક્ષી વહીવટી તૈયારીઓએ નવો વેગ પકડ્યો છે.

### કપુરાઈ પોલીસ હાઈવે વોચ કામગીરી

# વડોદરા નેશનલ હાઈવે દારૂ જપ્ત સમાચારમાં મહિલા ઝડપાઈ

(એજન્સી) વડોદરા । તા. 18

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બુટલેગરો હવે મહિલાઓને ઢાલ બનાવી દારૂની હેરાફેરી કરી રહ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વડોદરા શહેર નજીક નેશનલ હાઈવે નંબર-૪૮ પર કપુરાઈ પોલીસે વહેલી સવારે એક સફળ ઓપરેશન પાર પાડીને વિદેશી દારૂના જથ્થા સાથે એક મહિલાને ઝડપી પાડી છે. જોકે, અંધારાનો લાભ લઈને કારચાલક અને અન્ય એક મહિલા ફરાર થઈ જવામાં સફળ રહ્યા છે. પોલીસે આ મામલે લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કપૂરાઈ પોલીસ સ્ટેશનની ટીમને સચોટ બાતમી મળી હતી કે, એક શંકાસ્પદ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને વાઘોડિયા ચોકડીથી કપુરાઈ ચોકડી તરફ લાવવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે નેશનલ હાઈવે પર હરિયાળી હોટલ નજીક વ્યૂહાત્મક વોચ ગોઠવી હતી. સવારે અંદાજે ૪ વાગ્યે જ્યારે બાતમી મુજબની કાર ત્યાં પહોંચી, ત્યારે પોલીસે તેને કોર્ડન કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસને જોઈને કારચાલક ગભરાઈ ગયો હતો અને હરિયાળી હોટલ સામે કાર ઉભી રાખીને અંધારાનો લાભ લઈ ખેતરોમાં નાસી છૂટ્યો હતો.

પોલીસે કારને ઘેરીને તપાસ કરતા અંદરથી એક મહિલા મળી આવી હતી, જેણે પોતાનું નામ કાંતાબેન લાલાભાઈ ગુડિયા હોવાનું જણાવ્યું હતું. કારની તલાશી લેતા તેમાંથી પ્લાસ્ટિકના નાના-મોટા થેલાઓ મળી આવ્યા હતા. જેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના ૫૭૬ ક્વાર્ટરિયા અને ૨૪ બોટલો (કિંમત રૂ. ૧૩ હજાર) મળી આવી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દ્દઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે.

**મિથુન : ક. છ. ઘ.**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં-દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો.

**કર્ક : ડ. હ.**

તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લડ પ્રેશરના દરદીઓ. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે.

**સિંહ : મ. ટ.**

સ્વાસ્થ્યની દ્દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે.

**તુલા : ર. ત.**

તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.

**મકર : ખ. જ.**

આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

### નખત્રાણા નગરે શ્રી જલારામ મંદિરે ૧૪૫મી સંત શિરોમણી

# શ્રી જલારામ બાપાની નિર્વાણદિન પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમ નું કરાયુ આયોજન

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

શ્રી નખત્રાણા લોહાણા મહાજન સંચાલિત 200 વર્ષ થી અખંડ જ્યોત ચાલુ છે એવા ઐતિહાસિક શ્રી દરિયાલાલ દેવ શ્રી જલારામ મંદિરે 145 મી સંત શિરોમણી શ્રી જલારામ બાપા ની નિર્વાણદિન પ્રસંગે વિવિધ ધાર્મિક,તેમજ ગૌ સેવા નો કાર્ય સાથે સાંજે સંગીતમય મહાઆરતી તેમજ પ્રસાદનો કાર્યક્રમ યોજવામાં આવ્યું છેલ્લા બે વર્ષથી દર ગુરુવારે સાંજે આરતી કરવામાં આવે છે અને યોગનું યોગ આજે તો ગુરુવાર હોતા ડબલ ખુશી નો માહોલ આજના દિવસે મોટી સંખ્યામાં ભકયોજનો સવારથી સાંજ સુધી બાપા ના દર્શન કરી અને આશીર્વાદ લીધા શ્રી નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ શ્રી રાજેશ પલણ એ જણાવ્યું કે પૂ.જલારામ બાપાના145 નિર્વાણદિન નિમીતે સવારે આરતી પૂજન સાંજે શ્રી જલારામ સત્સંગ મંડળ ની બહેનો શ્રી નખત્રાણા લોહાણા મહિલા મંડળ બહેનો દ્વારા ભજન, સત્સંગના કાર્યક્રમમાં યોજાયા હતા



બાદમાં સાંજે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું જેના દાતાશ્રી ગં.સ્વ.ચેતનાબેન જનકભાઈ પલણ પરિવારના સહયોગથી મળેલ જેમા મોટી સંખ્યામાં રઘુવંશી સમાજ તેમજ જલારામ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું જેના દાતા શ્રીમતી મનિષાબેન નીતિનભાઈ ઠક્કર પરિવાર તરફથી પૂજ્ય બાપાના પ્રિય એવા ખીચડી,કઢી અને લાડુનો પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું છેલ્લા ઘણા સમય થી દર ગુરુવારે આરતી હોય છે અને 119 માં ગુરુવારની કાયમી આરતી પણ હોય છે અને જેમાં દર ગુરુવાર ના દાતા અને આયોજન સંભાળતા અનિલભાઈ જોબનપુત્રા,જગદીશભાઈ પલણ, મેહુલભાઈ દાવડા નું શ્રી નખત્રાણા લોહાણા મહાજન,યુવક મંડળ,મહિલા મંડળ દ્વારા સાલ થી સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે શ્રી નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ જીગ્નેશભાઈ પલણ મહામંત્રી કેવલભાઈ આથા શ્રી નખત્રાણા લોહાણા મહાજન ના પ્રાગજીભાઈ અનમ,રમેશભાઈ રાજદે,અશોકભાઈ જોબનપુત્રા, પ્રકાશભાઈ આથા,દિનેશભાઈ પોપટ, રાજદીપભાઈ મજેઠીયા તેમજ મહિલા મંડળના નખત્રાણા લોહાણા મહાજન,મહિલા મંડળ, યુવક મંડળ શ્રી જલારામ સત્સંગ મંડળના બહેનો તેમજ શહેર મા વસવાટ કરતા જલારામ ભક્તો ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સફાઈસેવકો પગાર માટે વલખા મારે છે

## રાજપીપલા ન.પા. ટાઉનહોલ રીનોવેશન નો અધધ 1.કરોડ , 98, લાખ. થી વધુ નો ખર્ચ

રાજપીપલા : નર્મદા જિલ્લા મથકે આવેલી એકમાત્ર ભાજપ શાષિત નગરપાલિકા ના ટાઉનહોલ રીનોવેશન માટે 1 કરોડ 98 લાખ થી વધુનો ખર્ચ થશે તે વાત બહાર આવતા આ મુદ્દો. નગરજનો માં ભારે ચર્ચાસ્પદ બન્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ હંમેશા વહીવટ ના વિવાદ માં રહેલી રાજપીપલા નગરપાલિકા નો વધુ એક ગેરવહીવટ બહાર આવ્યો છે જેમાં પાલિકા ના ટાઉનહોલ ના રીનોવેશન માં 1 કરોડ 98 લાખ. થી વધુ નો ખર્ચ થયા નું બહાર આવતા આ મુદ્દો નગરજનો માં ટોક ઓફ ધ ટાઉન બની ગયો છે . નગર ના એક જાગૃત યુવાન કુલદીપ કાછીયા એ RTI હેઠળ માહિતી માંગતા પાલિકા એ આપેલી માહિતી માં જણાવ્યા મુજબ ટાઉનહોલ માં સિવિલ વર્ક એક કરોડ ચાલીસ લાખથી વધુ તેમજ ઇલેક્ટ્રિક કામ 21 લાખ થી વધુ જણાવેલ છે . હકીકત માં ટાઉનહોલ નો વર્ષ દરમ્યાન કોઈ ખાસ ઉપયોગ થતો નથી . નાટક કે મ્યુઝિકલ પ્રોગ્રામ પણ થતા નથી . રાજકીય પક્ષ કે સરકારી કાર્યક્રમ પણ હવે આંબેડકર હોલ માં થાય છે ત્યારે આ બિનઉત્પાદક ખર્ચ ની તપાસ કરવા આમ આદમી પાર્ટી એ કલેકટર ને આવેદન આપી માંગણી કરી છે .આ અ ધ ધ ખર્ચ ની બીજી બાજુ જોતા પાલિકા ના સફાઈ કામદારો સહીત ના કર્મચારીઓ નિયમિત પગાર માટે વલખા મારે છે અને વિકાસ ના કામો પણ અધૂરા છે ત્યારે નજીક ના સમય માં આવતી સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી માં આ મુદ્દો મહત્વનો બની રહેશે .

### પોલીસે ગુનો નોંધ્યો

## મરીડાના ગામના યુવાન સાથે 45 હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરાવી છેતરપિંડી

નડિયાદ : નડિયાદ તાલુકાના મરીડા ગામમાં મોટી ખડકી પરબડી પાસે રહેતા પરેશભાઈ મણીભાઈ પટેલ તા.૧૨-૨-૨૬ના રોજ પોતાના ઘરે હતા. ત્યારે સાંજના સમયે તેમના મોબાઈલ પર હિન્દી ભાષામાં વાત કરતો ફોન આવ્યો હતો. જેમાં પરેશભાઈ પટેલને તેઓ એલિકોન કંપનીમાં નોકરી કરતા હતા ત્યારે હિન્દી ભાસી મિત્રો હોવાથી કોઈ મિત્રએ ફોન કર્યો છે તેમ સમજ્યા હતા અને સામા વાળાએ મારે ડૉક્ટરને તાત્કાલિક રૂ.૪૫,૫૦૦ ગુગલ પે કરવાના છે, પરંતુ મારાથી થતા નથી હું તમારા ખાતામાં પૈસા ટ્રાન્સફર કરું છું અને તેનો મેસેજ મોકલું છું તમે આ નંબર પર ગુગલ પે કરી આપો તેમ કહી ફોન કરી દીધો હતો. જેથી પરેશભાઈ પટેલે તેમના મોબાઈલ પર આવેલ પૈસા ટ્રાન્સફર થયાનો ટેક્સ મેસેજ જોઈ ખાતરી કર્યા વગર રૂ.૪૫,૫૦૦ ગુગલ પેથી ઓનલાઈન ટ્રાન્સફર કરી દીધા હતા. ત્યારબાદ બીજા દિવસે બેંક બેલેન્સ જોતા તેમના ખાતામાં કોઈ રકમ જમા થઈ ન હતી. આમ અજાણ્યા મોબાઈલ ધારકે ખોટો ટેક્સ મેસેજ કરી રૂ.૪૫,૫૦૦ ગુગલ પે કરાવી ઓનલાઈન ફ્રોડ કર્યું હતું.

### નડિયાદ, કંજોડા પાટિયા, રીછોલ અને ચકલાસી પાસે અકસ્માત

નડિયાદ : ખેડા જિલ્લામાં નડિયાદ-પીજ રોડ નેહર ઉપર, કંજોડા પાટિયા સહિત જુદા જુદા ચાર સ્થળે અકસ્માત સર્જાયા હતા. આ અકસ્માતના ચાર બનાવમાં પાંચને ઈજા થઈ હતી. આ બનાવ અંગે જે-તે વિસ્તારની પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. નડિયાદ તાલુકાના ટુંડેલમાં રહેતા કેતનભાઈ ડાયાભાઈ તળપદા તેમની પત્ની રોશનીબેન અને દીકરાને મોટર સાયકલ પર બેસાડી સંત અન્ના વિસ્તારમાં સાસરીમાંથી ટુંડેલ જઈ રહ્યાં હતા. તેઓ પીજ રોડ નહેર નજીકથી પસાર થતા હતા.

### રૂપિયા 38,505 નો મુદ્દામાલ જપ્ત

## નડિયાદના 5 હાટડીના કસાઈવાડામાંથી 360 કિલો ગૌમાંસ સાથે 5 શખ્સ ઝડપાયા

નડિયાદ : નડિયાદ શહેરના પાંચ હાટડી વિસ્તારમાં આવેલા કસાઈવાડામાં પોલીસે બાતમીના આધારે એક રહેણાંક મકાન પર દરોડો પાડી ગેરકાયદેસર કતલ કરાયેલા ૩૬૦ કિલો ગૌમાંસનો જથ્થો ઝડપી પાડયો છે. આ કામગીરી દરમિયાન પોલીસે બે પુરૂષ અને ત્રણ મહિલાઓ સામે ગુનો નોંધી કુલ ૩૮,૫૦૫ રૂપિયાનો મુદ્દામાલ કબજે લીધો છે. નડિયાદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગૌવંશના અવશેષો મળી આવવાની ફરિયાદો ઉઠી હતી, જેને પગલે પોલીસ અધિક્ષક દ્વારા કડક તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. આ દરમિયાન નડિયાદ ટાઉન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, પાંચ હાટડી વિસ્તારમાં રહેતો મહંમદસલીમ ગુલામહુસેન કુરેશી પોતાના ઘરે પશુ લાવીને તેની કતલ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી ઉક્ત મકાન પર દરોડો પાડયો હતો. પોલીસ જ્યારે મકાનમાં પ્રવેશી ત્યારે ઓસરીના ભાગે પશુના માંસના અવશેષો, લોહીવાળું દોરડું અને ચામડું મળી આવ્યું હતું. સ્થળ પર હાજર મહંમદસલીમ ઉર્ફે શબ્બીર પીંકી કુરેશી અને મોહમંદરફીક ગુલામહુશેન કુરેશીની પોલીસે પૂછપરછ હાથ ધરી હતી.

### વિદ્યાર્થીઓએ પર્સન્ટાઈલ મેળવી ડંકો વગાડયો

## ભાવનગરની વિવિધ વિદ્યા સંકુલના તેજસ્વી તારલાઓએ JEE માં મેદાન માર્યું



ભાવનગર : ધો.૧૨ એ ગ્રુપના વિદ્યાર્થીઓને એન્જીનીયરીંગ ક્ષેત્રે પ્રવેશ મેળવવા લેવાતી જેઈઈ મેઈન્સની પરીક્ષા ગઈ તા. ૨૨થી ૨૯ જાન્યુ. દરમ્યાન લેવાઈ હતી જેમાં ભાવનગર સ્થિત બે સેન્ટર પર ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આપેલ પરીક્ષાનું પરિણામ જાહેર થવા પામ્યું છે. જેમાં શહેરની ઓજ ઈન્સ્ટીટયુટનાં ૧૬ અને જ્ઞાન મંજરી સ્કુલનાં ૧૪ વિદ્યાર્થીઓએ ૯૯ પર્સન્ટાઈલ મેળવ્યા હતા આ ઉપરાંત અન્ય શૈક્ષણીક સંકુલોનાં છાત્રોએ પણ ઝળહળતી સિધ્ધિ મેળવી હતી. જ્યારે આગામી એપ્રિલનાં અંતિમ વીકથી જેઈઈ સેકન્ડ પરીક્ષા યોજાશે.

શહેરની ઓજ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સનાં નિવાન પટેલે ૯૯.૯૮ પર્સન્ટાઈલ મેળવી ભાવનગર પ્રથમ રેન્ક પ્રાપ્ત કર્યો હતો. જ્યારે શિવ પંડયાએ ૯૯.૯૫ પ.રા.મેળવી બીજુ સ્થાન મેળવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઓજ ઈન્સ્ટીટયુટનાં ૧૬ વિદ્યાર્થીઓએ ૯૯ પર્સન્ટાઈલ અને તેથી વધુ સ્કોર કરવામાં સપળતા મેળવી હતી. જેની પાછળ વિદ્યાર્થી - વાલીની મહેનત સાથે ફેકલ્ટીનાં યોગ્ય માર્ગદર્શનનું પરિણામ હોવાનું ચેરમેન નીરવ દવેએ જણાવ્યું હતું. રાષ્ટ્રીય સ્તરની જેઈઈ મેઈન પરીક્ષામાં સંસ્થાની ગુણવત્તાભરી તૈયારી અને અનુભવી ફેકલ્ટીનાં માર્ગદ્રશન હેઠળ વિદ્યાર્થીની મહેનત રંગ લાવી હતી અને સંસ્થાનાં ૧૪ વિદ્યાર્થીઓએ ૯૯ અપ પર્સન્ટાઈલ મેળવી અઘરી ટાસ્કમાં સિધ્ધિ મેળવી હતી.

જેઈઈ મેઈનની પરીક્ષામાં સંસ્થાના પ્રતિભાશાળી વિદ્યાર્થી સાંઘાણી ચિરાયુએ ૯૯.૫૭ અને ભડિયાદ્રા વામને ૯૯.૪૫ પર્સન્ટાઈલ મેળવ્યા હતા. જેઓએ પોતાની મહેનત, શિસ્ત અને શાળાની અનુભવી ફેકલ્ટી આધુનિક શિક્ષણ પધ્ધતિ અને પ્રતિબદ્ધતાનો શ્રેષ્ઠ પુરાવો આપ્યો હતો. તેમ જે.પી. મૈયાણીએ જણાવ્યું હતું.

તબક્કાવાર અને નિયમિત ફેકલ્ટીનાં માર્ગદર્શન સાથે વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવી હતી અને જેઈઈમાં સંસ્થાનાં ૮ વિદ્યાર્થી ૯૯ પર્સન્ટાઈલ ૨૮ વિદ્યાર્થીઓએ ૯૮ પર્સન્ટાઈલ, ૬૩ વિદ્યાર્થી ૯૫ પર્સન્ટાઈલ પ્રાપ્ત કરી ઝળહળતી સિદ્ધિ મેળવી હતી.

### જૈન સમાજમાં શોકનો માહોલ છવાયો

# ચાણસ્માના જૈન શ્રેષ્ઠી અરવિંદભાઈ શાહ નિધન

### સદગત જૈન અગ્રણી જૈન પેઢી સહિત અને સ્વૈરિછક સંસ્થાઓ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હતા

| મહેશ એલ. સોની | નખત્રાણા

ચાણસ્મા નગરના મૂળ વતની અને મુંબઈ ખાતે રહેતા જૈન શ્રેષ્ઠી અરવિંદભાઈ શાહ ઉં વ 85 બુધવારે મુંબઈ તેમના નિવાસ્થાને ટૂંકી માંદગી બાદ નિધન થતાં જેના સમાચારની જાણ ચાણસ્મા નગરમાં થતાં જૈન સમાજ સહિત ચાણસ્મા નગરમાં ઘેરા શોકની લાગણી છવાઈ જવા પામી હતી સદગત સ્વ અરવિંદકાકા ચાણસ્માની જૈન પેઢી સહિત પુનમચંદ બાલમંદિર મેડીકલ એન્ડ સોશ્યલ ટ્રસ્ટ સંચાલીત કે બી જન હોસ્પિટલ સહિત અનેક સ્વૈરિછક સંસ્થાઓ સાથે સેવાકીય કાર્યમાં જોડાઈ ચાણસ્મા નગર માટે આગવું યોગદાન રહ્યું હતું. તદઉપરાંધ શ્રી વિશા શ્રીમાળી 108 જૈન ગોળ સમાજ સાથે સેવાકીય કાર્યો થકી જોડાયેલા હતા સદગત ના નિધનથી ચાણસ્મા જૈન સમાજના જયંતીભાઈ શાહ ચેતનભાઈ શાહ સહિત ચાણસ્મા નગરના બિપીનભાઈ પટેલ દિલીપભાઈ સુખડીયા રાજુલ પટેલ સહિત લાલજી દાસ લક્ષ્મીદાસ પરિવારના અગ્રણીઓ દ્વારા સદગત દિવ્યાત્માને શબ્દાંજલી થકી શ્રદ્ધાંજલી આપી હતી. અરવિંદભાઈ શાહ,



જેમને સમગ્ર નગર આદરથી ‘અરવિંદકાકા’ કહીને સંબોધતું હતું, તેમનું જીવન પરોપકારની જીવંત પાઠશાળા સમાન હતું. મુંબઈ જેવા મહાનગરમાં સ્થાયી થયા હોવા છતાં, તેમનું મન હંમેશા ચાણસ્માના વિકાસ અને લોકોની સુખાકારીમાં પરોવાયેલું રહેતું. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, તેઓ ચાણસ્માની જૈન પેઢીના સંચાલનમાં સક્રિય રહેવાની સાથે પુનમચંદ બાલમંદિર જેવી શૈક્ષણિક સંસ્થાના મુખ્ય પ્રેરક રહ્યા હતા. એટલું જ નહીં, મેડીકલ એન્ડ સોશ્યલ ટ્રસ્ટ સંચાલીત કે. બી. જન હોસ્પિટલમાં તેમનું યોગદાન અમૂલ્ય હતું,જેનાકારણેહજારોજરૂરિયાતમંદોને સારવાર મળી રહી છે.

## તળાજામાં પગપાળા જતા વેપારીને ખાનગી બસ હડફેટે લેતા મોત

(એજન્સી) તળાજા | તા.18

તળાજાની શાકમાર્કેટમા ચા અને કરીયાણાની દુકાન ધરાવતા વેપારી મહુવા ચોકડીથી આગળ પગપાળા જઈ રહ્યા હતા ત્યારે મહુવા રોડ તરફ ખાનગી ટ્રાવેલ્સની બંસ ના ચાલકે બેફિકરાઈથી બસ ચલાવી વેપારીને અડફેટે લેતા વેપારીનું મોત નિપજ્યું હતું. મહુવા તાલુકાના બોરડી ગામના મૂળ વતની અને વર્ષોથી અહીંની બાલા જબ્બરની વાડી તરીકે ઓળખાતી દીનદયાળનગરની સોસાયટીમાં રહેતા નાગજીભાઈ રત્નાભાઈ રાઠોડ (ઉ.વ.૬૪ ) આજે તેઓના નિત્યક્રમ મુજબ તેઓના રાઠોડ પરિવારના દાદાનું દેવસ્થાન હોય પગપાળા જતા હતા.તેવામાં જયદીપ ટ્રાવેલ્સ બસ નં.જીજે ૧૧-ટીટી-૮૨૮૦ ના ચાલકે પોતાનું વાહન બેફિકરાઈ અને પુરઝડપે ચલાવી પગપાળા જઈ રહેલા વેપારીને અડફેટે લીધા હતા વૃદ્ધ વેપારીને ગંભીર ઈજા થતા સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

# નરસંડા રોડ પર કારમાં સવાર સાધુઓ રૂ. 1.15 લાખના દાગીના લૂંટીને ફરાર

(એજન્સી) નડીયાદ | તા.18

નડિયાદ તાલુકાના નરસંડા રોડ પર એક સફેદ કલરની કારમાં આવેલા નકલી સાધુઓએ રસ્તો પૂછવાના બહાને બે મિત્રોને વિશ્વાસમાં લઈ આશીર્વાદ આપી તાંત્રિક વિધિનો ડોળ કરી રૂ.૧.૧૫ લાખની કિંમતના સોનાના દાગીનાની કાઢી લઈ લૂંટ ચલાવી ગાડી લઈ ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.નડિયાદ તાલુકાના અલ્કાપુરી સોસાયટી, કણજરીમાં રહેતા વિજયકુમાર છોટાભાઈ પટેલ ગત તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ ગામમાં આવેલી ખોળની દુકાને બેઠા હતા. ત્યારે તેમના મિત્રો સાથે એક્ટિવા લઈને રાજેશભાઈ મંગળભાઈ પટેલ સાથે શાંતિલાલ મુળજીભાઈ પટેલના ખેતરમાં ગયા હતા. જ્યાં બીજા મિત્રો પર બેઠાં હતા. જ્યાં મહાશિવરાત્રી હોવાથી ખેતરમાં ઊંધિયા પાર્ટી રાખી હતી. આ ઉંધીયુ બનાવવા માટે સેવ અને તલનું તેલ લેવા વિજયભાઈ પટેલ અને રાજેશભાઈ પટેલ એક્ટિવા લઈ વડતાલ નરસંડા રોડ પર આર્યા માર્ટ તરફ જઈ રહ્યાં હતા. ત્યારે આગળ જતી એક સફેદ રંગની કારના ચાલકે ગાડી ધીમી પાડી એક્ટિવા ઉભુ રખાવી ગાડીમાં બેઠેલા શખ્સોએ નડિયાદના ધારાસભ્યનું ઘર અને સંતરામ ડેરીનું સરનામું પૂછ્યું હતું. આ ગાડીમાં ડ્રાઈવરની બાજુમાં બેઠેલા સાધુના વેશધારી શખ્સોએ રાજેશભાઈને આશીર્વાદ આપવાના બહાને બોલાવ્યા હતા. ત્યારબાદ વિજયભાઈને પણ પાસે બોલાવી તેમણે પહેરેલ શર્ટ, ઘડિયાળ અને મોબાઈલ માંગ્યા હતા, જેથી બંનેએ સાધુઓને કાઢીને આપતા તેઓએ પરત કરી દીધા હતા.

### આખરી મતદાર યાદી પ્રસિદ્ધ

## ભાવનગર જિલ્લામાં 29,964, બોટાદ જિલ્લામાં 10,136 મતદારોનો વધારો



ભાવનગર : ચૂંટણી પંચ દ્વારા ભાવનગર અને બોટાદ સહિત રાજ્યભરમાં આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આખરી મતદાર યાદી પ્રસિદ્ધિ બાદ ભાવનગર જિલ્લામાં ૨૯,૯૬૪ અને બોટાદ જિલ્લામાં ૧૦,૧૩૬ મતદારોનો વધારો થયો છે. સાડા ત્રણ માસ સુધી ચાલેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (એસઆઈઆર)ના વિવિધ તબક્કાઓની કામગીરી બાદ આજે મંગળવારે આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરાઈ છે. ભાવનગર જિલ્લામાં મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયા પહેલા ૧૬,૩૭,૯૮૧ મતદારો નોંધાયા હતા. જેમાં એસઆઈઆરની કામગીરી દરમિયાન ૪૦,૦૭૪ મતદારોનો ઉમેરો અને ૧૦,૧૧૦ મતદારોના નામ કમી કરવામાં આવતા મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ બાદ ૨૯,૯૬૪ મતદારોના વધારા સાથે કુલ મતદારોની સંખ્યા ૧૬,૬૭,૯૪૫ થઈ છે.તેવી જ રીતે બોટાદ જિલ્લામાં મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયા પહેલા ૫,૧૧,૮૪૧ મતદારો હતો. તેમાં ૧૨,૭૬૩નો ઉમેરો અને ૨૬૨૭ મતદારોના નામ કમી બાદ ૧૦,૧૩૬ મતદારોનાવધારા સાથે કુલ ૫,૨૧,૯૭૭ મતદાર થયા છે. આજે જાહેર થયેલી આખરી મતદાર યાદી તમામ મતદાન મથકો, નિર્ધારીત સ્થળો અને ચૂંટણી પંચની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરાઈ છે. તેમજ ફોટાવાળી પ્રિન્ટેડ અને ફોટા વિનાની મતદાર યાદીની સોફ્ટ કોપી તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને સુપ્રત કરાઈ છે. એસઆઈઆર દરમિયાન મળેલા નાગરિકોના અદ્યતન ફોટોગ્રાફ આગામી મતદાર યાદીમાં પ્રસિદ્ધ કરાશે.

### ટ્રાફિક શાખા સહિત 6 પોલીસ મથક દ્વારા કુલ 280 મેમા ફટકાર્યા

# ભાવનગર પોલીસે 6 દિવસની એલઈડી ડ્રાઈવમાં રૂ. 2.75 લાખનો દંડ વસૂલ્યો

(એજન્સી) ભાવનગર | તા.18

ભાવનગર શહેરમાં ટ્રાફિક શાખા સહિત અલગ અલગ પોલીસ મથક મળી અલગ અલગ વિસ્તારોમાં એલઈડી વ્હોટ લાઈટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવમાં અલગ અલગ વિસ્તારોમાંથી ૨૮૦ મેમાં નોંધવામાં આવ્યા હતા અને કુલ રૂ.૨,૭૫,૦૦૦ નો દંડ વાહન ચાલકો ફટકારવામાં આવ્યો હતોભાવનગર શહેરમાં ટ્રાફિક નિયમન તેમજ કાયદો-વ્યવસ્થા જાળવવા માટે જાહેરનામા ભંગ કરીને શહેરમાં પ્રવેશતા વાહનો ચાલકો વિરૂધ્ધ દંડાત્મક તેમજ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.ભાવનગર પોલીસ અધિક્ષક અને સિટી નાયબ પોલીસ અધિક્ષક આર.આર.સિંઘાલના માર્ગદર્શન હેઠળ અને સુચના મુજબ ભાવનગર શહેરમાં વાહન ચાલકો વિરૂધ્ધ ટ્રાફિક શાખા, ભાવનગર તથા ડિવીજન હેઠળના પોલીસ સ્ટેશન જેમાં નિલમબાગ, ઘોઘારોડ, ગંગાજળીયા, બોરતળાવ, ભરતનગર, વિગેરે થાણા ઈન્ચાર્જ દ્વારા તા.૧૦ ફેબ્આરી ૨૦૨૬ થી તા.૧૬ ફેબ્આરી ૨૦૨૬ સુધી દિન-૦૬ સુધી એલઈડી વ્હોટ લાઈટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમા અલગ-અલગ પોઈંટ રાખીને ફોર-વ્હિલ તેમજ ટુ-વ્હિલરમાં અનઅધિકૃત એલઈડી વ્હાઈટ લાઈટ ફિટ કરાવેલ હોય તેવા વાહન ચાલકો વિરૂધ્ધ ડ્રાઈવ રાખીને દંડાત્મક કાર્યવાહી ભાવનગર ડિવીઝનના પોલીસ સ્ટેશન તેમજ ટ્રાફિક શાખા,ભાવનગર દ્વારા કરવામા આવેલ હતી. આમ કુલ મળી ભાવનગર પોલીસ તંત્ર દ્વારા ભાવનગર શહેરમાં એલઈડી વ્હોટ લાઈટ ડ્રાઈવનું આયોજન કરી છ દિવસમાં કુલ ૨૮૦ મેમાં ફટકારવામાં આવ્યા હતા. અને કુલ રૂ.૨,૭૫,૦૦૦ નો દંડ વાહન ચાલકો ફટકારવામાં આવ્યો હતો.

**ટ્રાફિક ડ્રાઈવમાં કેટલા મેમા અને દંડ**

| પોલીસ સ્ટેશન | મેમા | દંડ |
|---|---|---|
| ટ્રાફિક શાખા | ૧૭૭ | ૧૭૭૦૦૦ |
| નિલમબાગ પો.સ્ટે. | ૨૬ | ૨૧૦૦૦ |
| ઘોઘારોડ પો.સ્ટે. | ૧૨ | ૧૨૦૦૦ |
| ગંગાજળિયા પો.સ્ટે. | ૨૮ | ૨૮૦૦૦ |
| ભરતનગર પો.સ્ટે. | ૧૦ | ૧૦૦૦૦ |
| બોરતળાવ પો.સ્ટે. | ૨૭ | ૨૭૦૦૦ |
| કુલ | ૨૮૦ | ૨૭૪૦૦૦ |

### માત્ર અનુમાનને આધારે સારવાર કરતો હતો

## તારાપુર તાલુકાના મિલરામપુરા ગામેથી નકલી ડૉક્ટર ઝડપાયો

તારાપુર : તારાપુર પોલીસ અને મેડિકલ ઓફિસરની ટીમે મિલરામપુરા ગામે છાપો મારીને મૂળ પશ્ચિમ બંગાળના અને માત્ર ધોરણ દસ ભણેલા બોગસ ડૉક્ટરને ઝડપી પાડીને દવાઓ, ઈન્જેક્શનો તેમજ મેડિકલ સાધનો મળીને કુલ રૂપિયા ૧૭ હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરીને તારાપુર પોલીસ મથકે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. તારાપુર તાલુકાના ખડા પીએચસીના મેડિકલ ઓફિસરને માહિતી મળી હતી કે, મિલરામપુરા ગામની ભાગોળે ભઈલાલભાઈ કુબેરભાઈ કાનાણીના મકાનમાં ભાડેથી રહેતો શખ્સ કોઈપણ જાતની મેડિકલ ડિગ્રી વગર દવાખાનું શરૂ કરીને એલોપેથી દવાઓથી દર્દીઓની સારવાર કરી રહ્યો છે. જેના આધારે મેડિકલ ઓફિસર અને પોલીસની ટીમે સાથે છાપો મારતાં ઘરમાંથી એક શખ્સ મળી આવ્યો હતો. જેનું નામઠામ પૂછતા શખ્સે અમિતોષ આનંદ બાઈનહાલ (ઉં.વ. ૩૬, રહે. ડુમરિયા, જિ. નદિયા, પ.બંગાળ) નો હોવાની ઓળખ આપી હતી. તેની પાસે મેડિકલ પ્રેક્ટિસ કરવા અંગેનું સક્ષમ અધિકારીનું સર્ટિફીકેટ કે ડિગ્રીની માંગણી કરતા તેની પાસે નહીં હોવાનું અને માત્ર ધોરણ દસ સુધી જ ભણેલો હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઘરમાં તપાસ કરતા દર્દીઓને તપાસવાના મેડિકલ સાધનો, બી.પી માપવાનું મશીન, દવાઓ, ઈન્જેક્શનો સહિત કુલ ૧૭,૯૨૬નો મુદ્દામાલ જપ્ત કરીને ઝડપાયેલા નકલી ડૉક્ટર વિરુદ્ધ મેડિકલ પ્રેક્ટિસ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## ટેક્સ આવકમાં અધધ વધારો થતા અર્થતંત્ર મજબૂત બન્યું

# પાંચ વર્ષમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન બમણું થઈ રૂ. બાવીસ લાખ કરોડ થઈ

## સામાન્ય જનતા પર કરનો બોજ વધ્યાનો વિપક્ષનો દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા 18

દેશના આર્થિક માળખામાં છેલ્લા પાંચ વર્ષમાં ટેક્સ વસૂલાતની કામગીરીએ નવી ઊંચાઈઓ સર કરી છે, જેના કારણે કેન્દ્ર સરકારની કમાણીમાં તોતિંગ વધારો નોંધાયો છે. હાલમાં જ સંસદમાં રજૂ કરવામાં આવેલા અધિકૃત આંકડાઓ મુજબ, ભારત સરકારનું ડાયરેક્ટ ટેક્સ કલેક્શન વર્ષ 2020-21માં જે 9.4 લાખ કરોડ રૂપિયા હતું, તે વર્ષ 2024-25 સુધીમાં વધીને સીધું 22.2 લાખ કરોડ રૂપિયાને પાર કરી ગયું છે. આ આંકડાકીય માયાવી જાળ વચ્ચે વિપક્ષી સાંસદોએ સામાન્ય નાગરિક પર વધતા કરના બોજ અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા છે, જેના જવાબમાં સરકારે પોતાની તિજોરીમાં થયેલા ધરખમ વધારાનો ચિતાર રજૂ કર્યો છે.



છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમિયાન ડાયરેક્ટ ટેક્સ એટલે કે આવકવેરો અને કોર્પોરેટ ટેક્સમાં જે રીતે ઉછાળો આવ્યો છે તે આશ્ચર્યજનક છે. સરકારી સૂત્રો દ્વારા જાહેર કરાયેલ વિગતો મુજબ, નાણાકીય વર્ષ 2021-22માં આ આવક 14.12 લાખ કરોડ હતી, જે ત્યારબાદના વર્ષોમાં સતત વધતી રહી છે. વર્ષ 2022-23માં 16.63 લાખ કરોડ અને 2023-24માં તે 19.60 લાખ કરોડ સુધી પહોંચી હતી. આ વૃદ્ધિ સ્પષ્ટ કરે છે કે સરકારની સીધી કરવેરાની આવકમાં પાંચ વર્ષમાં અંદાજે 10 લાખ કરોડથી વધુનો વધારો થયો છે. વિપક્ષી સાંસદ સંજય રાઉત દ્વારા રાજ્યસભામાં પૂછવામાં આવેલા સવાલને પગલે આ આખો મુદ્દો ચર્ચાના એરણે ચડ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે શું દેશના દરેક નાગરિક પર સરેરાશ 51,000 રૂપિયાનો ટેક્સ બોજ આવી રહ્યો છે? આ ગણતરી દેશની કુલ વસ્તી અને કેન્દ્ર-રાજ્યોની કુલ ટેક્સ રેવન્યૂના આધારે કરવામાં આવી હતી. ખાસ કરીને જીએસટી, પેટ્રોલિયમ લેવી અને સેસ જેવા ઈનડાયરેક્ટ ટેક્સ (પરોક્ષ કર) સામાન્ય માણસના ખિસ્સા પર સીધી અસર કરે છે, કારણ કે તે આવકની મર્યાદા જોયા વગર દરેક નાગરિકે સમાન રીતે ચૂકવવો પડે છે.

માત્ર ડાયરેક્ટ ટેક્સ જ નહીં, પરંતુ પરોક્ષ કર એટલે કે ઈનડાયરેક્ટ ટેક્સની આવકમાં પણ પાંચ વર્ષમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. વર્ષ 2020-21માં 10.74 લાખ કરોડની ઈનડાયરેક્ટ ટેક્સ આવક વર્ષ 2024-25માં વધીને 15.60 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. એટલે કે આ ક્ષેત્રમાં પણ અંદાજે પાંચ લાખ કરોડનો વધારો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વધારા પાછળ જીએસટી અમલીકરણમાં આવેલી મજબૂતી અને આર્થિક ગતિવિધિઓમાં થયેલો વધારો જવાબદાર હોઈ શકે છે.

સરકારનું માનવું છે કે ડાયરેક્ટ ટેક્સમાં થયેલો આ વધારો દેશમાં વધી રહેલી આર્થિક પારદર્શિતા અને વેપાર-ઉદ્યોગોના વિસ્તરણનું પરિણામ છે. જ્યારે બીજી તરફ, વિપક્ષનો આરોપ છે કે સરકાર સેસ અને સરચાર્જ જેવા માધ્યમોથી સામાન્ય જનતા પાસેથી વધુ નાણાં વસૂલી રહી છે. આમ, એક તરફ સરકારની તિજોરી છલકાઈ રહી છે, તો બીજી તરફ સામાન્ય માનવી માટે મોંઘવારી અને કરવેરાના બોજ વચ્ચે સમતુલન જાળવવું પડકારજનક બની રહ્યું છે.

### ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026માં ટાટા ભારત YUVAi હેકાથોનનું આયોજન

નવી દિલ્હી: ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026માં ટાટા ભારત YUVAi હેકાથોનનું આયોજન કરવામાં આવ્યું છે. જે નોન-કોડર્સ માટે ભારતની સૌથી મોટી હેકાથોનની પરાકાષ્ઠા તરીકે ચિહ્નિત થઈ છે. જે સામૂહિક ધોરણે ડિજિટલ ક્રિએશનને સક્ષમ કરવામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની પરિવર્તનશીલ સંભાવના પ્રદર્શિત કરે છે.

આ પ્રકારની પ્રથમ હેકાથોને કલા, વિજ્ઞાન અને વાણિજ્ય ક્ષેત્રના કોલેજના 1,800 વિદ્યાર્થીઓને ફક્ત 90 મિનિટમાં વર્કિંગ ડિજિટલ એપ પ્રોટોટાઈપ બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તમામ સહભાગીઓ, ખાસ કરીને નોન-કોડર્સ (જેઓએ અગાઉ ક્યારેય કોડિંગનો અનુભવ કર્યો નથી) તેમને ભારતની પ્રાદેશિક ભાષાઓમાં કાર્યરત AI ટૂલ્સ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જે તેમને વાસ્તવિક સમયમાં સમસ્યા ઓળખવાથી ઉકેલ-નિર્માણ તરફ એકીકૃત રીતે આગળ વધવા સક્ષમ બનાવે છે.

આ કાર્યક્રમમાં ભારત સરકારના રેલ્વે, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ટીસીએસના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર કે. કૃતિવાસને પણ હાજરી આપી હતી.

સહભાગીઓએ હેલ્થકેર, શિક્ષણ, કૃષિ અને નાગરિક જીવન સહિતના મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં પડકારો પસંદ કર્યા હતા.

## News Brief

### ગૌડિયમ આઈવીએફ એન્ડ વિમેન હેલ્થ લિમિટેડના ઈક્વિટી શેર્સનો આઈપીઓ 20 ફેબ્રુઆરી, 2026ના રોજ ખુલશે

અમદાવાદ | ગૌડિયમ આઈવીએફ એન્ડ વિમેન હેલ્થ લિમિટેડે ("Gaudium IVF" or "The Company") જાહેર કર્યું છે કે તેના ઈક્વિટી શેર્સ માટેના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર ખુલવાની તારીખ શુક્રવાર, 20 ફેબ્રુઆરી, 2026 રહેશે. ઓફરમાં 1,13,92,500 સુધીના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ (the "Fresh Issue") તથા પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર (the "Selling Shareholder") ડો. મનિકા ખન્ના દ્વારા 94,93,700 સુધીના ઈક્વિટી શેર્સની વેચાણ માટેની ઓફર (the "Offer for Sale")નો સમાવેશ થાય છે.કંપની ઈશ્યૂમાંથી મળનારી કુલ આવકનો કંપનીના નવા આઈવીએફ સેન્ટર્સ ઊભા કરવા માટે મૂડી ખર્ચને ભંડોળ આપવા, કંપની દ્વારા લેવાયેલી કેટલીક બાકી લોનની સંપૂર્ણ કે આંશિક ચુકવણી કે પૂર્વચુકવણી કરવા તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે (the "Objects of the Offer") ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર ગુરુવાર, 19 ફેબ્રુઆરી, 2026ના રોજ ખુલશે અને બંધ થશે. બિડ/ઓફર શુક્રવાર, 20 ફેબ્રુઆરી, 2026ના રોજ સબ્ક્રીપ્શન માટે ખુલશે અને મંગળવાર, 24 ફેબ્રુઆરી, 2026ના રોજ બંધ થશે.

### ગુજરાતના માનનીય રાજ્યપાલે અમદાવાદના ઈસરો સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર ખાતે Moonshots and Marathons પુસ્તકનું વિમોચન કર્યું

અમદાવાદ | ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદમાં ઈસરો સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (એસએસી) ખાતે Moonshots and Marathons પુસ્તકનું આજે વિમોચન કર્યું હતું. આ પુસ્તક ભારતમાં ડીપટેક સ્ટાર્ટઅપ્સ ઊભા કરવા અને તેને વિકસાવવા માટેની પ્રેક્ટિકલ ગાઈડ છે. સ્થાપકો, રોકાણકારો, વૈજ્ઞાનિકો તથા ભારતની ઈનોવેશન અને ડીપટેક કમ્યૂનિટીના ઈકોસિસ્ટમ હિસ્સેદારોની ઉપસ્થિતમાં બંધબારણે આ આ વિમોચન કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે માનનીય રાજ્યપાલની સાથે ઈસરો સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટરના કંટ્રોલર વિવેક જૈન, જેબીએમ ગ્રુપના ચેરમેન એસ. કે. આર્ય, ઈસરો સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટરના ડિરેક્ટર નિલેશ એમ. દેસાઈ, ચિરિપાલ ગ્રુપના પ્રમોટર જ્યોતિપ્રકાશ ચિરિપાલ અને 8X Ventures ના ડિરેક્ટર ચિરાગ ગુપ્તા પણ ઉપસ્થિત રહ્યા હતા. ચિરાગ ગુપ્તા, ગોવિંદ કેડિયા અને ડો. સુનીલ કે. શેખાવતે આ પુસ્તક લખ્યું છે. પુસ્તકમાં ભારતમાં જ્ઞાન આધારિત કંપનીઓ ઊભી કરવાની વાસ્તવિકતાઓ પર ધ્યાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમાં સંશોધનને વાસ્તવિક પ્રોડક્ટ્સમાં ફેરવવા, બૌદ્ધિક સંપત્તિ સંભાળવા, પેટન્ટ કેપિટલની એક્સેસ મેળવવા અને લાંબા ગાળાના ટેક્નોલોજી બિઝનેસીસ ઊભા કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

### એક્સિસ કેપિટલે સિગ્નેચર ગ્લોબલના શેર ખરીદવાની ભલામણ કરી, કિંમત ₹1,300 સુધી પહોંચવાનો અંદાજ

અમદાવાદ | આરએમઝેડ સાથેની ભાગીદારીમાં કોમર્શિયલ રિયલ એસ્ટેટમાં ઉતરવા પર બ્રોકરેજ ફર્મ એક્સિસ કેપિટલે સિગ્નેચર ગ્લોબલ (ઈન્ડિયા) લિમિટેડના શેર 'ખરીદવા'ની ભાલમણ કરી છે. એક્સિસ સિક્યોરિટીઝે 1300ના ટાર્ગેટ પ્રાઈઝ સાથે 'ખરીદવા'ની રેટિંગ જાળવી રાખ્યુ છે, જે 22% સુધીનો ઉછાળો દર્શાવે છે. સિગ્નેચર ગ્લોબલના શેર બુધવાર, 18 ફેબ્રુઆરી, 2026ના રોજ 1070.10 પ્રતિ શેરના ભાવે ખુલ્યા. એક્સિસ કેપિટલે પોતાના રિપોર્ટમાં સિગ્નેચર ગ્લોબલ (ઈન્ડિયા) લિમિટેડ પર 'ખરીદવા'ની સલાહ પાછળ નીચે જણાવ્યા મુજબના કારણ દર્શાવ્યા છે. પોતાની વૈવિધ્યકરણ રણનીતિ અંતર્ગત સિગ્નેચર ગ્લોબલે દક્ષિણ ભારતમાં એક અગ્રણી લિઝિંગ એસેટ ડેવલપર આરએમઝેડની સાથેની ભાગીદારીના માધ્યમથી કોમર્શિયલ રિયલ એસ્ટેટ સેગમેન્ટમાં ઉતરવાની જાહેરાત કરી છે.ભાગીદારી અંતર્ગત લગભગ 5.5 મિલિયન ચોરસ ફૂટની આયોજિત લીઝ યોગ્ય વિસ્તાર સાથે કાર્યાલય-કેન્દ્રિત, મિક્સ્ડ-યૂઝ-ગ્રેડ-એ પ્રોપર્ટીનું નિર્માણ શામેલ છે.

### ફેડએક્સ એ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સંપૂર્ણપણે સ્વચાલિત એર કાર્ગો હબનું શિલાન્યાસ કર્યું

અમદાવાદ | ફેડએક્સ NMIA ખાતે 2,500 કરોડથી વધુના લાંબા ગાળાના રોકાણ સાથે 300,000 ચોરસ ફૂટનું સંપૂર્ણ સ્વચાલિત એર કાર્ગો હબ બનાવશે. આ સુવિધા ભારતને દક્ષિણ-પૂર્વ એશિયા, પશ્ચિમ એશિયા, યુરોપ અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે જોડતા રીજનલ હબ (પ્રાદેશિક કેન્દ્ર) તરીકે સેવા આપશે. આ હબ પશ્ચિમ ભારતના આંતરરાષ્ટ્રીય ટ્રેડ કોરિડોરને મજબૂત બનાવવા માટે NMIA ના મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરે છે ફેડએક્સ અને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (NMIA) એ આજે ફેડએક્સના સંપૂર્ણપણે સ્વચાલિત એર કાર્ગો હબનું શિલાન્યાસ કર્યું, જે ભારતના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય ટ્રેડ કોરિડોરમાં ક્ષમતા વધારશે અને પશ્ચિમ ભારત માટે એકીકૃત લોજિસ્ટિક્સ અને ટ્રેડ ગેટવે તરીકે તેની ભૂમિકાને વધુ મજબૂત બનાવશે. ફેડએક્સનું 2,500 કરોડનું લાંબા ગાળાનું રોકાણ પ્રસ્તાવિત 300,000 ચોરસ ફૂટ ફેસિલિટીને ટેકો આપશે, જે પ્રાદેશિક એકત્રીકરણ અને પુનઃવિતરણ કેન્દ્ર તરીકે ડિઝાઈન કરવામાં આવી છે અને અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL) સાથે ભાગીદારીમાં વિકસાવવામાં આવી છે.

## ભારત નોર્વે આર્થિક હાઈ-ટેક ભાગીદારી સેમિકન્ડક્ટર અને ગ્રીન ટેકનોલોજીમાં વધશે

ઓસ્લો: ભારત અને નોર્વે વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં એક નવો અધ્યાય ઉમેરાવા જઈ રહ્યો છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે નોર્વેના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોર સાથે ઓસ્લોમાં મુલાકાત કરી હતી, જેમાં બંને દેશોએ સેમિકન્ડક્ટર, ગ્રીન ટેકનોલોજી અને મેરીટાઈમ જેવા અત્યંત મહત્વના ક્ષેત્રોમાં વ્યાપક ભાગીદારી કરવા પર ભાર મૂક્યો છે. આ બેઠક દરમિયાન ભારત અને યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) વચ્ચેના કરારોને વહેલી તકે અમલમાં મૂકવા અંગે પણ ગંભીર ચર્ચાઓ કરવામાં આવી હતી. નાણા મંત્રાલય દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી વિગતો મુજબ, નોર્વેના વડાપ્રધાને ભારતના આર્થિક સુધારાની ગતિની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે નોર્વે આ વર્ષના અંતમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતની આતુરતાથી રાહ જોઈ રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ મુલાકાતથી ભારત અને નોર્વે વચ્ચે માછીમારી, હેલ્થ-ટેક, મેરીટાઈમ અને સ્પેસ સેક્ટરમાં સહયોગના નવા આયામો ખુલશે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, બંને નેતાઓએ હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ, કાર્બન કેપ્ચર સ્ટોરેજ, સ્ટાર્ટઅપ્સ, સેમિકન્ડક્ટર્સ અને રિન્યુએબલ એનર્જી જેવા ક્ષેત્રોમાં સંયુક્ત સાહસો સ્થાપવા અંગે વિસ્તૃત રૂપરેખા તૈયાર કરી છે. નાણામંત્રી સીતારમણે નોર્વેના વેપાર અને ઉદ્યોગ મંત્રી તેમજ મત્સ્યોદ્યોગ મંત્રી સાથે પણ બેઠકો યોજી હતી, જેમાં રેર અર્થ પ્રોસેસિંગ અને ગ્રીન શિપિંગ ઉદ્યોગમાં રોકાણની શક્યતાઓ તપાસવામાં આવી હતી. નાણામંત્રીએ ઓસ્લોમાં ૩૫ થી વધુ પ્રતિષ્ઠિત નોર્વેજીયન સીઈઓ અને રોકાણકારો સાથે રાઉન્ડ ટેબલ બેઠક યોજી હતી.

#### રોકડ ચલણનો નવો રેકોર્ડ નોંધાતા અર્થશાસ્ત્રીઓ પણ ચોંકી ઉઠ્યા

## કરન્સી ઈન સરક્યુલેશનનો નવો રેકોર્ડ ચાલીસ લાખ કરોડને વટાવી

(એજન્સી) અમદાવાદ | તા 18

ભારત ભલે ડિજિટલ પેમેન્ટની દિશામાં હરણફાળ ભરી રહ્યું હોય, પરંતુ બજારમાં રોકડ ચલણનું પ્રમાણ (કરન્સી ઈન સરક્યુલેશન) અત્યાર સુધીના સૌથી ઉચ્ચ સ્તરે પહોંચી ગયું છે. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા પખવાડિયાના આંકડા મુજબ, દેશમાં રોકડનું પ્રમાણ ૪૦ લાખ કરોડ રૂપિયાના સીમાચિહ્નને વટાવી ગયું છે. એક તરફ યુપીઆઈ વ્યવહારો વધી રહ્યા છે, તો બીજી તરફ બજારમાં રોકડની આટલી મોટી હાજરીએ આર્થિક વિશ્લેષકોમાં કુતૂહલ જગાડ્યું છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના તાજેતરના અહેવાલે આ વિરોધાભાસી ચિત્ર પરથી પડદો ઉઠાવ્યો છે.રસપ્રદ તથ્ય એ છે કે ચલણમાં રોકડનું પ્રમાણ વધવા છતાં, રોકડ-થી-જીડીપી ગુણોત્તરમાં ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૧માં આ ગુણોત્તર ૧૪.૪ ટકા હતો, જે વર્ષ ૨૦૨૬માં ઘટીને ૧૧ ટકા થઈ ગયો છે. મીડિયા અહેવાલ મુજબ, વધતી જતી જીડીપી વૃદ્ધિ હવે માત્ર રોકડ પર આધારિત નથી, પરંતુ તેમાં યુપીઆઈ જેવા ડિજિટલ માધ્યમોનો ફાળો સિંહફાળો રહ્યો છે. એટલે કે અર્થતંત્ર મોટું થઈ રહ્યું છે, પણ તેની ગતિ ડિજિટલ વ્યવહારો દ્વારા વધુ સંચાલિત છે.રોકડની માંગ વધવા પાછળના કારણો તપાસતા માલૂમ પડે છે કે એટીએમમાંથી રોકડ ઉપાડવાની માસિક સરેરાશ ૨.૫ લાખને વટાવી ગઈ છે. ખાસ કરીને કર્ણાટક, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં રોકડની માંગ વધુ જોવા મળી છે. રિપોર્ટમાં એક ચોંકાવનારો ખુલાસો એ પણ થયો છે કે કર્ણાટકમાં નાના વેપારીઓને યુપીઆઈ વ્યવહારોના આધારે ૧૮,૦૦૦ જેટલી જીએસટી નોટિસો ફટકારવામાં આવતા, વેપારીઓ હવે ફરી રોકડ વ્યવહારો તરફ વળ્યા હોય તેવું જણાય છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા જણાય છે કે ગ્રામીણ વિસ્તારોમાં રોકડની લોકપ્રિયતા હજુ અકબંધ છે.

### દરેક સ્વાઈપ સાથે વધુ બેનિફિટ અનલોક કરો: એક્સિસ બેન્ક અને ઈન્ડિગોએ ટ્રાવેલ

રાષ્ટ્રીય | ભારતની સૌથી મોટી પ્રાઈવેટ સેક્ટરની બેન્કો પૈકીની એક એક્સિસ બેન્ક અને ભારતની સૌથી વધુ પસંદગી ધરાવતી એરલાઈન ઈન્ડિગોએ કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ લોંચ કરવા માટે ભાગીદારી કરી છે. આ કાર્ડ ભારતીય ગ્રાહકોની બદલાતી જરૂરિયાતોને પૂરા કરવા માટે તૈયાર કરવામાં આવેલ છે. આ કાર્ડ બે પ્રકારના છે- ઈન્ડિગો એક્સિસ બેન્ક ક્રેડિટ કાર્ડ અને ઈન્ડિગો એક્સિસ બેન્ક પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ. તેને ઈન્ડિગોના લોયલ્ટી પ્રોગ્રામ, ઈન્ડિગો બ્લુચિપ મારફતે ખર્ચ કરનારને રિવર્ડ આપવા માટે સમજી-વિચારીને તૈયાર કરવામાં આવેલ છે.આ જોડાણનો ઉદ્દેશ દૈનિક ખરીદી તથા ટ્રાવેલ સંબંધિત ખર્ચા અંગે સરળતાથી અને કોઈ જ મુશ્કેલી વગર રિવર્ડ અર્નિંગ કરવાનો છે. બન્ને કાર્ડ એલિજિબલ ટ્રાન્ઝેક્શન પર ઈન્ડિગો બ્લુચિપ્સ આપે છે, આ સાથે જ ઈન્ડિગો ચેનલ્સ પર ખર્ચ કરવામાં વધુ ઝડપથી અર્નિંગ થાય છે. ગ્રાહકોને વેલકમ અને રિન્યુઅલ બેનિફિટ, માઈલસ્ટોન રિવર્ડ્સ, અને ચોક્કસ કાર્ડ વેરિએન્ટના આધાર પર લાઉન્જ એક્સેસ, એન્ટરટેઈનમેન્ટ ઓફર, ડાઈનિંગ ડિસ્કાઉન્ટ, અને ઓછા ફોરેક્સ માર્કઅપ જેવા અનેક લાઈફસ્ટાઈલ પ્રીવિલેજ પણ પ્રાપ્ત થશે.

#### કર્મચારીઓના પગાર માળખામાં ફેરફાર કરવા કંપનીઓ મજબૂર

## નિફ્ટી પચાસ કંપનીઓને નવા લેબર કોડનો મસમોટો ફટકો

મુંબઈ: દેશના કોર્પોરેટ જગતમાં ૨૧ નવેમ્બર, ૨૦૨૫થી અમલી બનેલા નવા શ્રમ સંહિતા (લેબર કોડ) એ મોટી કંપનીઓના નાણાકીય ગણિતો ખોરવી નાખ્યા છે. તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, નિફ્ટી-૫૦ ઈન્ડેક્સમાં સામેલ દેશની ટોચની ૫૦ કંપનીઓને આ નવા નિયમોને કારણે અંદાજે રૂ. ૧૩,૧૬૧ કરોડનો જંગી નાણાકીય ફટકો પડ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ત્રિમાસિક ગાળાના પરિણામોના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે, કંપનીઓએ કર્મચારીઓના સામાજિક સુરક્ષા લાભો માટેના અનામત ભંડોળમાં ધરખમ વધારો કરવો પડ્યો છે. નવા લેબર કોડની સૌથી મોટી અસર પગારના માળખા પર પડી છે. નવા કાયદા મુજબ, કોઈપણ કર્મચારીનો મૂળ પગાર (Basic Pay) તેના કુલ પગારના ઓછામાં ઓછા ૫૦ ટકા હોવો ફરજિયાત છે. અત્યાર સુધી ઘણી કંપનીઓ મૂળ પગાર ઓછો રાખી અન્ય ભથ્થાઓ વધુ આપતી હતી. હવે મૂળ પગાર વધતા પીએફ (Provident Fund) અને ગ્રેચ્યુઈટી જેવા કાનૂની લાભોમાં કંપનીઓનું યોગદાન આપોઆપ વધી ગયું છે. આ ફેરફારને કારણે કંપનીઓએ વન-ટાઈમ એડજસ્ટમેન્ટ તરીકે મોટી રકમની જોગવાઈ કરવી પડી છે.જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, બીજો મહત્વનો ફેરફાર ગ્રેચ્યુઈટીની પાત્રતામાં છે. અગાઉ ગ્રેચ્યુઈટી માટે પાંચ વર્ષની સેવા અનિવાર્ય હતી, જે હવે ફિક્સ્ડ-ટર્મ કર્મચારીઓ માટે ઘટાડીને માત્ર એક વર્ષ કરી દેવામાં આવી છે. આ નિયમને કારણે કંપનીઓના ગ્રેચ્યુઈટી ખર્ચમાં ૨૫ થી ૫૦ ટકાનો ઉછાળો આવવાની શક્યતા છે. ખાસ કરીને જે કંપનીઓમાં કોન્ટ્રાક્ટ અથવા ફિક્સ્ડ-ટર્મ કર્મચારીઓની સંખ્યા વધુ છે, તેમને આર્થિક ભારણ વધુ સહન કરવું પડ્યું છે.

### અંબુજા સિમેન્ટ્સે પ્રાયોગિક શિક્ષણને પ્રોત્સાહન આપવા STEM લેબનું ઉદ્ઘાટન કર્યું

અમદાવાદ | વિવિધ ક્ષેત્રે કામગીરી ધરાવતાં અદાણી પોર્ટફોલિયોનો હિસ્સો અને વિશ્વમાં બિલ્ડિંગ મટીરિયલ્સ સોલ્યુશન્સ ઉપલબ્ધ બનાવતી 9મી સૌથી મોટી કંપની અંબુજા સિમેન્ટ્સે, તેની CSR (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) પહેલ અંતર્ગત ચંદ્રપુરના ઉપ્પરવાહીમાં આવેલી જિલ્લા પરિષદ પ્રાથમિક શાળામાં STEM (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત) લેબનું ઉદ્ઘાટન કર્યું. આ કાર્યક્રમ બ્લોક એજ્યુકેશન ઓફિસર શ્રી કલ્યાણ જોગદાન, શાળા અને પંચાયતના પ્રતિનિધિઓ અને અંબુજા સિમેન્ટ્સના સ્ટાફની ઉપસ્થિતિમાં યોજાયો હતો.કાર્યક્રમ દરમિયાન, વિદ્યાર્થીઓએ નવી સ્થાપિત STEM લેબમાં તૈયાર કરેલા વિવિધ મોડેલ્સનું નિદર્શન કર્યું હતું, જે પ્રાયોગિક શિક્ષણ અને વૈજ્ઞાનિક જિજ્ઞાસા દર્શાવતા હતા. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલાં વિવિધ પ્રેઝન્ટેશનથી મુખ્ય અતિથિ પ્રભાવિત થયા હતાં. અતિથિઓએ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી, તેમના પ્રયત્નોની પ્રશંસા કરી, તેમને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતાં.

## કાર્લ્સબર્ગના ઈન્ડિયા IPOના છુપાયેલા સ્મોલ-કેપ લાભાર્થી: એસ્ગાર્ડ અલ્કોબેવ

(એજન્સી) મુંબઈ | તા 18

ડેનિશ બ્રુઈંગ જાયન્ટ કાર્લ્સબર્ગ 2026 માં તેની ભારતીય પેટાકંપની માટે બ્લોકબસ્ટર ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) ને અનકોર્ક કરવાની તૈયારી કરી રહ્યું છે, ત્યારે બજાર નિરીક્ષકો હેડલાઈન લિસ્ટિંગથી આગળ વધીને બીજા ક્રમના લાભાર્થીઓ શોધી રહ્યા છે *. આ વાર્તામાં મુખ્ય પ્રોક્સી પ્લે તરીકે ઉભરી રહેલી એસ્ગાર્ડ અલ્કોબેવ લિમિટેડ (અગાઉ બાણગંગા પેપર ઈન્ડસ્ટ્રીઝ),* એક સ્મોલ-કેપ કંપની છે જેણે આક્રમક રીતે પેપર ટ્રેડિંગથી કોન્ટ્રાક્ટ બ્રુઈંગ તરફ વળ્યા છે, અને પોતાને કાર્લ્સબર્ગ ઈન્ડિયા માટે એક મહત્વપૂર્ણ વિક્રેતા તરીકે સ્થાન આપ્યું છે.ઉત્પ્રેરક: કાર્લ્સબર્ગની IPO યોજનાઓ : ભારતીય આલ્કોહોલ બજારમાં વધતા વેચાણ અને 'પ્રીમિયમાઈઝેશન' લહેરથી પ્રેરિત, કાર્લ્સબર્ગ ઈન્ડિયા 30,000 કરોડ અને 35,000 કરોડ વચ્ચેના મૂલ્યાંકન પર નજર રાખી રહી છે. આ IPOનો હેતુ બ્રુઅરના સૌથી ઝડપથી વિકસતા બજારોમાંના એકમાં મૂલ્ય મેળવવાનો છે, જ્યાં તે યુનાઈટેડ બ્રુઅરીઝ પછી ★2 નું મજબૂત સ્થાન (આશરે 20% બજાર હિસ્સો) ધરાવે છે.એકત્ર કરાયેલી મૂડી બજારમાં વધુ ઊંડા પ્રવેશ અને ક્ષમતા વિસ્તરણને પ્રોત્સાહન આપશે તેવી અપેક્ષા છે - એક એવું પગલું જે તેના લોકપ્રિય કાર્લ્સબર્ગ એલિફન્ટ અને ટુબોર્ગ બ્રાન્ડ્સને બ્રુઅરી અને બોટલિંગ કરવા માટે જવાબદાર સપ્લાય ચેઈન ભાગીદારોને સીધી અસર કરે છે. ધ પીવોટ: પેપરથી પિન્ટ્સ સુધી: તાજેતર સુધી, કંપની જે હવે એસ્ગાર્ડ અલ્કોબેવ તરીકે ઓળખાય છે તે બાણગંગા પેપર ઈન્ડસ્ટ્રીઝ હતી, જે પેપર ટ્રેડિંગ ક્ષેત્રમાં પ્રમાણમાં અસ્પષ્ટ ખેલાડી હતી. 2026 ની શરૂઆતમાં પૂર્ણ થયેલા વ્યૂહાત્મક ફેરફારમાં, કંપનીએ મેઘાલય સ્થિત એક મજબૂત બ્રુઅરીઝ, CMJ બ્રુઅરીઝમાં નિયંત્રિત ₹79% હિસ્સો રિબ્રાન્ડ કર્યો અને હસ્તગત કર્યો. આ સંપાદનથી કંપની અસરકારક રીતે શુદ્ધ-પ્લે લિકર કોન્ટ્રાક્ટ ઉત્પાદકમાં પરિવર્તિત થઈ. CMJ બ્રુઅરીઝ એક નવી સ્ટાર્ટઅપ નથી; તે ઉત્તરપૂર્વ ભારતમાં એક સ્થાપિત સુવિધા છે જે ઉદ્યોગના હેવીવેઈટ, ખાસ કરીને કાર્લ્સબર્ગ ઈન્ડિયા અને યુનાઈટેડ બ્રુઅરીઝ (કિંગફિશર) માટે ફ્રેન્ચાઈઝી અને કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ ભાગીદાર તરીકે સેવા આપે છે. એસ્ગાર્ડ પર 'કાર્લ્સબર્ગ ઈફેક્ટ' : આ ભાગીદારી કાર્લ્સબર્ગના નસીબ અને એસ્ગાર્ડ અલ્કોબેવના વિકાસ માર્ગ વચ્ચે સીધો સંબંધ બનાવે છે. ઉદ્યોગ પરિદ્રશ્ય : ભારતીય બીયર બજાર 2034 સુધીમાં 1.24 લાખ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. 'ચાઈના પ્લસ વન' વ્યૂહરચના યુરોપિયન કંપનીઓને ભારતમાં લિસ્ટિંગ માટે પ્રોત્સાહિત કરે છે, કાર્લ્સબર્ગનો IPO ભારતીય ગ્રાહક વાર્તાનું માન્યતા છે. એસ્ગાર્ડ અલ્કોબેવ માટે, તેના મુખ્ય સમય - તેના સૌથી મોટા ક્લાયન્ટ જાહેર થાય તે પહેલાં - ભારતના બીયર તેજીના વધતા પ્રવાહને પકડવા માટે એક ગણતરીપૂર્વકનું પગલું હોય તેવું લાગે છે.

## કોટક લાઈફએ 'કોટક સિગ્નેચર લેગસી' લોન્ચ કર્યું - એક સંપૂર્ણ લાઈફ ટર્મ પ્લાન જે પરિવારની સુરક્ષા પ્રત્યે લાઈફ ટાઈમ કમિટમેન્ટને ઓનર કરે છે

(એજન્સી) મુંબઈ | તા 18

કોટક મહિન્દ્રા લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ ('કોટક લાઈફ') એ આજે કોટક સિગ્નેચર લેગસી, લોન્ચ કરવાની જાહેરાત કરી, જે એક સંપૂર્ણ લાઈફ ટર્મ પ્લાન છે જે 99 વર્ષની ઉંમર સુધીનું લાઈફ કવર આપે છે; જે વ્યક્તિઓને તેમના પરિવારની લાંબા ગાળાની નાણાકીય સુરક્ષાને મજબૂત બનાવવામાં અને કાયમી વારસો બનાવવામાં મદદ કરે છે.

કોટક સિગ્નેચર લેગસી 40 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોની વાસ્તવિકતા દર્શાવે છે; તેમની સુરક્ષા તેમની પ્રગતિ સાથે ગતિ જાળવી શકી નથી.

જેમ જેમ કારકિર્દી આગળ વધે છે અને જવાબદારીઓ વધે છે, તેમ તેમ હોમ લોન, EMIs, લાંબા ગાળાના કૌટુંબિક ધ્યેયો અને અપેક્ષાઓ જેવી જેવા ફાઈનાન્શિયલ કમિટમેન્ટ પણ વધતા રહે છે. જોકે, આ તબક્કે ઘણા લોકોને એવું લાગી શકે છે કે તેમનું પ્રોટેક્શન પૂરતું નથી કારણ કે હાલનું કવર પૂરતું નથી અથવા લાંબા સમયથી તેને રીવ્યુ કરવામાં આવ્યું નથી.

કોટક સિગ્નેચર લેગસી પ્લાન આ ખાલી જગ્યાને પૂર્ણ કરે છે. આ પ્લાન બદલાતી લાઈફસ્ટાઈલ અને જવાબદારીઓ સાથે વધતી જતી લાંબા ગાળાની સુરક્ષા પૂરી પાડે છે, જે નાણાકીય સુરક્ષાનું રક્ષણ કરતી




વખતે લાંબા ગાળાનો વારસો આપે છે.

કોટક લાઈફના મેનેજિંગ ડિરેક્ટર શ્રી. મહેશ બાલસુબ્રમણ્યમે જણાવ્યું હતું કે, 'કોટક લાઈફ ખાતે, અમારું અતૂટ કમિટમેન્ટ નવીનતા લાવવાની અને એવા પ્રોડક્ટ્સ આપવાની છે જે ખરેખર અમારા ગ્રાહકોની બદલાતી જરૂરિયાતોને પૂર્ણ કરે છે. કોટક સિગ્નેચર લેગસી વ્યક્તિઓને તેમની વધતી જતી સુરક્ષાની જરૂરિયાતોને એક એવા પ્લાન સાથે મજબૂત બનાવવા સક્ષમ બનાવે છે જે તેમના જીવન સફર સાથે આગળ વધે છે. અમારું માનવું છે કે આ પ્રોડક્ટ પરિવારોને આત્મવિશ્વાસ અને માનસિક શાંતિ સાથે મજબૂત નાણાકીય સુરક્ષા પ્રાપ્ત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.'

આ પ્રોડક્ટ પ્લાનના બે વિકલ્પો આપે છે:

લેગસી પ્લાન - વધતા લાઈફ કવર સાથે સંપૂર્ણ લાઈફ કવર (99 વર્ષની ઉંમર સુધી)

લેગસી પ્લસ પ્લાન - વધતા લાઈફ કવર અને પ્રીમિયમના રિટર્ન સાથે સંપૂર્ણ લાઈફ કવર (99 વર્ષની ઉંમર સુધી)

આ પ્રોડક્ટ અનેક ઈન-બિલ્ટ બેનિફિટ્સ આપે છે, જેમાં ટર્મિનલ બીમારી માટે કવરેજ, પ્રીમિયમ પેમેન્ટ ટર્મ દરમિયાન એક્સિડેન્ટલ ડેથ બેનિફિટ અને પ્રીમિયમ પેમેન્ટ ટર્મ પછી વધતું જતું ક્રિટિકલ ઈલનેસ બેનિફિટ નો સમાવેશ થાય છે. ગ્રાહકોને આરોગ્ય અને તંદુરસ્તીનો બેનિફિટ પણ મળે છે, જેમાં દર ત્રણ વર્ષે ફ્રી મેડિકલ ચેકઅપ* નો સમાવેશ થાય છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ફાગણ સુદ-02

# ભાજપએ ચૂંટણી પહેલા સિદ્ધુ દંપતી માટે જમીન તૈયાર કરી

પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલા જે રીતે સિધ્ધુ દંપતીએ કોંગ્રેસ સાથે છેડો ફાડયો છે અને ભાજપના વખાણ શરૂ કર્યા છે એનાથી એવું નક્કી મનાય છે કે સિધ્ધુ દંપતી હવે ભાજપમાં જોડાશે. ભાજપના નેતાઓએ પણ હવે સિધ્ધુ દંપતીને આવકારવાની તૈયારી શરૂ કરી દીધી છે. નવજોત સિંહ સિધ્ધુ અને એમના પત્ની નવજોત કૌર અગાઉ ભાજપમાં રહી ચૂક્યા છે. ભાજપના નેતાઓ ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ, ભૂતપૂર્વ મંત્રી મનોરંજન કાલિયા જેવા સિધ્ધુ વિરોધી નેતાઓ સાથે વાત કરશે. આ સંબંધે પ્રાથમીક વાતો થઈ છે. પત્નીની હકાલ પટ્ટી પછી પણ નવજોત સિંહ સિધ્ધુ હમણા તો કોંગ્રેસમાં છે, પરંતુ લાંબો સમય ટકે એમ લાગતું નથી. નવજોત સિંહ સિધ્ધુએ યુ-ટર્ન મારીને એકાએક નરેન્દ્ર મોદીના વખાણ કરવાના શરૂ કર્યા છે. જોકે ભાજપના કેટલાક નેતાઓ જ સિધ્ધુ દંપતીની વિરુદ્ધમાં છે કારણ કે સિધ્ધુ દંપતીએ વારંવાર વફાદારી બદલી છે.રમઝાન મહિનો શરૂ થવાને ગણતરીના દિવસો બાકી છે તે પહેલા દિલ્હીના બજારોમાં ચહલ-પહલ વધી ગઈ છે. ખજૂર અને સેવૈયાની દુકાનો પર વધુ ભીડ દેખાય છે. જામામસ્જીદ, હઝરત નિઝામુદ્દીન દરગાહ, ચાંદની ચોક, મીના બજાર અને ચીટલી કબર બજારમાં ગ્રાહકો દેખાઈ રહ્યા છે. બજારને શણગારવામાં આવ્યા છે. આ વખતે સાઉદી અરેબિયા, મક્કા - મદીના, દુબઈ, ટયુનીશિયા અને ઈરાનથી ખજુર મંગાવવામાં આવ્યા છે. મદીનાથી અંબર, અજવા, કલવી, મગરૂમ, મજદુલ, હસબતી, રઝાન અને કીમીયા જેવા વિવિધ પ્રકારો આવી ગયા છે. એક કિલોની કિંમત ૧૫૦ થી લઈને ૧,૬૦૦ રૂપિયા સુધી છે. વેપારીઓનું કહેવું છે કે આ વર્ષે ગયા વર્ષ કરતા વધુ વેચાણ થવાની શક્યતા છે. મીઝોરમના મુખ્યમંત્રી લાલદુહોમાએ કહ્યું છે કે, જમીન કૌભાંડ બાબતે થઈ રહેલા આક્ષેપો જો સાચા પુરવાર થશે તો તેઓ રાજીનામું આપી દેશે. લેંગપુરઈ જમીન વેચાણના વિવાદમાં નાણાકીય ગોલમાલ થઈ રહી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. મુખ્યમંત્રીના કહેવા પ્રમાણે જો વિરોધ પક્ષ સાબિત કરી શકે કે એમણે લાંચ લીધી છે તો તેઓ રાજ્યનું નેતૃત્વ કરવા લાયક રહેશે નહીં. કોંગ્રેસના નેતા અને ભૂતપૂર્વ મંત્રી જોન રોટલુઆંગ્લીયાનાએ આરોપ મુક્યો હતો કે, મુખ્યમંત્રીએ લાંચ લઈને જમીન કૌભાંડ કર્યું છે. રોટલુઆંગ્લીયાનાના કહેવા પ્રમાણે મુખ્યમંત્રીનો ભાગ ૧૪ કરોડ રૂપિયા હતો જેમાંથી એમને ૧૦ કરોડ રૂપિયા મળી ગયા છે. લાલદુહોમાએ લાંચની રકમ રોકડને બદલે સોનામાં સ્વિકારી છે. આ આક્ષેપથી લાલદુહોમા દુભાયા હોવાનો દેખાવ કરે છે અને પદ ત્યાગ કરવાની વાત કરે છે, પરંતુ વખત આવે ત્યારે ખબર પડશે કે તેઓ ખરેખર સત્તા છોડી દે છે કે ખુરશીને વળગી રહે છે.છેલ્લા કેટલાક વર્ષોથી કેરળમાં આવેલા શબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ બાબતે વિવાદ ચાલી રહ્યો છે. આ બાબતે સત્તાધારી સામ્યવાદી પક્ષે કહ્યું છે કે, શબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશનો મુદ્દો બંધારણીય મુશ્કેલીઓ સાથે જોડાયેલો છે. સરકાર વાતચીત દ્વારા જ આ સમસ્યાનો હલ ઈચ્છે છે. રાજ્યના કાયદામંત્રી પી રાજીવએ કહ્યું હતું કે, સુપ્રિમ કોર્ટે પહેલા જ સ્પષ્ટ કર્યું છે કે, ૭ જેટલા બંધારણીય સવાલોનો અભ્યાસ કર્યા પછી અરજી પર વિચાર કરવામાં આવશે. મંત્રીએ કહ્યું હતું કે, સરકાર શ્રદ્ધાળુઓના વિશ્વાસની રક્ષા કરશે અને એમને પડખે ઉભી રહેશે. કેરળના બે મોટા હિન્દુ સંગઠનો નાયર સેવા સોયાટી (એનએસએસ) અને શ્રી નારાયણ ધર્મ પરિપાલન (એસએનડીપી) ફરીફરીને કહે છે કે, માસિક ધર્મવાળી મહિલાઓને શબરીમાલા મંદિરમાં પ્રવેશ મળવો જોઈએ નહીં.કર્ણાટક હાઈકોર્ટે કોંગ્રેસના ધારાસભ્ય એસ એન સુબ્બા રેડ્ડીની ચૂંટણી રદ કરી દીધી છે. ૨૦૨૩ વિધાનસભાની ચૂંટણી તેઓ ચીક્કબલ્લાપુર જિલ્લાની બાગેપલ્લી બેઠક પરથી જીત્યા હતા. કોર્ટના આ નિર્ણયને કારણે કોંગ્રેસને ફટકો પડયો છે. એમ મનાય છે કે ફરીથી જો આ બેઠક પર ચૂંટણી થશે તો કોંગ્રેસે જીતવું મુશ્કેલ છે. ભાજપના ઉમેદવાર મુનીરાજુએ ૨૦૨૩માં ૨૪મી જૂને હાઈકોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. એમનો આરોપ હતો કે સુબ્બા રેડ્ડીએ ઉમેદવારી પત્ર ભરતી વખતે એમની તમામ મિલકતોની જાણકારી આપી નહોતી. એમણે પોતાની સામે ચાલી રહેલા કેટલાક ફોજદારી ગુનાઓ છૂપાવ્યા હતા. કેસની સુનાવણી દરમિયાન સાબિત થઈ ગયું હતું કે, ધારાસભ્યએ પોતાની મિલકતની જાહેરાત કરવાના નિયમોનો ભંગ કર્યો હતો અને કેટલીક જરૂરી માહિતી છુપાવી પણ હતી.

# દેવગઢ બારિયા તાલુકાના રાતડીયા ખાતે કૃષિ સખી સવાયા ઉષાબેનએ ખેડૂત બહેનોને પ્રાકૃતિક ખાતર બનાવવા અંગે આપી તાલીમ




દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકામાં આવેલ રાતડીયા ગામ ખાતે કૃષિ સખી સવાયા ઉષાબેનએ અન્ય ખેડૂત બહેનોને કુદરતી ખાતર કઈ રીતે બનાવવું એ અંગે પ્રેક્ટીકલ થકી તાલીમ આપી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તાર પૂર્વક જાણકારી આપી હતી. આ દરમ્યાન ઉષાબેનએ સૌ ખેડૂત બહેનોને મુંઝવતા પ્રશ્નોના જવાબ આપી પ્રાકૃતિક ખેતી થકી થતા ફાયદાઓ તેમજ રાસાયણિક ખાતર-બિયારણ-દવા થકી જમીન, અનાજ, શાકભાજી, ફળો થકી મનુષ્યોને કઈ રીતે નુકસાન કારક છે એ અંગે સમજણ આપી હતી.

# ઈરા ચૌહાણના માર્ગદર્શન હેઠળ ધાનપુર તાલુકાની આંગણવાડી કાર્યકર બહેનોની જોબ તાલીમ યોજાઈ



દિપક રાવલ દાહોદ લીમખેડા

જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી ઈરા ચૌહાણના માર્ગદર્શન હેઠળ ધાનપુર તાલુકાની આંગણવાડી કાર્યકર બહેનોની તાલુકા પંચાયત કચેરી ખાતે આવેલ સંકલિત બાળવિકાસ કચેરીના હૉલ ખાતે જોબ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ ચાલતા (ICDS) યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકર બહેનોને તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમનો મુખ્ય હેતુ કાર્યકરોની કાર્યક્ષમતા વધારવી, બાળ વિકાસ સેવાઓની ગુણવત્તા સુધારવી અને ગર્ભવતી તથા ધાત્રી માતાઓ તેમજ ૦ થી ૬ વર્ષના બાળકોને સુધી તમામ લાભ પહોંચાડવાનો છે.આ તાલીમમા બાળ પોષણ અને આરોગ્ય સંબંધિત જાગૃતિ ,પ્રી-સ્કૂલ શિક્ષણની અસરકારક પદ્ધતિઓ, વૃદ્ધિ માપન અને રેકોર્ડ જાળવણી,માતા-બાળ આરોગ્ય અને રસીકરણ અંગેની માહિતી, સમુદાય સાથે સંવાદ અને સંકલન તેમજ કૌશલ્ય વર્ધન ઉપર તાલીમ આપવામાં આવી હતી જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી ઈરાબેન ચૌહાણએ જણાવ્યું હતું કે આ પ્રકારની તાલીમથી આંગણવાડી કેન્દ્રોની સેવાઓમાં ગુણાત્મક સુધારો થશે અને ગામડાં તથા શહેરી વિસ્તારોમાં બાળકોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળશે.

# ગામે ગામ આરોગ્ય કિરણ : દાહોદ જીલ્લામાં આરોગ્યનું ઉજાસ કિરણ




દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ જીલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, જીલ્લા પંચાયત દાહોદ દ્વારા જીલ્લા વિકાસ અધિકારી શ્રી સ્મિત લોઢાના માર્ગદર્શન હેઠળ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. ઉદય ટીલાવત ના દિશા સૂચન હેઠળ "ગામે ગામ આરોગ્ય કિરણ" કાર્યક્રમ સફળતાપૂર્વક અમલમાં મુકાયો છે.

આ અંતર્ગત જીલ્લાના 102 પ્રાથમિક તેમજ શહેરી આરોગ્ય કેન્દ્ર વિસ્તારોમાં હેલ્થ કેમ્પો યોજવામાં આવ્યા હતા. આ કેમ્પોમાં કુલ 5234 લાભાર્થીઓ (2835 સ્ત્રીઓ અને 2399 પુરુષો)એ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

મુખ્ય આરોગ્ય સેવાઓ અને તપાસ:
- સગર્ભા મહિલાની તપાસ : 270
- પી.એમ.જય એ.વાય. કાર્ડ બનાવ્યા : 252
- જનરલ આરોગ્ય તપાસ : 1630
- એન.સી.ડી. - ડાયાબિટીસ - 2306 બ્લડપ્રેશર - 2373
- સિકલ સેલ તપાસ : 125
- ટી.બી. તપાસ : 97
- રસીકરણ સેવા : 66
- કેન્સર તપાસ : 95

આ હેલ્થ કેમ્પો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય જાગૃતિમાં વધારો થયો છે. તેમજ લોકોને સમયસર અને ગુણવત્તાયુક્ત તબીબી સેવા તેમના ગામે જ મળી રહી છે.

# જૂનાગઢમાં ઝાંઝરડા રોડ સ્થિત સિધ્ધનાથ મહાદેવ મંદિર પાસે ટુંક સમયમાં નિ:શુલ્ક યોગ ટ્રેનર ટ્રેનિંગ બેચ શરૂ થશે.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮. જૂનાગઢમાં ઝાંઝરડા રોડ ઉપર સિધ્ધનાથ મંદિર પાસે તા.1/3/26 થી સવારે અને સાંજે સિનિયર યોગ કોચ ટીચર શ્રી વિમળાબેન વાછાણી દ્વારા નવી નિ:શુલ્ક યોગ ટ્રેનર ટ્રેનિંગ બેચ અને યોગ સાધક બેચ શરૂ થવાની છે,આ ઉપરાંત શારીરિક, માનસિક,આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક લાભ તો ખરો જ, તો જે લોકોને આ બેચમાં જોડાવું હોય તે વહેલાસર પોતાનું નામ રજીસ્ટ્રેશન કરાવી લેવું, રજીસ્ટ્રેશન આજથી જ ચાલુ થઈ ગયું છે.

# જૂનાગઢમાં ઉપલા દાતારના બ્રહ્મલીન મહંત પૂ.પટેલ બાપુની ૩૯ મી પુણ્યતિથિ તા ૨૨ ફેબ્રુઆરીને રવિવાર ના રોજ ભવ્ય રીતે ઉજવાશે.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮. જૂનાગઢ કોમી એકતાના પ્રતિકસમી ઉપલા દાતારની ધાર્મિક જગ્યા ના બ્રહ્મલીન મહંતશ્રી પૂજ્ય પટેલબાપા ની ૩૯મી પુણ્યતિથિ તા ૨૨/૨/૨૬ને રવિવારે વહેલી સવારથી ઉજવણી કરવામાં આવશે આ પ્રસંગે સમગ્ર દાતારની જગ્યાને વિવિધ રંગબેરંગી પુષ્પો તેમજ ફુગ્ગાઓ તેમજ દ્રાક્ષ દ્વારા સુશોભિત કરવામાં આવશે તેમજ અહીંના વર્તમાન મહંતશ્રી પૂજ્ય ભીમબાપુ તેમજ દાતાર સેવકગણ દ્વારા બ્રહ્મલીન મહંતશ્રી પૂજ્ય પટેલ બાપાની સમાધિ તેમજ પૂજ્ય વિઠ્ઠલ બાપુની સમાધિ ઉપર પવિત્ર દ્રવ્યો જેવા કે દૂધ, ગંગા જળ, ગુલાબ જળ અબીલ, ગુલાલ, ચંદન તેમજ પુષ્પો તેમજ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અને પવિત્ર મંત્રોચાર કરી પૂજન-અર્ચન કરવામાં આવશે, આ પ્રસંગે એક હવનનું પણ આયોજન કરવામાં આવ્યું છે, હવનમાં અનેક દાતાર સેવકો દ્વારા પવિત્ર દ્રવ્યોની આહુતિ આપી ધન્ય બનશે તેમજ અહીંના મહંત પૂજ્ય ભીમબાપુ દ્વારા પધારેલ સર્વે ભાવિકો માટે સુંદર મજાના ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ છે, ઉપરાંતમાં રાત્રીના સમયે ભવ્ય સંતવાણીમાં નામી કલાકારો ભજનની રમઝટ બોલાવશે તો આ કાર્યક્રમમાં પધારવા માટે મહંતશ્રી ભીમબાપુએ જાહેર જનતા તેમજ સર્વે ભક્તજનોને ભાવભર્યું નિમંત્રણ આપ્યું છે.

# ડો.સુભાષ મહિલા કોલેજ, જૂનાગઢમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે કવિ સંમેલન યોજાયું.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ડો.સુભાષ મહિલા આર્ટસ. કોમર્સ અને હોમ સાયન્સ કોલેજ,જૂનાગઢના ઉપક્રમે તા.૧૭-૦૨-૨૦૨૬ ના રોજ ના વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નો પ્રારંભ કોલેજના આધ્યસ્થાપકશ્રી પેથલજીભાઈ ચાવડા 'બાપુજી'ના સ્મૃતિજ્ઞાન સ્મરણાંજલિ સાથે થયો હતો.દીપ પ્રાગટ્ય વિધિ બાદ સંસ્થાની આગવી પરંપરા મુજબ ઉપસ્થિત વિદ્વાનોને ગ્રંથ પુષ્પની ભેટ આપી એમનું સ્વાગત કરાયું હતું ઉપસ્થિત વક્તાઓને આવકારતા સંસ્થાના આચાર્ય શ્રી બલરામ ચાવડાએ જણાવ્યું હતું કે જે પ્રજા પોતાની ભાષા ગુમાવે છે, તે પોતાનું અસ્તિત્વ ગુમાવે છે. એટલે માતૃભાષાનું જતન અને સંવર્ધન કરવું એ આપણી સૌની નૈતિક ફરજ છે. આ કાર્યક્રમ અંતર્ગત કવિ રમેશ મહેતા ,કવિ મહેન્દ્રસિંહ પઢિયાર અને કવિ દિલીપ ધોળકિયાએ પોતાના કાવ્યોનું પઠન અને ગાયન કરી સહુને કવિતારસથી તરબોળ કર્યા હતા. જૂનાગઢમાં વસતા કવિઓએ આદ્ય કવિ નરસિંહની કાવ્ય પરંપરા જાળવી ગિરનારના રમણય રૂપોને તાદ્દશ કર્યા હતા. તો દીકરી પ્રત્યેના બાપના ભાવો અને દીકરી વિદાયના કાવ્યોના પઠન વખતે સહુની આંખો ભીની થઈ ગઈ હતી.

# સિંહની ડણકથી ભડકેલા બળદ ગાડા સાથે કૂવામાં ખાબક્યા: અમરેલી ફાયર ટીમનું દિલધડક રેસ્ક્યુ ઓપરેશન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ઉમરીયા ગામે ગત રાત્રિ એ એક હૃદયદ્રાવક છતાં સાહસિક ઘટના સામે આવી છે. વાડી વિસ્તારમાં પસાર થઈ રહેલા એક ખેડૂતના બળદ સિંહની ગર્જના સાંભળીને ગભરાઈ જતાં આખું ગાડું ઊંડા કૂવામાં ખાબક્યું હતું. ઘટનાની જાણ થતાં જ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ રેસ્ક્યુ ઓપરેશન પાર પાડ્યું હતું.ઘટનાની વિગત ઉમરીયા ગામના વાડી વિસ્તારમાં વાસુરભાઈ કામલીયા જ્યારે પોતાનું ગાડું લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક નજીકમાંથી સિંહની ગર્જના સંભળાઈ હતી. વનરાજની ડણક થી બળદ એટલા હદ સુધી ભડક્યા હતા કે તેઓએ કાબૂ ગુમાવ્યો હતો અને જોતજોતામાં ગાડા સહિત બાજુમાં આવેલા ઊંડા કૂવામાં ખાબક્યા હતા. અંધારી રાત્રે બનેલી આ ઘટનાને પગલે ખેડૂત અને ગ્રામજનોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. મોડી રાત્રે સાહસિક રેસ્ક્યુ ઓપરેશન ડિઝાસ્ટર સેલ દ્વારા જાણ કરવામાં આવતા જ ફાયર વિભાગની ટીમ અત્યાધુનિક સાધનો અને ક્રેન સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. કૂવો ઊંડો હોવા છતાં અને રાત્રિના સમયે દ્રશ્યતા ઓછી હોવા છતાં, ફાયર ઓફિસરના નેતૃત્વમાં ટીમે પોતાના જીવના જોખમે નીચે ઉતરી બળદોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી.

# ધારી પાસે કપડા ધોઈ રહેલી મહિલાનું સિંહણના હુમલાથી મોત : વનવિભાગ દ્વારા સિંહણને પાંજરે પૂરી



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

શ્રમિકોએ હાકલા પડકારા કરી સિંહણના મોંમાથી છોડાવી પણ જીવ ન બચ્યો વનવિભાગે ચાર પાંજરા ગોઠવી માનવભક્ષી સિંહણને કેદ કરી ધારી ગીર પૂર્વના ગોવિંદપુર ગામે નદીમાં કપડાં ધોવા ગયેલી મહિલા પર સિંહણે હુમલો કરતા ૪૫ વર્ષે મહિલાનું મોત થયુ હતુ. દલખાણીયા વન વિભાગ દ્વારા માનવભક્ષી સિંહણને ચાર પાંજરા મુકી ઝડપી લીધી છે.દલખાણીયા રેન્જ નીચેના ગોવિંદપુર ગામે નદીના પટમાં બપોરના સમયે ચલાલાની મંજુલાબેન ધીરુભાઈ સોલંકી (ઉ.વ.૪૫) નામની મહિલા કપડા ધોતી હતી ત્યારે અચાનક એક સિંહણ આવી હુમલો કરી દીધો હતો.આસપાસ કામ કરી રહેલા શ્રમિકો એકઠા થઈ ગયા હતા એ સિંહણના મોંમાથી છોડાવવા હાકલા પડકારા અને જમીન ઉપર લાકડીઓ પછાડી મહામુસીબતે મહિલાને છોડાવી ૧૦૮ની મદદથી સારવાર અર્થે લઈ જવામાં આવી રહી હતી ત્યારે તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતા જુનાગઢના સીએફ રામ રતન નાલા અને ડીસીએફ વિકાસ યાદવ ના માર્ગદર્શન હેઠળ દલખાણીયા રેંજના આરએફઓ હર્ષલ વણિક સહિત વન વિભાગનો સ્ટાફ ઘટના સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. અને માનવ ઉપર હુમલો કરનાર સિંહણને પકડવા વન વિભાગ દ્વારા ચાર પાંજરા મંગાવી ગોઠવ્યા હતા.

# ભુજ મધ્યે ઉપલીપાડ ખાતે દ્વારકાધીશ મંદિરના પટાંગણમાં વડીલો દ્વારા ધજા આરોહણ ઉજવાયો

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



સિનિયર સિટીઝન ક્લબ સમસ્ત બ્રહ્મ સમાજના સર્વ ભાઈઓ બહેનોનેની ઉપસ્થિતિમાં ભુજ શહેર આવેલ ઉપલીપાડ ખાતે દ્વારકાધીશ મંદિરના પટાંગણમાં ધજા આરોહણ પ્રસંગ ભાવપૂર્વક ઉજવવામાં આવ્યો મોટી સંખ્યામાં અને ટૂંકા ગાળામાં આ કાર્યક્રમનું આયોજન થયું હતુ કાર્યક્રમ સવારના ૧૦:૪૫ થી ૨: પુજા સહીત કાર્યક્રમો જોજાયા હતા પૂજા વિધિ ગુગલી બ્રાહ્મણશ્રી પુનિત મહારાજ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું. ધજા ની પૂજામાં બેસનાર ૫૧ સદભાગી ભાગ્યશાળીઓને અને વડીલોને સમસ્ત બ્રહ્મ સમાજ ભુજ વતી આશીર્વાદ સાથે ધન્યવાદ આપવામાં આવેલ પુનિત મહારાજ દ્વારા શાસ્ત્રોક વિધિથી વાતાવરણ શ્લોકોથી ગુંજી ઉઠ્યો હતુ વાતાવરણ ભક્તિમય બની ગયો હતો આ કાર્યક્રમ માં પુલાવામાં શહીદ થયેલા લોકોને શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવી હતી અને રાજગોર સમાજના એક્સીડન્ટ દરમિયાન મૃત્યુ પામેલ તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી આ સમગ્ર કાર્યક્રમ ભીષ્મપિતામાં કહેવાય એવા એચ એલ અજાણી સાહેબના નેતૃત્વમાં સિનિયર સિટીઝન ક્લબ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આ મેળાવડો યોજાયો હતો મોટી સંખ્યામાં સિનિયર સિટીઝનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા રવિભાઈ ત્રવાડી પ્રમુખ શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ રાજેશભાઈ ગોર મનોજભાઈ હિરેનભાઈ પૂર્વ કચ્છ ગાંધીધામ સચિનભાઈ ઉપાધ્યાય ભંડારકર ભાઈ કિરીટ સોમપુરા કમળાબેન વ્યાસ મંજુલાબેન ઉપાધ્યાય બિન્દુબેન જોશી સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા.

# જૂનાગઢમાં હવેલીના આંગણે ભવ્ય 'ચિ. ગોસ્વામી શ્રી ગિરધરલાલજી'નો લગ્ન પ્રસ્તાવ અને છપ્પન ભોગ મનોરથનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮. જૂનાગઢની પવિત્ર ધરતી પર શ્રી વ્રજ ચંદ્રસિંહ શ્રી રસિક પ્રયાગજી હવેલી (વિરમગામ) એવંમ શ્રી સર્વોત્તમ હવેલી (જૂનાગઢ) ના સંયુક્ત ઉપક્રમે એક અલૌકિક અને દિવ્ય ઉત્સવ તારીખ ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ચિરંજીવી ગોસ્વામી શ્રી ગિરધરલાલજીનો શુભ લગ્ન પ્રસ્તાવ તથા ભવ્ય ૫૬ ભોગ મનોરથ ધામધૂમથી ઉજવવામાં આવશે.ઉત્સવની વિગતવાર રૂપરેખા જોઈએ તો આ પાંચ દિવસીય મહોત્સવમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની હારમાળા સર્જાશે તેમાં ૧૯ ફેબ્રુઆરી: સાંજે ૪:૦૦ કલાકે મહોત્સવનો મંગલ પ્રારંભ થશે.૨૧ ફેબ્રુઆરી: સવારે ૯:૩૦ કલાકે શાસ્ત્રોક્ત વિધિ સાથે 'ગણેશ સ્થાપના' કરવામાં આવશે, ૨૨ ફેબ્રુઆરીએ સાંજે ૬:૦૦ કલાકે ભવ્ય 'વરઘોડો' (શોભાયાત્રા) નીકળશે. ત્યારબાદ રાત્રે ૯:૦૦ કલાકે સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિ માટે 'લાઈવ રાસ-ગરબા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ૨૩ ફેબ્રુઆરી એ બપોરે ૧૨:૦૦ કલાકે 'બડી પડોન' ના દર્શન સાથે ઉત્સવની પૂર્ણાહુતિ થશે.આ અલૌકિક પ્રસંગનો લાભ લેવા માટે જૂનાગઢ શહેર તથા આજુબાજુના વિસ્તારના તમામ વૈષ્ણવોને ભાવભર્યું જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સ્થળ: ફુલવાડી, સત્યમ પાર્ટી પ્લોટ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ.

# આયોજનના નામે અવ્યવસ્થા? ફુવારા સર્કલથી આશ્રમ માર્ગ સુધી પ્લોટ ફાળવણી મુદ્દે જનતામાં ભારે રોષ.



ડાંગ | ડાંગ જિલ્લાના ધરોહર અને ઐતિહાસિક 'ડાંગ દરબાર'ના આયોજનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે,ત્યારે વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા અમુક નિર્ણયોને કારણે વિવાદના વમળો સર્જાયા છે. દર વર્ષે આ ઉત્સવનાં મેળા દરમિયાન લાખોની સંખ્યામાં પ્રવાસીઓ અને સ્થાનિક આદિવાસી જનમેદની ઉમટી પડતી હોય છે, જેને ધ્યાનમાં રાખીને અગાઉના વર્ષોમાં આહવાના ફુવારા સર્કલથી ડાંગ સ્વરાજ આશ્રમ સુધીનો માર્ગ વાહનવ્યવહાર માટે ખુલ્લો રાખવાની પરંપરા રહી છે.આ માર્ગ અત્યંત મહત્વનો ગણાય છે.કારણ કે તે વઘઈ,આહવા સિવિલ હોસ્પિટલની સાથે સાપુતારા, ચિંચલી અને નવાપુર જેવા મુખ્ય શહેરોને જોડતા માર્ગનો મુખ્ય હિસ્સો બને છે. જોકે, આ વર્ષે પ્રશાસન દ્વારા આ મહત્વના માર્ગ પર આશરે 50 મીટરના વિસ્તારમાં વેપારીઓને દુકાનો બનાવવા માટે પ્લોટની ફાળવણી કરવામાં આવી રહી હોવાની માહિતી સામે આવતા સ્થાનિકોમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.સ્થાનિક નાગરિકો અને વેપારીઓનો મુખ્ય તર્ક એ છે કે જો આ વ્યૂહાત્મક માર્ગ પર પ્લોટ ઉભા કરવામાં આવશે, તો રસ્તો સાંકડો થઈ જશે અને ડાંગ દરબાર જેવા વિશાળ આયોજનમાં ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાશે.ખાસ કરીને સિવિલ હોસ્પિટલ આ માર્ગ પર સ્થિત હોવાથી ઈમરજન્સી સેવાઓ અને એમ્બ્યુલન્સની અવરજવર ખોરવાઈ શકે છે, જે દર્દીઓના જીવ જોખમમાં મૂકી શકે છે.

# જૂનાગઢનું ગૌરવ કુ.જેન્સી દિપકભાઈ કાનાબાર નું રઘુવંશી સમાજ,જૂનાગઢ દ્વારા ભવ્ય સન્માન થશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮ જૂનાગઢનું ગૌરવ કુ.જેન્સી દિપકભાઈ કાનાબાર કે જેમણે ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ અન્ડર -14 માં વિજેતા બનનાર પ્રથમ ભારતીયનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે અને સમગ્ર રઘુવંશી સમાજનું નામ રોશન કરનાર રઘુવંશી દીકરી જેન્સી કાનાબારનો ભવ્ય સન્માન સમારોહ તા. 21 ફેબ્રુઆરીને શનિવારે સવારે 10.30 વાગ્યે નોબલ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે આયોજિત કરેલ છે. આ સન્માન સમારોહનું અધ્યક્ષ પદ લોહાણા મહા પરિષદના પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી શોભાવશે તેમ શ્રી કૃષ્ણકાંતભાઈ રૂપારેલિયા, શ્રી પાર્થભાઈ કોટેચા, તથા શ્રી યતીનભાઈ કારિયા એ જણાવ્યું છે.

# ધારાસભ્ય દ્વારા લીલી ઝંડી આપી એસટી બસ ચાલું કરાવે બીજી બાજુ એસટી તંત્ર જુદા જુદા બહાના બતાવી બંધ કરી દેવામાં આવી રહી છે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

મુસાફર જનતા ને સારી એવી સુવિધા આપવાને બદલે એસટી તંત્ર એક ઝાટકે રુડ બંધ કરી દેવાતા મુસાફર જનતા ના છુટકે પ્રાઈવેટ વાહનનો ઉપયોગ વધુ કરી રહ્યા છે. ધારાસભ્ય રાજુલા જાફરાબાદ પંચકમાં ધારાસભ્ય એસ.ટી શરૂ કરાવે અને એસટી ના અધિકારી ઓ નવા નવા બહાના બતાવી રૂટ બંધ કરે વર્ષો જૂનો જાફરાબાદ અમરેલી વાયા નાગેશ્રી એ પણ બંધ તેમજ વર્ષોથી ચાલતી ઉના મુંબઈ વાયા જાફરાબાદ ફુલ ટ્રાફિક મળતું તે પણ બંધ મુસાફર જનતા ને સારી એવી સુવિધા ક્યાંથી મળે..!!! ગ્રામ્ય કક્ષામાં અભ્યાસનો દર પણ હવે નિષો જતો જાય છે અને અભ્યાસ ગરીબ માણસો કરી શકતા નથી એસટી ની વ્યવસ્થા ના કારણે નથી મેળવી શકતા ચેમ્બર ઓફ કોમર્સ તેમજ જુદી જુદી સંસ્થાઓ દ્વારા કાગળિયા લખી લખીને પણ થાકી ગયા છે. પરંતુ એસટી તંત્ર આંખ આડા કાન કરી રહ્યા છે....!!ગુજરાત સરકારના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી દ્વારા એસટી ની નવી બસોની વિવિધ ડિવિઝનોમાં ફાળવણી કરવામાં આવી અને આ ફાળવણી દ્વારા વિવિધ ડેપોમાં નવા રૂટ શરૂ કરવા અથવા તો જે રૂટ બંધ હોય તેને ફરી શરૂ કરવા માટે વિભાગીય નિયામકોને સૂચના પણ આપવામાં આવી પરંતુ આ એસ.ટી.ના અધિકારીઓ દ્વારા કોઈપણ રીતે પોતાની મનસ્વી રીતે રુટ ચલાવવા આવે છે અને જુના રૂટ શરૂ કરવામાં આવતા નથી અને જે શરૂ છે તેમને પણ બંધ કરવામાં આવે છે રાજુલા એસટી ડેપોમાં છેલ્લા ઘણા સમયથી રાજુલાના ધારાસભ્ય તેમજ તેમની ટીમ દ્વારા અનેક બસોને લીલી ઝંડી આપી અને નવા રૂટ જે બંધ છે તે શરૂ કરવામાં આવેલ જેમાં સવારના ૫:૦૦ વાગ્યાની રાજુલા ભાવનગર તેમજ બપોરના ૨:૦૦ વાગ્યાની રાજુલા રાજકોટ તેમજ જુનાગઢ ની બસ શરૂ કરવા માટે પણ ધારાસભ્યના પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવેલી પરંતુ આ લીલી ઝંડી ફક્ત લોકોને દેખાડવા પૂરતી જ હોય તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ બકુલભાઈ દ્વારા જણાવ્યા મુજબ રાજુલા એસટી ડેપો મેજર તેમજ વિભાગીય નિયામક અમરેલીને મૌખિક તેમજ લેખિત પણ જાણ કરવામાં આવેલ છે. પરંતુ આ અધિકારી દ્વારા રાજકોટની બસ એક દિવસ શરૂ કરી અને એક દિવસ ચલાવી તેમજ જૂનાગઢની બસ શરૂ કરી અને એક જ દિવસ ચલાવવામાં આવી અને ત્યારબાદ રાજુલાના ડેપો મેનેજર દ્વારા ડ્રાઈવરો નથી તેવું બહાનું બતાવી અને આ બન્ને રૂટ બંધ કરવામાં આવ્યા ત્યારે ડ્રાઈવરોની નિમણૂક થતા હવે અમારી પાસે કંડક્ટરો નથી એવું અલગ અલગ બહાનું બતાવવામાં આવે છે અને ત્યારબાદ હવે શિવરાત્રી છે એટલે શિવરાત્રીના મેળામાં ગાડીઓ મૂકી છે આવા અલગ અલગ બહાના બતાવી અને જૂના એસ ટી રૂટ કલમના એક ઝાટકે બંધ કરી દેવામાં આવી રહ્યા છે. રાજુલા શહેર ઔદ્યોગિક વિકાસ ધરાવતું શહેર છે રાજુલાની આસપાસ અલ્ટ્રાટેક પીપાવાવ જેવી મહાકાય કંપનીઓ આવેલી છે ત્યારે રાજુલા શહેરમાંથી સુરત મુંબઈ કે કોઈપણ ધાર્મિક સ્થળોએ જવા માટેની એક પણ બસ નથી સરકાર એક બાજુ વિકાસની વાતો કરે છે અને બીજી બાજુ રાજુલા શહેરમાં સુવિધા ના નામે મીંડું દેખાઈ રહ્યું છે રાજુલા થી ભાવનગર જવું હોય તો બપોરના ૧૧ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી એટલે કે ત્રણ કલાક સુધી લોકોને ભાવનગર જવાની બસ મળતી નથી તેવી જ રીતે વેરાવળ કે પોરબંદર જવું હોય ત્યારે ૧૧ .૦૦ વાગે બસ મળે છે અને ત્યારબાદ વેરાવળ પોરબંદર જવા માટે બપોરે ૨:૦૦ વાગે બસ મળે છે.

# હત્યાના કેસમાં વઘઇ પોલીસે માત્ર ૧૫ દિવસમાં ૬૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી..

ડાંગ | ડાંગ જિલ્લાના બોરીગાંવઠા ગામે થયેલ ફોરેસ્ટ કર્મચારીની ઘાતકી હત્યાના મામલે વઘઈ પોલીસે પ્રસંશનીય કામગીરી કરી છે. ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી, પોલીસ પ્રશાસને માત્ર ૧૫ જ દિવસમાં તપાસ પૂર્ણ કરી ૬૦૦ પાનાની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી આરોપીઓને કડક સજા અપાવવાની દિશામાં મહત્વનું કદમ ઉઠાવ્યું છે.મરણજનાર સનતભાઈ ગનસુભાઇ બીરારી (ઉ.વ. ૫૩), જેઓ ફોરેસ્ટ ખાતામાં કાયમી રોજમદાર તરીકે બારખાંધ્યા ગામે ફરજ બજાવતા હતા, તેઓ ગત ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નોકરી પરથી પરત ફરી રહ્યા હતા. રાત્રીના આશરે દોઢ વાગ્યે બોરીગાંવઠા ગામ પાસે ત્રણ શખ્સો સાયકલ પર ચોરીના લાકડા લઈ જતાં જોવા મળ્યા હતા. સનતભાઈએ આ લાકડા ચોરોને અટકાવવાનો પ્રયાસ કરતા, ઉશ્કેરાયેલા ચોરોએ વાંસના ડંડા વડે તેમના માથા અને કપાળના ભાગે જીવલેણ હુમલો કરી તેમની હત્યા કરી દીધી હતી અને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા.આ ઘટના અંગે વનરક્ષક હરેશકુમાર ચૌધરીએ ફરિયાદ નોંધાવ્યા બાદ સુરત વિભાગના આઈ.જી. પ્રેમવીરસિંઘ અને ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ તપાસ તેજ કરવામાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન રિસોર્સની મદદથી પોલીસે ઘટનાના બીજા દિવસે જ આરોપીઓને ઓળખી કાઢ્યા હતા.

ચૂંટણી સમિતિના સભ્યો તરીકે AAP નેતા ગોપાલ ઇટાલીયા, ચૈતર વસાવા, હેમંત ખવા, મનોજ સોરઠીયા, પ્રવીણ રામ, સાગર રબારી સહિત પદાધિકારીઓના નામનું એલાન

# એક મહિનામાં તમામ સીટોના તમામ ઉમેદવારો ફાઈનલ થશે

અમદાવાદ | ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટીએ સત્તાવાર રીતે 10 સભ્યોની ગુજરાત રાજ્ય ચૂંટણી સમિતિની જાહેરાત કરી છે. આ ચૂંટણી સમિતિમાં AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીને ગુજરાત રાજ્ય ચૂંટણી સમિતિના અધ્યક્ષ તરીકે નિમવામાં આવ્યા છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા દ્વારા એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદને સંબોધતા પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે આજે ગુજરાત વિધાનસભામાં રાજ્યનું આવનારું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો કાર્યકાળ પૂર્ણ થવા આવ્યો છે અને ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થવાની શક્યતા છે. અંદાજે માર્ચના અંત સુધીમાં ચૂંટણી જાહેર થવાની સંભાવના છે. આમ આદમી પાર્ટી ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં મજબૂતીથી અને એકલા હાથે તમામ બેઠકો પર ચૂંટણી લડવા માટે પ્રતિબદ્ધ છે. સંગઠનાત્મક કાર્ય સતત ચાલુ છે. SIR પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે અને નવી મતદાર યાદી જાહેર થઈ છે. મતદાર યાદીમાં જરૂરી સુધારાઓની પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ છે. તેથી હવે ચૂંટણીઓ માટે લાંબી રાહ જોવાની જરૂર નથી. ચૂંટણી માટે મજબૂત તૈયારીના ભાગરૂપે, રાષ્ટ્રીય કાર્યકારિણી અને પીએસીની મંજૂરીથી ગુજરાત પ્રદેશ ચૂંટણી સમિતિની રચના કરવામાં આવી છે. અરવિંદ કેજરીવાલજીના માર્ગદર્શન હેઠળ તથા ગુજરાતના પ્રભારી ગોપાલ રાય, સહ-પ્રભારી દુર્ગેશ પાઠક અને સહ-પ્રભારી ગુલાબસિંહ યાદવ દ્વારા પ્રદેશ ચૂંટણી સમિતિ જાહેર કરવામાં આવી છે. AAP નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે પ્રદેશ ચૂંટણી સમિતિ કુલ દસ સભ્યોની છે. સમિતિના અધ્યક્ષ તરીકે ઈસુદાનભાઈ ગઢવી રહેશે. અન્ય સભ્યોમાં ધારાસભ્ય ગોપાલભાઈ




ઇટાલિયા, ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા, ધારાસભ્ય હેમંતભાઈ ખવા, મનોજભાઈ સોરઠિયા, પ્રવીણભાઈ રામ, સાગરભાઈ રબારી, રાજુભાઈ સોલંકી, રાકેશભાઈ હિરપરા અને સામતભાઈ ગઢવીનો સમાવેશ થાય છે. ગુજરાતમાં પાર્ટી દ્વારા સાત ઝોનમાં સંગઠનાત્મક માળખું બનાવવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, પશ્ચિમ ગુજરાત, સૌરાષ્ટ્ર ઝોન-૧, સૌરાષ્ટ્ર ઝોન-૨, દક્ષિણ ગુજરાત અને કચ્છ ઝોન. દરેક ઝોનમાં ઝોનલ સમિતિ રચાશે, જેમાં ઝોનલ અધ્યક્ષ, ઝોનલ પ્રભારી, સહ-પ્રભારી, લોકસભા પ્રભારી, સહ-પ્રભારી, સહયોગી, જિલ્લા પ્રમુખ, શહેર પ્રમુખ, વિધાનસભા પ્રભારી અને સહયોગી જેવા પદાધિકારીઓનો સમાવેશ રહેશે.

## રાજ્યમાં લાખો બેરોજગાર યુવાનો છતાં પારદર્શક ભરતી કેલેન્ડર જાહેર કર્યું નહિ: ઈસુદાન ગઢવી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા દ્વારા એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદને સંબોધતા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે આજે સરકાર દ્વારા રજૂ કરાયેલું બજેટ ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને ગરીબ વર્ગની વાસ્તવિક જરૂરિયાતોને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું છે. ખેડૂતોને ખેતી ખર્ચ, સિંચાઈ માટે પૂરતું પાણી, યોગ્ય અને પૂરતી એમએસપી, દિવસ દરમિયાન મફત અથવા સસ્તી વીજળી અને ખાનગી બીજ-ખાતરની કંપનીઓથી રાહત જેવી મૂળભૂત જરૂરિયાતો છે. પરંતુ સરકારે ખેડૂતો માટે કોઈ સ્પષ્ટ અને અસરકારક પ્રાવધાન કર્યું નથી. સુજલામ સુફલામ યોજના હેઠળ ફક્ત 1,540 જેવી રકમ આપવામાં આવે છે, જે ખેડૂતો માટે અપર્યાપ્ત છે. કાયદા બનાવવામાં આવે છે, પરંતુ ખેડૂતોને વાસ્તવિક લાભ મળતો નથી. એક લાખથી વધુ નાગરિકો સરકારી રાશન પર નિર્ભર છે. રાશન વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર રોકવા માટે કોઈ મજબૂત પગલાં લેવાયા નથી. પંજાબ અને દિલ્હીમાં ઘર સુધી રાશનની ડિલિવરીની વ્યવસ્થા છે, પરંતુ ગુજરાતમાં આવી કોઈ વ્યવસ્થા નથી.

## જૂનાગઢ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની અંડર-૧૭ બહેનોની વેઈટલિફ્ટિંગ સ્પર્ધા સંપન્ન



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮, ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત 'ખેલ મહાકુંભ ૨૦૨૫' અંતર્ગત આજે જૂનાગઢના ગાંધીગ્રામ સ્થિત સરદાર પટેલ રમત સંકુલ ખાતે રાજ્યકક્ષાની વેઈટલિફ્ટિંગ (અંડર-૧૭ બહેનો) સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલી ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની ખેલ પ્રતિભાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત જૂનાગઢ 'સી' ડિવિઝન પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી અનિરૂદ્ધસિંહ ગોહિલે ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા હાર-જીતના મહત્વ અને ખેલદિલી વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ તકે જૂનાગઢ જિલ્લા સાયકલિંગ એસોસિએશન ના પ્રમુખશ્રી ક્લેશભાઈ સાંખલા તથા ઓલ ઇન્ડિયા પોલીસ ગેમ્સના એશિયન પાવર લિફ્ટિંગ ગોલ્ડ મેડલિસ્ટ શ્રીમતી કાજલબેન દયાતર પણ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ખેલાડીઓના આત્મવિશ્વાસની સરાહના કરી હતી અને જણાવ્યું હતું કે, આવી સ્પર્ધાઓથી ગ્રામીણ અને શહેરી સ્તરની પ્રતિભાઓને રાજ્ય અને રાષ્ટ્રીય ફલક પર લાવવામાં મદદ મળે છે.

## મહાશિવરાત્રિ પર્વ નિમિતે રવાડી ,લઘુ રુદ્રાભિષેક સહિત કાર્યક્રમો સંપન્ન થયા

મહેશ એલ. સોની નખત્રાણા

લખપત તાલુકાના દયાપર નજીક આવેલા શ્રી કમલેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રિ પર્વ પર રવાડી , લઘુ રુદ્રાભિષેક સહિત કાર્યક્રમો સંપન્ન થયા હતા. હજારો વર્ષ પુરાણા આ કલ્પવૃક્ષ ઉપર બાર મહિનામાં એક જ વાર ફૂલ આવે છે જેને કમળ ફૂલ કહેવાય છે જે ફુલ શ્રી કમલેશ્વર મહાદેવ ઉપર ચઢાવવામાં આવે છે. આ કલ્પવૃક્ષની ખાસીયત એ છે કે તેના પર છ માસ જ પર્ણો રહે છે આવા કલ્પવૃક્ષ વિશ્વમાં માત્ર બે જગ્યાએ એક હિમાલય તેમજ એક દયાપર હોવાનું મનાય છે. પુરાણોમાની કથા અનુસાર અનુસાર સમુદ્રમંથન વખતે જે ૧૪ રત્નો નિકળ્યા હતા તે પૈકી એક કલ્પવૃક્ષ પણ હતું. એક કલ્પ એટલે ૧૪ માન્વતર થાય ૧ માન્વતર એટલે ૩૦ કરોડ ૮૪લાખ ૪૮ વર્ષ ગણતરી મુજબ થાય થાય. અહિં બિરાજિત શિવ નું નામ કલ્પવૃક્ષ ઉપરથી કમલેશ્વર મહાદેવ પડ્યું હતું. જે વૃક્ષ બરોબર મંદિર સામે જ આવેલું છે.આ કલ્પવૃક્ષ તેમજ હિમાલય માં આવેલ કલ્પવૃક્ષ વિશે વધુ માહિતી અહિ પધારેલ નાગાબાવા તરફથી મળેલ હોવાનો ઉલ્લેખમાં જોવા મળે છે. મંદિરની બાજુમાં નાગાબાવા ની સમાધિઓ તેમજ ધૂણો પણ આવેલા છે. એવું માનવામાં આવે છે કે કલ્પવૃક્ષ પાસે સાચી શ્રદ્ધાથી કોઈપણ વસ્તુ માંગવામાં આવે તે અવશ્ય ફળે છે.

## શ્રી આશિષ બંસલ ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે (બાંધકામ સંગઠન) ના નવા જનરલ મેનેજર બન્યા

માલીગાંવ | યુપીએસસી 1989 બેચના ભારતીય રેલ્વે સેવા એન્જિનિયર્સ અધિકારી શ્રી આશિષ બંસલે ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે (બાંધકામ) ના જનરલ મેનેજર તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. જનરલ મેનેજર તરીકે ER (બાંધકામ) માં જોડાતા પહેલા, તેમણે માર્ચ 2023 થી ભારત સરકારના રેલ્વે મંત્રાલયમાં મુખ્ય કાર્યકારી નિયામક (ટ્રેક આધુનિકીકરણ અને મશીનો) તરીકે સેવા આપી હતી. જનરલ મેનેજર તરીકે, તેઓ ER ના અધિકારક્ષેત્રમાં, એટલે કે સિક્કિમ



સહિત તમામ ઉત્તરપૂર્વીય રાજ્યો અને પશ્ચિમ બંગાળ અને બિહારના ભાગોમાં, તમામ રેલ્વે બાંધકામ પ્રવૃત્તિઓના હવાલે રહેશે.

જાન્યુઆરી 1991 માં ભારતીય રેલ્વે સેવામાં જોડાતા, શ્રી બંસલને રેલ્વે બોર્ડ અને RDSO અને DMRC સહિત વિવિધ રેલ્વે ઝોન સાથે ટ્રેક જાળવણી, નીતિ નિર્માણ, બ્રિજ એન્જિનિયરિંગ અને મેટ્રો બાંધકામ સહિત રેલ્વે કામગીરીના વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક અને વ્યાપક અનુભવ છે. તેમણે પૂર્વ મધ્ય રેલ્વે હેઠળ ધનબાદ ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર તરીકે સેવા આપી હતી, જેના કારણે ભારતીય રેલ્વેના તમામ વિભાગોમાં સૌથી વધુ માલ લોડિંગ અને માલસામાનની આવક હાંસલ કરવામાં સફળતા મળી હતી. તેમણે IRCON ઈન્ટરનેશનલ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે પણ સેવા આપી હતી.

RDSO ના ટ્રેક મશીન્સ ડિરેક્ટોરેટમાં તેમના કાર્યકાળ દરમિયાન, તેઓ ટ્રેક રેકોર્ડિંગ સિસ્ટમ્સ અને ટ્રેક રેકોર્ડિંગ ડેટાનો ઉપયોગ કરીને ટ્રેક જાળવણી માટે માર્ગદર્શિકા વિકસાવવા માટે જવાબદાર હતા. તેમણે યુએસએથી આયાત કરાયેલ હાઈ-સ્પીડ ટ્રેક રેકોર્ડિંગ કારને કાર્યરત કરવામાં અને બે વધારાની ટ્રેક રેકોર્ડિંગ કારને કમિશન કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

## સ્વાભિમાનનો 'રૂ' જેવો મુલાયમ અહેસાસ; વૃદ્ધાવસ્થામાં પણ વિરાસત અને મહેનતનો સંગમ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કહેવાય છે કે મહેનત કરનાર માટે ઉંમર માત્ર એક આંકડો હોય છે. આ વાતને સાર્થક કરી રહ્યા છે નખત્રાણા પંથકના વડીલ મામદભાઈ એસ. પિંજારા. નાના અંગીયા ગામના વતની એવા મામદભાઈ આજે ૭૦ વર્ષ ની ઉંમરે પણ પોતાના વારસાઈ વ્યવસાયને જીવંત રાખીને ગામડે-ગામડે ફરી ગાદલા બનાવવાનું કામ કરી રહ્યા છે.

મામદભાઈના જણાવ્યા અનુસાર, ગાદલા પીંજવાનું અને બનાવવાનું કામ તેમના દાદાના જમાનાથી ચાલતું આવે છે. આજે જ્યારે અનેક લોકો આધુનિકતા પાછળ દોડી રહ્યા છે, ત્યારે આ



દંપતી પોતાના વારસાને ગર્વથી આગળ ધપાવી રહ્યું છે. મામદભાઈ અને તેમના ધર્મપત્ની બંને સાથે મળીને ગાડા જેવી વ્યવસ્થા પર પોતાનું મશીન લઈ એક ગામથી બીજે ગામ જાય છે.

'જ્યાં સુધી મારા હાથ-પગ ચાલે છે, ત્યાં સુધી મહેનત કરીને જ ખાવું છે. આ અમારો વડીલોનો વારસો છે અને એ જ અમારી ઓળખ છે.

## ગોરખપુર અને મઉ ને માટે સ્પેશિયલ ટ્રેન

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તેમજ હોળી તહેવાર દરમિયાન તેમની મુસાફરીની માંગને પૂર્ણ કરવા હેતુસર વડોદરા - ગોરખપુર તથા વડોદરા - મઉ વચ્ચે વિશેષ ભાડા પર તહેવાર સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે।

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલ પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

1. ટ્રેન નંબર 09111/09112 વડોદરા - ગોરખપુર સ્પેશિયલ (સાપ્તાહિક) [10 ફેરા]

ટ્રેન નંબર 09111 વડોદરા-ગોરખપુર સ્પેશિયલ દર સોમવારે વડોદરાથી 19:00 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 23:30 વાગ્યે ગોરખપુર પહોંચશે. આ ટ્રેન 23 ફેબ્રુઆરી થી 23 માર્ચ, 2026 સુધી ચાલશે. આ જ રીતે, ટ્રેન નંબર 09112 ગોરખપુર-વડોદરા સ્પેશિયલ દર બુધવારે ગોરખપુર થી 05:00 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 08:35 વાગ્યે વડોદરા પહોંચશે. આ ટ્રેન 25 ફેબ્રુઆરીથી 25 માર્ચ, 2025 સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં ગોધરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ભરતપુર, આગ્રા ફોર્ટ, ટૂંડલા, શિકોહાબાદ, મૈનપુરી, ફર્રુખાબાદ, કાનપુર, લખનૌ, બારાબંકી, ગોંડા અને બસ્તી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી-2 ટિયર, એસી-3 ટિયર, સ્લીપર ક્લાસ અને દ્વિતીય શ્રેણીના જનરલ કોચ હશે.

2. ટ્રેન નંબર 09195/09196 વડોદરા-મઉ સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ [12 ફેરા]:

ટ્રેન નંબર 09195 વડોદરા-મઉ સુપરફાસ્ટ સ્પેશિયલ દર શનિવારે 19:00 વાગ્યે વડોદરાથી પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 20:45 વાગ્યે મઉ પહોંચશે. આ ટ્રેન 21 ફેબ્રુઆરી થી 28 માર્ચ, 2026 સુધી ચાલશે. આ જ રીતે, ટ્રેન નંબર 09196 મઉ-વડોદરા સુપરફાસ્ટ સ્પેશિયલ મઉ થી દર રવિવારે 23:15 વાગ્યે પ્રસ્થાન કરશે.

## રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રેકની કામગીરીને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થશે

અમદાવાદ | રાજકોટ ડિવિઝનમાં આવેલ જામનગર-લાખાબાવલ સેક્શનમાં ડબલ ટ્રેકની કામગીરી માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે 21 ફેબ્રુઆરીથી 26 ફેબ્રુઆરી, 2026 સુધી રેલ વ્યવહાર પ્રભાવિત થશે. પ્રભાવિત થનારી ટ્રેનોની વિગત નીચે મુજબ છે:

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો:

1) 25-02-2026 ના રોજ ભાવનગરથી ઉપડનારી ટ્રેન સંખ્યા 19209 ભાવનગર-ઓખા એક્સપ્રેસ ને રાજકોટ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન રાજકોટ-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

2) 25-02-2026 ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ઉપડનારી ટ્રેન સંખ્યા 22945 મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલ ને રાજકોટ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન રાજકોટ-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

3) 24-02-2026 ના રોજ શાલીમારથી ઉપડનારી ટ્રેન સંખ્યા 22906 શાલીમાર-ઓખા એક્સપ્રેસ ને હાપા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન હાપા-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

4) 26-02-2026 ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન સંખ્યા 19210 ઓખા-ભાવનગર એક્સપ્રેસ રાજકોટ સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ (ઉપડશે) થશે. આમ, આ ટ્રેન ઓખા-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

5) 26-02-2026 ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન સંખ્યા 22946 ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ રાજકોટ સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે. આમ, આ ટ્રેન ઓખા-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

6) 24-02-2026 ના રોજ તિરુનલવેલીથી ઉપડનારી ટ્રેન સંખ્યા 19577 તિરુનલવેલી-જામનગર એક્સપ્રેસ ને હાપા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન હાપા-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

### અજંતા એનર્જી દુર્ઘટનાને પાંચ મહિના વિતી ગયા છતાં પણ તપાસ નો રિપોર્ટ જાહેર નહીં થતા...

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના દોલતાપુરા ખાતે અજંતા એનર્જી કંપનીમાં પાંચ શ્રમિકોના ડેમમાથી પાણી છોડાતા કામ કરી રહેલ ના ડૂબી જવાથી થયેલ મોતનીકરુણઘટના ના મામલે હવે તંત્રની ભૂમિકા શંકાના દાયરામાં આવી છે. આ ઘટનાને ધટે પાંચ મહિના જેટલો સમય પસાર થયેલ હોવા છતાં, તપાસ સમિતિનો એહવાલ જાહેર નહી કરાતા અને આ તપાસ રીપોર્ટ ગોપનીય રાખવામાં આવી રહ્યો હોવાનુ જોવા મલેછે. જેથી જિલ્લામાં અનેક તર્કે વિતેક સાંભળવા મળી રહ્યા છે.

### ભવનાથના મહાશિવરાત્રીના મેળામાં પુરવઠા તંત્રના સંકલનથી પાણી, દુધ-છાસ અને ગેસ વ્યવસ્થાનું સંપૂર્ણ સંકલન કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢતા.૧૮, મહાશિવરાત્રિ મેળા-૨૦૨૬ના આયોજન સંદર્ભે જૂનાગઢ પુરવઠા વિભાગ દ્વારા તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી હતી. દુધ વિતરક એજન્સીઓ, મંડળીઓ, સંસ્થાઓ અને ગેસ એજન્સીઓ સાથે બેઠક રાખીને મેળા દરમિયાન છુટક (લુઝ)માં દુધ/છાસ વિતરણ માટે ૧૮ કેન્દ્ર નક્કી કરવામાં આવ્યા અને ગેસની બોટલો પુરતી માત્રામાં ઉપલબ્ધ રહે તે માટે સૂચના આપવામાં આવી હતી. દૂધ ૨૮,૮૩૪ લિટર અને છાસ ૧૨,૧૨૮ લિટરનું વિતરણ તેમજ ૪૫૦ ગેસ બોટલો પૂરી પાડવામાં આવી હતી.

### વંથલી ખાતે કિશોરી મેળો – ૨૦૨૬: સુપોષિત, સશક્ત અને આત્મનિર્ભર કિશોરીઓ માટે માર્ગદર્શન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮, જૂનાગઢ જિલ્લાના વંથલી આઈ.સી.ડી.એસ. ઘટક કચેરી અને મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા 'પૂર્ણા યોજના' હેઠળ સશક્ત અને સુપોષિત કિશોરી બનાવવા માટે કિશોરી મેળો - ૨૦૨૬ અને વાનગી નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. મેળા દરમ્યાન કિશોરીઓને આરોગ્ય, પોષણ, સ્વચ્છતા અને વ્યક્તિગત હાઈજીન અંગે જાગૃતિ આપવામાં આવી હતી. આત્મવિશ્વાસથી આગળ વધવાની કળા, કાયદા અને શિક્ષણ-કારકિર્દી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

### મહાશિવરાત્રીના મેળામાં ભાવિકો માટે પીવાના પાણીની વ્યવસ્થા માટે સંયુક્તપણે પુરુષાર્થ : ૭૧ ફરિયાદોનું તાત્કાલિક નિવારણ કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢતા.૧૮, મહાશિવરાત્રિ મેળો-૨૦૨૬ દરમિયાન યાત્રાળુઓને પૂરતું અને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ રહે તે માટે જૂનાગઢ પાણી પુરવઠા બોર્ડ દ્વારા વ્યાપક આયોજન અને સુચારૂ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ માટે પાણી સમિતિ ના અધ્યક્ષ તરીકે કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા મેળા દરમિયાન સંકલન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, મહાશિવરાત્રીના મેળા દરમિયાન મહાનગરપાલિકાને આશરે ૯૫ જેટલી ૫૦૦૦ લીટર ક્ષમતાવાળી પાણીની ટાંકી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, ગત વર્ષે ૬૦ ટાંકી હતી.

### જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના ખાતે કારકિર્દીલક્ષી માર્ગદર્શન સેમિનાર યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮, જૂનાગઢ જિલ્લાના યુવાઓને રોજગાર તથા કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુ જિલ્લા રોજગાર કચેરી-જૂનાગઢ દ્વારા સરકારી હાઈસ્કૂલ, માળિયા હાટીના ખાતે "કારકિર્દીલક્ષી માર્ગદર્શન સેમિનાર"નું આયોજન કરવામાં આવ્યું હતું.ઉપરાંત રોજગાર કચેરી દ્વારા અમલીકૃત યોજનાઓ જેવી કે ઔદ્યોગિક ભરતી મેળા, સ્વરોજગાર શિબિર, કારકિર્દી માર્ગદર્શન, આર્મી નિવાસી તાલીમ યોજના તથા કાઉન્સેલિંગ સેવાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

### નયના ગાર્ગીએ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી માંથી સંસ્કૃત વિષયમાં પી .એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી..

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ડૉ.નયનાબેન ગાર્ગી સંતરામપુર તાલુકાના શણબાર ગામના ભીખાભાઈ પરમારની દીકરી છે. તેમના જીવનમાં અનેક કઠિન સમસ્યાઓ આવી, આર્થિક પરિસ્થિતિ સારી હતી નહી, બી.એ માં બે બાળકોની જવાબદારી સાથે સિલાઈ કામ કરીને અને માલવણ આર્ટ્સ કોલેજના સહકારથી યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો ત્યાર બાદ આગળ ભણવાની રુચિ હોવાથી કઠિન પરિસ્થિતિઓનો સામનો કર્યો. રોહિત સમાજમાં ભણતરનું ખાસ મહત્ત્વ સમજતા નથી અને દીકરીઓને વધારે ભણાવવામાં આવતી નથી.

### ચણા અને રાયડા માટે ટેકાના ભાવે ખરીદી: ૫ માર્ચ સુધી ઓનલાઈન નોંધણી શરૂ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮, સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬(રવિ-૨૦૨૬) માટે પ્રાઈઝ સપોર્ટ સ્કીમ (PSS) હેઠળ ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી માટે ઓનલાઈન નોંધણી શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ ચણા માટે રૂ. ૫૮૭૫/- પ્રતિ ક્વિન્ટલ અને રાયડા માટે રૂ. ૬૨૦૦/- પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે. ખેડૂતોની ઓનલાઈન નોંધણી તા. ૧૩/૦૨/૨૦૨૬ થી તા. ૦૫/૦૩/૨૦૨૬ (કુલ ૨૧ દિવસ) દરમિયાન કરવામાં આવશે.

### ખાનપુર તાલુકામાં મિટિંગ માં ગયેલી આંગણવાડી બહેનો મુશ્કેલી માં મુકાયા...

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહિસાગર જિલ્લાના ના ખાનપુર તાલુકામાં 17/2//2026 ના રોજ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની એકમીટીંગ જિલ્લાના પ્રોગ્રામ ઓફિસર દ્વારા રાખવામાં આવેલી. તમામ કાર્યકર અને તેડાગરને 12.00 વાગ્યે ફોન કરીને જણાવેલું કે બપોરે 2.00 વાગ્યે કલેશ્વરી ફરજિયાત હાજર રહેવું. આ આદેશથી તમામ બહેનો હાજર હતાં. પરંતુ તેમને સાંજના 7.10 (સાત વાગ્યે અને દસ મિનિટ) રાત્રે તેમને ત્યાંથી મીટીગ પુરી કરીને રજા આપવામાં આવેલ હતી.

# ગુરુ ભક્તિમાં તલ્લીન ભક્ત ભજન કરતો કરતો જતો હતો ત્યારે અચાનક...

ગુરુ ભક્તિમાં તલ્લીન ભક્ત ભજન કરતો કરતો જતો હતો ત્યારે અચાનક એક લોખંડ ના થાંભલા સાથે ભટકાઈ ને પડી ગયો. રસ્તા માં આવતા જતા લોકો ને ફૂટપાથ પર બેભાન થયેલ માણસ દારૂડિયો લાગ્યો એટલે એની નજીક જવાનો પ્રયત્ન કર્યો નહી.ફૂટપાથ પર બેભાન હાલત માં પડેલ ભક્ત ને લગભગ બેત્રણ કલાક સારવાર તો ન મળી છતાંય વગર સારવાર એ ત્રણ કલાક માં ભાન માં આવી ને પુનઃ હરિ ભજન કરતો કરતો ગંતવ્ય તરફ ચાલવા લાગ્યો. ભક્ત ના માથાના અને કપાળ ના ભાગ પર વાગવાથી લોહી નીકળી રહ્યું હતું છતાંય એને દર્દ નો અહેસાસ નહતો.થોડું દૂર ચાલ્યો હશે ત્યાં અચાનક ફૂટપાથ પરથી એની સામે આવતા માણસ ની નજર ભક્ત પર પડતા એને મનોમન થયું કે મદદ કરું પરંતુ એના મનના બીજા વિચાર એ માણસ ને સાવધાન કરતા કહ્યું કે જેને મદદ કરવાનું વિચારે છે એ પાગલ નીકળ્યો તો..રસ્તા ની ફૂટપાથ પર ઘાયલ ભક્ત કલાકો સુધી ચાલ્યો ત્યારે એને જોઈને લોકો ને મદદ કરવાની ઈચ્છા તો થઈ પણ કોઈએ કરી નહી,કેમ? ભક્ત એની ભક્તિ માં એટલો બધો તલ્લીન હતો ને કે એ ઘાયલ હોવા છતાંય દર્દ વિસરી ગયો હતો.નાની સરખી રેખા દર્દ ની રેખા ભક્ત ના મુખ પર દેખાતી નહતી આ કારણોસર લોકો એની મદદે આવતા ડરતા હતા.આશ્રમ માં પ્રવેશતા જ ગુરુ ની નજર ભક્ત પર પડતા જ ગુરુ એ ભક્ત ને પૂછ્યું બેટા, તારું ધ્યાન ક્યાં છે? આટલો બધો ઘાયલ હોવા છતાંય દર્દ નથી થતું? તારા માથા અને કપાળ પરથી નીકળી રહેલ લોહી ના લીધે તારા કપડાં લોહી થી ભીંજાઈ ગયા છે. ગુરુ નો અવાજ કાને પડતાં જ ભક્ત ને દર્દ નો અહેસાસ થતા એ બોલ્યો કે ગુરુદેવ,કાશ મને દર્દ નો અહેસાસ થયો ન હોત,પૂર્ણ પરમાત્મા ની પ્રાપ્તિ માં બધુય વિસરાઈ ચૂક્યું હતું. અત્યારે ભક્ત માંથી પુનઃ માણસ બની જતા શાશ્વત આત્માનું સુખ ભુલી ને જે શાશ્વત નથી એવા તન ના દર્દ માં ક્ષણો વીતશે.અંગણિત જન્મ અને મૃત્યુ ની સફરે "જીવ" ઘૂમતો રહેતો હોય છે એટલે જ ઘણીવાર સાવ અજાણ્યા લાગતા ચહેરાઓ પણ ગમવા લાગે છે.સત્ય તો એ છે કે ઋણા નું બંધન લાગતા ચહેરા માત્ર મનનો એક ભ્રમ હોય છે, કેમ? માણસ ને ઈશ્વરે ભૂતકાળ ભૂલી જવાની શક્તિ એ એના પ્રેઝન્ટ ને માણી શકે એટલે તો આપી છે.મનુષ્ય એના પ્રત્યેક જન્મ માં કર્મ અનુસાર નવા સબંધો,સ્થળ અને સમુદાયની યાત્રા કરતો હોય છે. "ૐ શિવોહમ્" નારા સાથે બેત્રણ દિવસ પહેલાં ભારત ભર માં શિવરાત્રિ નો તહેવાર ધામધૂમ થી ભક્તો એ વ્રત,પૂજા, અર્ચના અને જાગરણ સાથે ઉજવ્યો. દર વર્ષે ગુજરાત માં ગિરનાર ની તળેટી પર આવેલ ભવનાથ મંદિર માં મોટા પાયે લાખો ભક્તો ઉમટ્યા હતા. દર વર્ષ કરતા આ વર્ષે મેળા નું આકર્ષણ સંતો અઘોરીઓના બદલે "વાંદરા ના નાના બચ્ચાં" હોય એવું વધારે લાગતું હતું.મોટાભાગ ના અઘોરીઓ અને અખાડા ના સંતો વાંદરા ના નાના બચ્ચાં ને પાલતુ ડોગની માફક સાથે રાખતા નિહાળી ને મને વિચિત્ર લાગ્યું એમ કદાચ ત્યાં ઉપસ્થિત લોકોને પણ લાગ્યું હશે.વાંદરાના નાના બચ્ચા કેમ? આ પરથી શું સંદેશ આપવા માંગતા હતા? વાંદરા ના બચ્ચા ના ગળે દોરડા બાંધી ને ખેંચી ને ફરતા અઘોરીઓ અને અખાડા ના સંતો "મદારી" જેવા લગતા હતા.શિવ સંપ્રદાય માં બે પ્રકાર ની ભક્તિ થાય છે સાત્વિક અને તાંત્રિક જેમાં તાંત્રિક ભક્તિ કરનાર સમુદાય અઘોર પંથી એટલે



ભક્તિ માં પવિત્રતા

- રુપાલી દવે

અઘોરી ના નામે ઓળખાય છે. અઘોર પંથી ની સાધના અત્યંત કઠિન હોય છે એટલે લાખો માંથી માત્ર એકાદ વ્યક્તિ પર જ ભગવાન શિવ પ્રસન્ન થતા હોય છે.જે અઘોરી ને ભગવાન શિવ ની કૃપા પ્રાપ્ત થાય છે એ ક્યારેય લોકોના સમુદાય વચ્ચે આવવાનું પસંદ કરતા હોતા નથી. અનંત રાવલ ની બુક "ગેબી ગિરનાર" માં એમણે સિદ્ધ અઘોર સાધકો વિશે અનેક વાતો લખી છે ગિરનાર ના ગીચ જંગલો માં રહેતા સિદ્ધ અઘોર સાધકો હિંસક પશુઓને પણ એના વશ કરી લેતા હોય છે. આસ્થા અને ભક્તિ નું પ્રતિક ભવનાથ ના મેળા ની વિશેષતા ગુમ હતી આડંબર અને ઢોંગ નું કેન્દ્ર વધારે લાગતો હતો. અંધ વિશ્વાસ માણસ ના મન મસ્તિષ્ક પર વધે છે ને ત્યારે ભક્તિ ની પવિત્રતા ઓછી થઈ જાય છે. ભારતમાં પ્રાણીઓ પર અત્યાચાર ન થાય એટલે સર્કસ માં પ્રાણીઓનો ઉપયોગ સરકારે પ્રતિબંધિત કર્યો છે.જંગલ નું ચંચળ પ્રાણી "વાંદરા" પર ભગવાન રામ ના એવા આશીર્વાદ છે એટલે તો ભૂખ માટે "રોટલી" માંગવી પડતી નથી.ઝાડ પાન,ફળ,ફૂલ આરોગતા વાંદરાઓ ની શક્તિ,બુદ્ધિ અને તાકાત માંસાહારી હિંસક પ્રાણીઓ કરતા પણ વધારે છે.લંકા ની વિશાળ સેના ને મુઠ્ઠી ભર વાનર સેના એ પરાજિત કર્યું હતું.સાયન્સ અનુસાર સૃષ્ટી ની પ્રથમ જાતિ"વાનર જાતિ" હતી વિદેશી ફિલ્મો જે ડાયનાસોર ની કલ્પના કરે છે ધ્યાન થી અવલોકન કરશો તો ડાયનાસોર નું મુખ વાનર જેવું દેખાશે. અફસોસ!! સાથે લખવું પડે છે કે હનુમાનજી ની ભક્તિ કરનાર ભવનાથના મેળામાં ઉપસ્થિત લાખો લોકોને "સાંકળ માં કેદ સંખ્યા બંધ વાંદરા ના બચ્ચાની દર્દભરી ચિચિયારી કેમ સંભળાઈ નહી?ભવનાથ ના મેળા નું જે દશ્ય ન્યૂઝ ચેનલો પર વારંવાર દેખાતું હતું એ ત્યાંના પ્રશાસન ને કેમ દેખાતું નહી હોય? નાનકડા વાંદરા ના બચ્ચાઓને બંધન માં રાખીને મેળા માં ફરતા ઢોંગી અઘોરીઓની પોલ ખોલવા ને બદલે કીર્તિ પટેલ ને વધારે ફેમસ કરવાની પંચાતમાં ગુજરાતી મીડિયા પડ્યું હતું. પૃથ્વી નો છેડો શોધવા બ્રહ્માજી એ પણ ખૂબ પ્રયાસો કર્યા હતા પરંતુ એ પણ છેડો શોધવાં નિષ્ફળ ગયા હતા. વિશ્વ વિજયી સિકંદર ખુદ આખી દુનિયા કબજે કરીને અંતિમ સમયે પસ્તાયો હતો.સિકંદર એ એના અંતિમ સમયે એના અનુયાયી ઓને હુકમ કર્યો હતો કે મૃત્યુ બાદ મારા બન્ને હાથ કફનની બહાર રાખજો જેથી વિશ્વ ને સંદેશો મળે કે વિશ્વ વિજેતા સિકંદર પણ ખાલી હાથે પરત ફર્યો હતો. માણસની "Last destiny" નો નિર્ણય તો એના જન્મ પહેલા જ અદ્રશ્ય શક્તિ દ્વાર લખાઈ ચૂક્યો હોય છે.આ અદ્રશ્ય શક્તિ જ મનુષ્યની last destiny ની સજા "ભારે કે હળવી" કરવાનો નિર્ણય લેતી હોય છે. આ નાશવંત દુનિયા માં કશુંય સ્થાયી નથી એટલે ઈશ્વર એ સ્થાપિત કરેલ નિયમો દયાદાન, સહિષ્ણુતા, ભક્તિ અને સેવાનું પાલન માણસ એ જીવન પર્યંત કરવું જોઈએ.ચારેય યુગ માં ભગવાન એ કળયુગ ને સામન્ય નામ સ્મરણ ની ભક્તિ થી ઈશ્વર પ્રાપ્તિ નો સરળ માર્ગ કીધો છે. કળયુગ માં સંન્યાસી કરતા ગૃહસ્થ જીવનને વધારે પ્રાધાન્ય આપ્યું છે,કેમ? સંન્યાસ જીવન ના અતિ કડક નિયમોનું "સંન્યાસી" થી પાલન થવું અત્યંત કઠિન છે. આ કારણોસર ભગવા જોતા રેસ લગાવવા ના બદલે ગુરુ દત્તાત્રેય એ બનાવેલ "૨૪ ગુરુ" ને માણસ એ સમજવાની કોશિશ કરવાની જરૂર છે.કળયુગ માં ગુરુ ભક્તિ ની કૃપા થી ઈશ્વર સ્મરણ ની પ્રાપ્તિ થાય છે.ગુરુ એટલે ઈશ્વર પ્રાપ્તિ નો સાચો રસ્તો દેખાડે એ પરમ કૃપાળુ વ્યક્તિ.



# સિદ્ધાર્થના પિતા સુનીલ મલ્હોત્રાનું નિધન

## ઈન્સ્ટાગ્રામ પર પિતાને યાદ કરીને એક્ટરે લખ્યું- પપ્પા, તમારી ઈમાનદારી મારો સૌથી મોટો વારસો છે...

(એજન્સી) મુંબઈ તા.18

એક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રાના પિતા સુનીલ મલ્હોત્રાનું નિધન થયું. આ વાતની જાણકારી મંગળવારે સાંજે એક્ટરે પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આપી. તેણે પિતા સાથેની જૂની તસવીરો શેર કરીને શ્રદ્ધાંજલિ આપી અને પિતાને યાદ કર્યા. આજ તકના રિપોર્ટ અનુસાર, સિદ્ધાર્થના પિતાનું શનિવારે, 14 ફેબ્રુઆરીએ દિલ્હીમાં નિધન થયું.

સિદ્ધાર્થે મંગળવારે ઈન્સ્ટાગ્રામ પર પિતાના બાળપણથી લઈને તાજેતરના સમય સુધીની ઘણી તસવીરો શેર કરી, જેમાં પિતા સાથે વિતાવેલી પળો દેખાઈ. તેણે પિતાને શ્રદ્ધાંજલિ આપતા તેને અત્યંત પ્રામાણિક, સિદ્ધાંતવાદી અને સંસ્કારી વ્યક્તિ ગણાવ્યા.

પહેલી તસવીરમાં નાના સિદ્ધાર્થ પોતાના પિતાના ખોળામાં જોવા મળ્યા. બીજી તસવીરમાં તે ભાઈ હર્ષદ સાથે જોવા મળ્યો. એક ફોટોમાં પત્ની કિયારા અડવાણી પણ જોવા મળી, જ્યાં સિદ્ધાર્થ પિતાનો હાથ પકડેલા જોવા મળ્યો. પોસ્ટના કેપ્શનમાં સિદ્ધાર્થે લખ્યું કે- તેના પિતા એવા વ્યક્તિ હતા, જે હંમેશા મૂલ્યોને વળગી રહ્યા. તેઓ શિસ્તબદ્ધ હતા, પણ કડક નહીં; મજબૂત હતા, પણ અહંકારી નહીં. જીવનની મુશ્કેલ પરીક્ષાઓ દરમિયાન પણ તેમણે સકારાત્મક વિચારસરણી જાળવી રાખી. તેમણે આગળ લખ્યું, “મર્ચન્ટ નેવી કેપ્ટન તરીકે સમુદ્રોનું નેતૃત્વ કરવાથી લઈને બીમારીનો હિંમતભેર સામનો કરવા સુધી, તેમણે ક્યારેય સમાધાન કર્યું નહીં. સ્ટ્રોક પછી વ્હીલચેર પર હોવા છતાં તેમનો જુસ્સો અડગ રહ્યો.”

સિદ્ધાર્થે પોતાની પોસ્ટમાં એ પણ લખ્યું, “પપ્પા, તમારી ઈમાનદારી મારો સૌથી મોટો વારસો છે. તમારી તાકાત મને દરરોજ પ્રેરિત કરે છે. તમે શાંતિથી ઊંઘમાં અમને છોડી ગયા, પણ તમારી ખોટ અપાર છે. હું જે કંઈ પણ છું, તમારી જ કારણે છું.”

સિદ્ધાર્થના પિતા સુનીલ મલ્હોત્રા મર્ચન્ટ નેવીમાં કેપ્ટન હતા. વર્કફ્રન્ટની વાત કરીએ તો સિદ્ધાર્થ છેલ્લે ફિલ્મ ‘પરમ સુંદરી’માં જોવા મળ્યા હતા.

પર્સનલ લાઈફની વાત કરીએ તો, સિદ્ધાર્થ અને કિયારા અડવાણીએ 15 જુલાઈ 2025ના રોજ મુંબઈની રિલાયન્સ હોસ્પિટલમાં તેના પ્રથમ સંતાન, દીકરી સરાયાહ મલ્હોત્રાનું સ્વાગત કર્યું.

# સલમાનના પિતા સલીમ ખાનની હાલતમાં સુધાર

## હેલ્થ બુલેટિન જાહેર કરતાં ડોક્ટરે કહ્યું- મિનિમલ બ્રેન હેમરેજ હતું, કાલે વેન્ટિલેટર હટાવે તેવી શક્યતા

(એજન્સી) મુંબઈ તા.18 મંગળવારે સવારે તબિયત બગડતાં સ્ક્રીનપ્લે રાઈટર સલીમ ખાનને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને હેમરેજ થતાં હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ‘તેમની હાલત સ્થિર છે.‘



1. કોઈ સર્જરી નથી કરવામાં આવી.
2. જ્યારે તેમને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા ત્યારે તેમનું બ્લડ પ્રેશર ખૂબ જ ઊંચું હતું જે હવે કંટ્રોલમાં છે.
3. તેમને મિનિમલ બ્રેન હેમરેજ હતું, જેના માટે એક પ્રક્રિયા કરવામાં આવી હતી અને તેઓ હાલમાં સ્વસ્થ થઈ રહ્યા છે.
4. જો બધું બરાબર રહેશે, તો કાલે વેન્ટિલેટર હટાવવામાં આવશે.
5. કોઈ સર્જરી કરવામાં આવી ન હતી અને તે DSA (ડિજિટલ સબસ્ટ્રેક્શન એન્જીયોગ્રાફી) નામની એક નાની પ્રક્રિયા હતી.
6. તેઓ સ્થિર છે અને હાલ સ્વસ્થ છે.
7. હાલ ડિસ્ચાર્જ અંગે કોઈ ખ્યાલ નથી, જરૂર પડે તેમ તેના પર નિર્ણય લઈશું.

લીલાવતી હોસ્પિટલના ડૉ. જલીલ પાર્કરે મીડિયાને જણાવ્યું હતું કે- સલીમ ખાનની ડિજિટલ સબટ્રેક્શન એન્જીયોગ્રાફી (DSA) થઈ હતી. આ મગજની સર્જરી નથી. DSA એ હાઈ-ક્વોલિટી એક્સ-રે છે, જે શરીરની નસોના બ્લોકેજને વધુ સ્પષ્ટ રીતે જોવે છે. તેને સેરેબ્રલ એન્જીયોગ્રાફી પણ કહેવામાં આવે છે.

મંગળવારે સવારે ઈમર્જન્સીમાં લાવવામાં આવ્યા હતા હોસ્પિટલ પ્રશાસને જણાવ્યું હતું કે સલીમ ખાનને મંગળવારે સવારે 8:30 વાગ્યે ઈમર્જન્સીમાં લાવવામાં આવ્યા હતા. તેમની સારવાર માટે ડોકટરોની એક ટીમ બનાવવામાં આવી છે. તેમાં ન્યુરોલોજિસ્ટ ડો. વિનય ચવ્હાણ, કાર્ડિયોલોજિસ્ટ ડો. અજિત મેનન, ન્યુરોસર્જન ડો. નીતિન ડાંગે અને ડો. બિનિત અહલુવાલિયાનો સમાવેશ થાય છે.

**1960ના દાયકામાં થઈ હતી કરિયરની શરૂઆત |** સલીમ ખાનનો જન્મ 24 નવેમ્બર, 1935ના રોજ થયો હતો અને તેઓ હાલ 90 વર્ષના છે. તેમને હિન્દી સિનેમાના સૌથી પ્રખ્યાત પટકથા લેખકોમાંના એક ગણવામાં આવે છે.

સલીમ ખાને તેમની કારકિર્દીની શરૂઆત એક્ટર તરીકે કરી હતી. તેમણે 1960ના દાયકામાં ફિલ્મ ‘બારાત’થી શરૂઆત કરી, પરંતુ તેમને મર્યાદિત અને નાની ભૂમિકાઓ મળી હતી. લગભગ બે ડઝન ફિલ્મોમાં કામ કર્યા પછી તેમને સમજાયું કે એક્ટિંગ તેમની સાચી શક્તિ નથી. ત્યાર બાદ તેઓ લેખન તરફ વળ્યા અને પટકથા લેખનમાં પ્રવેશ કર્યો. સલીમ ખાન અને જાવેદ અખ્તરની જોડી ‘સલીમ-જાવેદ’ના નામથી જાણીતી રહી છે. બંનેએ મળીને હિન્દી સિનેમાને ઘણી સુપરહિટ અને યાદગાર ફિલ્મો આપી, જેમ કે ઝંઝીર, દીવાર, શોલે, ડોન અને સીતા ઔર ગીતા. આ ફિલ્મોની દમદાર વાર્તાઓ અને ડાયલોગ લોકોના દિલમાં વસી ગયા.

# સલમાનના કો-એક્ટ્રેસ પ્રવીણા દેશપાંડેનું નિધન : પરિવારે જાણકારી આપી...

સિનિયર એક્ટ્રેસ પ્રવીણા દેશપાંડેનું મંગળવારે નિધન થયું. આ માહિતી એક્ટ્રેસના પરિવારે તેમના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આપી. જે બાદ મંગળવારે બપોરે મુંબઈના અંધેરી સ્થિત સ્મશાનગૃહમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. એક્ટ્રેસ લાંબા સમયથી કેન્સર સામે ઝઝૂમી રહ્યાં હતાં. 2019માં તેમને મલ્ટિપલ માયલોમાનું નિદાન થયું હતું. બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ દરમિયાન તેઓ 17 દિવસ આઈસોલેશનમાં રહ્યા હતા.

પ્રવીણા દેશપાંડેએ સલમાન ખાનની સુપરહિટ ફિલ્મ ‘રેડી’માં શાલિની ચૌધરીનો રોલ કર્યો હતો. આ ઉપરાંત તેમણે ‘એક વિલન’, ‘ગબ્બર ઈઝ બેક’ અને ‘પરમાણુ: ધ સ્ટોરી ઓફ પોખરણ’ જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. તાજેતરમાં તેઓ ઈમરાન હાશ્મીની વેબ સિરીઝ ‘તસ્કરી: ધ સ્મગલર્સ વેબ’માં કેમિયો રોલમાં જોવા મળ્યા હતા.

એક્ટ્રેસના નિધન પર સિને એન્ડ ટેલિવિઝન આર્ટિસ્ટ્સ એસોસિએશન (CINTAA) એ તેમને શ્રદ્ધાંજલિ આપતા લખ્યું, “CINTAA પ્રવીણા દેશપાંડે જી (2008 થી સભ્ય) ના નિધન પર દુ:ખ વ્યક્ત કરે છે.”






# તુમ્બાડ ટુ માટે અક્ષય ખન્ના તથા નવાઝુદ્દિનને ઓફર કરવામાં આવી

## તુમ્બાડ કરતાં વધુ મોટાં સ્કેલ પર બનાવાશે : સીકવલ બની રહી હોવાની લાંબા સમયથી ચર્ચા, હવે પ્રોજેક્ટ પર કામગીરી શરૂ ...

મુંબઈ : બહુ વખણાયેલી ફિલ્મ ’તુમ્બાડ’ની સીકવલ બની રહી હોવાની ચર્ચા લાંબા સમયથી છે. જોકે, હવે આ સીકવલ ફરી ટ્રેક પર આવી હોવાનું કહેવાય છે. અક્ષય ખન્ના તથા નવાઝુદ્દિન સિદ્દિકીને આ ફિલ્મમાં રોલની ઓફર કરાઈ હોવાનું જાણવા મળે છે.

મૂળ ફિલ્મ કરતાં સીકવલને વધારે મોટાં બજેટ સાથે વિશાળ સ્કેલ પર બનાવવાનું પ્લાનિંગ છે. એટલે જ આ બે કલાકારોને તેમાં રોલ ઓફર કરાયા છે. જોકે, બનેએ હજુ સુધી આખરી સંમતિ આપી છે કે કેમ તે તત્કાળ જાણવા મળ્યું નથી.

ફિલ્મની ટીમ દ્વારા હજુ સુધી કાસ્ટિંગ કે શૂટિંગ પ્લાનિંગ વિશે કોઈ સત્તાવાર વિગતો અપાઈ નથી.

# 'ધુરંધર 2'ના લીધે આદિત્ય ધરનું પ્રોડક્શન હાઉસ બ્લેકલિસ્ટ થયું...!

## શૂટિંગમાં વારંવાર નિયમોનું ઉલ્લંઘન કરતા BMCની લાલ આંખ, ₹1 લાખનો દંડ ફટકારાશે...



(એજન્સી) મુંબઈ તા.18

બ્લોકબસ્ટર ફિલ્મ ’ધુરંધર’ની સિક્વલ ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ને લીધે ડિરેક્ટર આદિત્ય ધરની મુશ્કેલી વધી છે. ’ધુરંધર 2’ની શૂટિંગ દરમિયાન ફિલ્મમેકર્સે વારંવાર નિયમોનું ઉલ્લંઘન કરતા બૃહન્મુંબઈ નગર નિગમ (BMC) એ લાલ આંખ કરી છે. BMCએ સોમવારે ડિરેક્ટર આદિત્ય ધરના પ્રોડક્શન હાઉસ B62 સ્ટુડિયોઝને બ્લેકલિસ્ટ કરી દીધું છે. હવે કંપની મહારાષ્ટ્ર ફિલ્મ, સ્ટેજ એન્ડ કલ્ચરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ પાસેથી પરવાનગી લઈ શકશે નહીં.

‘ધ ઈન્ડિયન એક્સપ્રેસ’એ તેના રિપોર્ટમાં BMCના અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે, BMCના ઝોન 1ના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે B62 સ્ટુડિયોઝ અને અન્ય બે અરજદારો કોમલ પોખરિયાલ અને નાસિર ખાનને કાયમી ધોરણે બ્લેકલિસ્ટ કરવાની મંજૂરી આપી દીધી છે.

BMC એ ઈમારતની ટેરેસ પર શૂટિંગ કરવા અને પરવાનગી વિના બે જનરેટર વાનનો ઉપયોગ કરવા બદલ 1 લાખ દંડની ભલામણ કરી છે. આ સાથે 25,000ની સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત કરવાની પણ માંગ કરવામાં આવી છે.

નગર નિગમ અનુસાર, પ્રોડક્શન હાઉસે 7 અને 8 ફેબ્રુઆરી વચ્ચે શૂટિંગની પરવાનગી માંગી હતી. 30 જાન્યુઆરીના રોજ એ વોર્ડના મોદી સ્ટ્રીટ અને પેરિન નરિમાન સ્ટ્રીટ પર શૂટિંગની પરવાનગી આપવામાં આવી હતી.

### શરતોનું સંપૂર્ણ ઉલ્લંઘન કરવામાં આવ્યું: અધિકારી

અધિકારીઓનો દાવો છે કે, સેટ પર પોલીસ વિભાગની શરતોનું સંપૂર્ણ ઉલ્લંઘન કરવામાં આવ્યું. પરવાનગીમાં ફટાકડા અને જ્વલનશીલ સામગ્રીના ઉપયોગ પર પ્રતિબંધ હતો. ઉલ્લંઘન પછી ડિપોઝિટ જપ્ત કરીને બ્લેકલિસ્ટ કરવાની ચેતવણી આપવામાં આવી હતી.

ત્યારબાદ કોમલ પોખરિયાલે 13 અને 14 ફેબ્રુઆરી માટે નવી પરવાનગી માંગી, પરંતુ અગાઉના ઉલ્લંઘનનો હવાલો આપતા અરજી રદ કરવામાં આવી. પછી 14 ફેબ્રુઆરીએ રાત્રે 12:30 વાગ્યાથી 4 વાગ્યા સુધી શૂટિંગ માટે નવી અરજી કરવામાં આવી.

અરજદારોએ ખાતરી આપી કે જ્વલનશીલ સામગ્રીનો ઉપયોગ થશે નહીં, જેના પછી શરતો સાથે પરવાનગી આપવામાં આવી. જોકે, BMC અધિકારીઓ અનુસાર 14 ફેબ્રુઆરીની રાત્રે લગભગ 12:45 વાગ્યે મુંબઈ પોલીસને ફરિયાદ મળી કે શૂટિંગ દરમિયાન સળગતી મશાલોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને પાંચ સળગતી મશાલો જપ્ત કરી

# રાજેશ ખન્ના-ડિમ્પલની દોહિત્રી નાઓમિકાએ ફિલ્મ શૂટિંગ શરૂ કર્યું

મુંબઈ : રાજેશ ખન્ના અને ડિમ્પલ કાપડિયાની દોહિત્રી નાઓમિકાએ બોલિવુડમાં એન્ટ્રી કરી લીધી છે. તેની પહેલી ફિલ્મનું શૂટિંગ શરુ થઈ ગયું છે.

‘સ્ત્રી’ સહિતની ફિલ્મોના નિર્માતા મેડોક ફિલ્મસ દ્વારા આ ફિલ્મ બનાવાઈ રહી છે. વેદાંગ રૈના તેનો હિરો હશે. ફિલ્મની વાર્તા કે ટાઈટલની વિગતો હજુ અપાઈ નથી પરંતુ, મોટાભાગે આ ફિલ્મ એક રોમાન્ટિક કોમેડી હશે તેમ મનાઈ રહ્યું છે. જગદીપ સિદ્ધુ આ ફિલ્મનું દિગ્દર્શન કરી રહ્યા છે. નાઓમિકા ડિમ્પલની દીકરી રિંકી ખન્નાની પુત્રી છે.

# ફરહાન-રણવીર વચ્ચે તકરારમાં પ્રોડયૂસર ગિલ્ડ મધ્યસ્થી કરશે





મુંબઈ : રણવીરે પોતે ’ડોન થ્રી’ ફિલ્મ છોડી દેતાં ફરહાન અખ્તરને થયેલાં ૪૦ કરોડના નુકસાનનું વળતર ચૂકવવાનો ઈન્કાર કરી દેતાં બંને વચ્ચે થયેલી તકરાર સમગ્ર બોલિવુડમાં ચર્ચાનો વિષય બની છે. હવે બંને વચ્ચે સમાધાના પ્રયાસો થઈ રહ્યા છે. પ્રોડયૂસર ગિલ્ડ ઓફ ઈન્ડિયા દ્વારા આ મામલે મધ્યસ્થી થાય તેવી સંભાવના છે.

પ્રોડયૂસર ગિલ્ડ ઓફ ઈન્ડિયાને હજુ આ તકરાર અંગે કોઈ ઔપચારિક ફરિયાદ મળી નથી. પરંતુ, તે પણ સમાધાન કરાવવા માટે પ્રયત્નશીલ બની રહ્યું છે. બીજી તરફ એક ચર્ચા અનુસાર આમિરના ઘરે પણ ફરહાન અખ્તર તથા તેના પાર્ટનર રિતેશ સિધવાની સહિત કેટલાક બોલિવુડ નિર્માતાઓની બેઠક મળી હતી. તેમાં નિર્માતાઓએ ચિંતા વ્યક્ત કરી હતી કે રણવીર જેવું જ વલણ અન્ય કલાકારો પણ અપનાવે અને નિર્માતાઓને આર્થિક નુકસાન થાય તે પહેલાં આ બાબતે કોઈ નીતિ નક્કી કરવી જરુરી છે. જોકે, બાદમાં આમિરે પોતે કોઈ મધ્યસ્થી કરવાનો હોવાનું નકાર્યું હતું.

રણવીરે ’ડોન થ્રી’ છોડી દેતાં ફરહાને પ્રિ પ્રોડક્શન સહિત અન્ય બાબતો પર ખર્ચેલા ૪૦ કરોડ રુપિયા એળે ગયા છે. તેણે રણવીરને આ નુકસાનનું વળતર ભરપાઈ કરી દેવા જણાવ્યું છે પરંતુ રણવીર તે માટે ધરાર ઈન્કાર કરી રહ્યો છે.

# કે-પૉપ સિંગર Aoora પર ચઢ્યો ભક્તિનો રંગ: 'શિવ તાંડવ સ્તોત્ર'નું EDM વર્ઝન સોશિયલ મીડિયા પર વાઈરલ




(એજન્સી) મુંબઈ તા.18

ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ હવે સાત સમુદ્ર પાર કોરિયા સુધી પહોંચ્યો છે. તાજેતરમાં પ્રખ્યાત કે-પૉપ(K-Pop) કલાકાર Aoora(ઓરા) સોશિયલ મીડિયા પર ભારે ચર્ચામાં છે. ઓરાએ ભગવાન શિવના અત્યંત શક્તિશાળી એવા ’શિવ તાંડવ સ્તોત્ર’ને એક નવા અને આધુનિક અંદાજમાં રજૂ કર્યું છે. ’શિવા શિવમ’ શીર્ષક સાથેના આ ગીતના ટીઝરમાં ઓરા ઈલેક્ટ્રોનિક ડાન્સ મ્યુઝિક(EDM) ના તાલે ’પ્રફુલ્લ નીલ પંકજ...’ શ્લોક ગાતા જોવા મળે છે. આ ફ્યુઝન સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યું છે અને ભારતીય ચાહકો આ કોરિયન કલાકારની શ્રદ્ધા અને અનોખા અંદાજને ખૂબ જ પસંદ કરી રહ્યા છે. પૌરાણિક માન્યતા મુજબ, શિવ તાંડવ સ્તોત્રની રચના લંકાપતિ રાવણ દ્વારા કરવામાં આવી હતી. જ્યારે રાવણે અહંકારમાં આવી કૈલાશ પર્વત ઉઠાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે મહાદેવે પોતાના અંગૂઠાથી પર્વત દબાવ્યો હતો. તે સમયે શિવજીને પ્રસન્ન કરવા અને પોતાની ભૂલની ક્ષમા માંગવા રાવણે આ સ્તુતિ ગાઈ હતી.

કુલ 17 શ્લોક ધરાવતું આ સ્તોત્ર માનસિક શાંતિ, શત્રુઓથી રક્ષણ અને જીવનમાં સંતુલન જાળવવા માટે રામબાણ માનવામાં આવે છે. Aoora એ હજુ આ ગીતની રિલીઝ ડેટ જાહેર કરી નથી, પરંતુ તેના ટીઝરે અત્યારથી જ લોકોમાં ભારે ઉત્સુકતા જગાવી દીધી છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ભારતીય ટેનિસ
# ખેલાડીઓનો દબદબો દુબઈથી દિલ્હી સુધી ભારતીયોનો વિજય



(એજન્સી) દુબઈ/દિલ્હી । તા. 18

ભારતીય ટેનિસ માટે મંગળવારનો દિવસ અત્યંત સફળ સાબિત થયો છે. વિશ્વના વિવિધ ખૂણે રમાઈ રહેલી પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટોમાં ભારતીય સ્ટાર્સે પોતાની પ્રતિભાનો પરચો આપ્યો છે. દુબઈમાં ઋતુજા ભોસલેએ કમાલ કરી છે, તો દિલ્હીમાં સુમિત નાગલે પોતાની વિજયકૂચ જાળવી રાખી છે. ભારતીય ટેનિસ ખેલાડીઓનો દબદબો હવે આંતરરાષ્ટ્રીય સર્કિટ પર સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. ભારતની નંબર ૧ ડબલ્સ ખેલાડી ઋતુજા ભોસલેએ ડબલ્યુટીએ ૧૦૦૦ માં શાનદાર પદાર્પણ કર્યું છે. દુબઈ ચેમ્પિયનશિપમાં પોતાની થાઈ ભાગીદાર પિયાંગટાર્ન પ્લિપુચ સાથે મળીને તેણે જાપાન અને ચાઈનીઝ તાઈપેઈની જોડીને સીધા સેટમાં ૭-૫, ૬-૨ થી હરાવી હતી. આ જીત સાથે ઋતુજાએ રાઉન્ડ ઓફ ૧૬માં સ્થાન મેળવી લીધું છે. હવે તેનો મુકાબલો ક્વાર્ટર ફાઈનલ માટે ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનાલિસ્ટ જોડી સામે થશે. ભારતના ટોચના સિંગલ્સ ખેલાડી સુમિત નાગલે દિલ્હી ઓપનમાં શાનદાર પ્રારંભ કર્યો છે. તેણે સ્પેનના ડેવિડ જોર્ડ સાન્ચિસને ૬-૩, ૭-૫ થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. જોકે, આ જ ટૂર્નામેન્ટમાં મોટો ઉલટફેર જોવા મળ્યો હતો, જ્યાં ટોચના સીડ ધરાવતા ઓસ્ટ્રેલિયાના ડેન સ્વીનીને કઝાકિસ્તાનના ખેલાડીએ હાર આપી હતી.

## ઝિમ્બાબ્વેએ રચ્યો ઈતિહાસ, પહેલીવાર સુપર-૮માં

પલ્લેકેલે (શ્રીલંકા): ICC ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ઝિમ્બાબ્વેની ક્રિકેટ ટીમે ઈતિહાસ રચી દીધો છે. મંગળવારે પલ્લેકેલેમાં આયર્લેન્ડ સામેની ગ્રુપ-બીની મેચ ભારે વરસાદને કારણે રદ થતા બંને ટીમોને ૧-૧ પોઈન્ટ ફાળવવામાં આવ્યો હતો. આ પોઈન્ટની મદદથી ઝિમ્બાબ્વે સત્તાવાર રીતે સુપર-૮ રાઉન્ડ માટે ક્વોલિફાય થઈ ગયું છે. આ સાથે જ પૂર્વ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા અને આયર્લેન્ડ આ ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયા છે. સુપર-૮માં સ્થાન મળતા જ કેપ્ટન સિકંદર રઝા સહિત સમગ્ર ટીમ ગેલમાં આવી ગઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં ઝિમ્બાબ્વેના ખેલાડીઓ સ્ટેન્ડમાં હાજર રહેલા ફેન્સ સાથે રાષ્ટ્રધ્વજ લહેરાવીને ગીતો ગાતા અને તાળીઓ પાડતા જોવા મળ્યા હતા. સિકંદર રઝાએ જણાવ્યું હતું કે, "અમારો હેતુ દેશ માટે આદર અને ઓળખ મેળવવાનો હતો, અને અમે આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરીને ફેન્સનો વિશ્વાસ જીત્યો છે." ઝિમ્બાબ્વેની આ સફળતાએ ઓસ્ટ્રેલિયાની વિદાય નક્કી કરી દીધી છે. ઝિમ્બાબ્વેએ ૩ મેચમાંથી ૫ પોઈન્ટ મેળવ્યા છે, જ્યારે ઓસ્ટ્રેલિયા પાસે માત્ર ૨ પોઈન્ટ છે.

ક્લિફોર્ડ મિરાન્ડા અને પ્રીતમ કોટલ રણનીતિ

## ચેન્નાઈયન FC અને મુંબઈ સિટી ISL મેચમાં જંગ ખેલાશે



ચેન્નાઈ | ભારતીય ફૂટબોલ જગતની સૌથી પ્રતિષ્ઠિત સ્પર્ધા ઈન્ડિયન સુપર લીગની નવી સીઝનનો પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે બે દિગ્ગજ ટીમો આમને-સામને ટકરાવા જઈ રહી છે. બે વખતની ચેમ્પિયન ટીમ ચેન્નાઈયન એફસી આગામી ગુરુવારે મુંબઈ સિટી સામે તેમના ઘરઆંગણે ટકરાશે. પાછલા પાંચ વર્ષોમાં ચાર વખત પ્લે-ઓફ સુધી પહોંચવામાં નિષ્ફળ રહેલી ચેન્નાઈની ટીમ આ વખતે નવા જોશ અને નવી રણનીતિ સાથે મેદાનમાં ઉતરશે. મુખ્ય કોચ ક્લિફોર્ડ મિરાન્ડાના માર્ગદર્શન હેઠળ ટીમ પાછલા રેકોર્ડ ભૂલીને વિજયી શરૂઆત કરવા માટે ઉત્સુક છે. આ મેચ ચેન્નાઈયન એફસી માટે માત્ર એક રમત નથી પરંતુ આત્મસન્માનની લડાઈ છે. વર્ષ ૨૦૨૦ પછી ચેન્નાઈની ટીમ મુંબઈ સામે એક પણ મેચ જીતી શકી નથી. સતત ૧૪ મેચોમાં મુંબઈ સામે મળેલી હારનો સિલસિલો તોડવો એ કોચ મિરાન્ડા માટે સૌથી મોટો પડકાર સાબિત થશે.

ડિઝાઈનર્સ વચ્ચે રમતગમત ઉત્સાહ જોવા મળ્યો, મુંબઈ સ્પોર્ટ્સ ઈવેન્ટ ૨૦૨૬ માં ભાઈચારાની જીત

# મુંબઈમાં આર્કિટેક્ટ પિકલબોલ ટુર્નામેન્ટની ભવ્ય પૂર્ણાહુતિ

(એજન્સી) મુંબઈ । તા. 18

સપનાની નગરી મુંબઈમાં માત્ર ઈમારતોના નકશા જ નહીં, પરંતુ રમતગમતના મેદાનમાં પણ આર્કિટેક્ટ્સ અને ઈન્ટિરિયર ડિઝાઈનર્સનો દબદબો જોવા મળ્યો હતો. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈનર્સ (IIID) મુંબઈ ચેપ્ટરના સહયોગથી આયોજિત 'આર્કિટેક્ટ પિકલબોલ ટુર્નામેન્ટ ૨૦૨૬' ની હાઈ-વોલ્ટેજ ફાઈનલ સાથે ભવ્ય પૂર્ણાહુતિ થઈ છે. આ ટુર્નામેન્ટમાં મુંબઈભરના ૧૫૦ થી વધુ અગ્રણી આર્કિટેક્ટ્સ અને ડિઝાઈનર્સે ભાગ લઈને ફિટનેસ અને ટીમવર્કનો સંદેશ આપ્યો હતો.

### રોમાંચક ફાઈનલમાં ટીમ નેક્સન વિજેતા

સપ્તાહો સુધી ચાલેલી પ્રેક્ટિસ સત્રો અને લીગ મેચો બાદ રમાયેલી ફાઈનલ અત્યંત રસાકસીભરી રહી હતી. આ ખિતાબી જંગમાં 'ટીમ નેક્સન' (Nexion) એ શાનદાર પ્રદર્શન કરતા ચેમ્પિયનશિપ ટ્રોફી પર કબજો જમાવ્યો હતો, જ્યારે 'ટીમ સ્ટીલએક્સ' (Steelx) રનર્સ-અપ રહી હતી.

વિજેતા ટીમના કેપ્ટન સોનિયા પોતદારે આ ટુર્નામેન્ટને વ્યાવસાયિક વ્યસ્તતા વચ્ચે તાજગીભર્યો અનુભવ ગણાવ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ટુર્નામેન્ટની બીજી સીઝને અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.



### વ્યાવસાયિક સંબંધો અને સ્વાસ્થ્ય પર ભાર

આ પહેલનો મુખ્ય હેતુ રમતગમત દ્વારા વ્યાવસાયિક સંબંધોને મજબૂત બનાવવાનો હતો. IIID મુંબઈના માનદ સેક્રેટરી અર્જુન મિલિંદ પાઈએ જણાવ્યું હતું કે, આ ટુર્નામેન્ટ દ્વારા આખું ડિઝાઈનર જગત કામના ભારણથી દૂર રહીને આરોગ્ય અને ભાઈચારા માટે એકમંચ પર આવ્યું છે. અગ્રણી આર્કિટેક્ટ સંદીપ શિખરે, અહેમદ શેખ અને વિપુલ ટાપકે સહિતના કેપ્ટન્સે મેદાન પર ખેલદિલીની ભાવના સાથે ઉત્સાહ પૂર્યો હતો.

### કોર્પોરેટ જગતનો મજબૂત સાથ

એશિયન પેઈન્ટ્સ બ્યુટીફુલ હોમ્સ ઈનવોગ (Asian Paints Beautiful Homes Invogue) દ્વારા પ્રાયોજિત આ કાર્યક્રમમાં હેરિટેજ માર્બલ, કોમલક્સ અને ધ સિલેક્ટ જેવી કંપનીઓએ પણ સક્રિય ભાગીદારી નોંધાવી હતી. મેનિશ શાહ અને રાહુલ જિંદાલ જેવા ઉદ્યોગ સાહસિકોએ જણાવ્યું કે, ડિઝાઈનર સમુદાય વચ્ચે આ પ્રકારના આયોજનોથી સહયોગ અને વેલનેસની ભાવના મજબૂત થાય છે.

ટીમ ઈગ્નાઈટ ઈન્ક (IIGNITE Inc.) દ્વારા સફળતાપૂર્વક સંપન્ન થયેલી આ એપીબી ટૂર (APB Tour) આગામી વર્ષે વધુ મોટા પાયે પરત ફરવાની તૈયારી કરી રહી છે.

# જમ્મુ કાશ્મીરે રચ્યો ઈતિહાસ રણજી ટ્રોફી ફાઈનલમાં, શમીની સર્વશ્રેષ્ઠ બોલિંગ એળે ગઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ભારતીય ઘરેલું ક્રિકેટના ઈતિહાસમાં બુધવારનો દિવસ જમ્મુ-કાશ્મીર માટે સુવર્ણ અક્ષરે લખાઈ ગયો છે. પશ્ચિમ બંગાળના કલ્યાણી ખાતે રમાયેલી રણજી ટ્રોફી ૨૦૨૫-૨૬ની રોમાંચક સેમીફાઈનલમાં જમ્મુ-કાશ્મીરે બંગાળને ૬ વિકેટે પરાજય આપીને પ્રથમ વખત આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. મોહમ્મદ શમી જેવા દિગ્ગજ બોલરની શાનદાર રમત છતાં બંગાળની બેટિંગ લાઈનઅપ બીજી ઈનિંગમાં પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી, જેનો ભરપૂર ફાયદો જમ્મુના ખેલાડીઓએ ઉઠાવ્યો હતો.

મેચની શરૂઆતમાં બંગાળે પ્રથમ બેટિંગ કરતા ૩૨૮ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો, જેમાં સુદીપ ઘરામીએ ૧૪૬ રનની શાનદાર ઈનિંગ રમી હતી. જમ્મુ-કાશ્મીર તરફથી આકિબ નબીએ ૮૭ રન આપી ૫ વિકેટ ઝડપી હતી.

જવાબમાં જમ્મુ-કાશ્મીરની ટીમ જ્યારે બેટિંગ કરવા ઉતરી ત્યારે ભારતીય પેસર મોહમ્મદ શમીનો કહેર જોવા મળ્યો હતો. શમીએ પોતાની કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા ૯૦ રન આપીને ૮ વિકેટ ઝડપી હતી. અબ્દુલ સમદ (૮૨ રન) અને પારસ ડોગરા (૫૮ રન)ની લડત છતાં જમ્મુની ટીમ ૩૦૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, જેનાથી બંગાળને ૨૬ રનની પાતળી સરસાઈ મળી હતી.

ત્રીજા દિવસની રમત બંગાળ માટે કોઈ દુઃસ્વપ્નથી ઓછી નહોતી. જમ્મુ-કાશ્મીરના બોલરો આકિબ નબી અને સુનિલ કુમારે આક્રમક સ્પેલ ફેંકીને બંગાળના ટોપ ઓર્ડરના સૂપડા સાફ કરી નાખ્યા હતા. પ્રથમ ઈનિંગનો હીરો ઘરામી શૂન્ય રને આઉટ થયો હતો. આખી બંગાળની ટીમ માત્ર ૯૯ રનમાં પેવેલિયન ભેગી થઈ ગઈ હતી. આકિબ નબીએ ૪ અને સુનિલ કુમારે ૪ વિકેટ ઝડપીને જમ્મુ-કાશ્મીર માટે જીતનો માર્ગ મોકળો કરી દીધો હતો.

### ઐતિહાસિક વિજય અને ફાઈનલની ટિકિટ

જીતવા માટે જરૂરી ૧૨૬ રનનો પીછો કરતા જમ્મુ-કાશ્મીરની શરૂઆત ખરાબ રહી હતી અને ૧૨ રનમાં જ ૨ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, શુભમ પુંડીર (૨૭ રન) અને વંશજ શર્માના અણનમ ૪૩ રનની મદદથી જમ્મુ-કાશ્મીરે ૪ વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો. આ જીત સાથે જ જમ્મુ-કાશ્મીરની ટીમે પ્રથમ વખત રણજી ટ્રોફીની ફાઈનલમાં સ્થાન મેળવીને નવો ઈતિહાસ રચ્યો છે. જમ્મુ-કાશ્મીરની આ સફર અત્યંત પ્રેરણાદાયી રહી છે. સીમિત સંસાધનો અને પડકારો વચ્ચે પણ આ ટીમે દેશની મજબૂત ગણાતી બંગાળ જેવી ટીમને તેના જ હોમ ગ્રાઉન્ડ પર પરાજય આપ્યો છે.



સ્પિનર ઉસ્માન તારિકનું નિવેદન ભૂલો પર કામ કરીશું
નામિબિયા સામે ટકરાશે પાકિસ્તાન ગ્રુપ એ માં ખરાખરી

## પાકિસ્તાન માટે કરો યા મરો હાર્યા તો વિશ્વકપમાંથી ફેંકાઈ જશે બહાર

(એજન્સી) કોલંબો । તા. 18

ચાલુ ટીર૦ વિશ્વકપમાં પાકિસ્તાન ક્રિકેટ ટીમ અત્યારે સૌથી કપરા સંજોગોમાંથી પસાર થઈ રહી છે. ભારત સામેની કારમી હાર બાદ હવે પાકિસ્તાન પર ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ જવાનું જોખમ તોળાઈ રહ્યું છે. આગામી મેચમાં નામિબિયા સામે પાકિસ્તાન માટે કરો યા મરો જેવી સ્થિતિ સર્જાઈ છે. જો પાકિસ્તાન આ મેચ હારશે, તો અમેરિકાની ટીમ સુપર-૮ માં પહોંચી જશે અને પાકિસ્તાનનું વિશ્વકપ અભિયાન વહેલું સમાપ્ત થઈ જશે.

### ભૂલો સુધારવા પર ભાર અને મનોબળ

મેચ પૂર્વેની પત્રકાર પરિષદમાં પાકિસ્તાની સ્પિનર ઉસ્માન તારિકે સ્વીકાર્યું હતું કે ટીમ અત્યારે દબાણમાં છે, પરંતુ તેઓ ભૂલો સુધારવા માટે તત્પર છે. સ્પિનર ઉસ્માન તારિકનું નિવેદન સામે આવ્યું છે કે, "જ્યારે તમે તમારી ભૂલોને ઓળખીને તેના પર કામ નથી કરતા, ત્યારે જ મુશ્કેલી વધે છે. અમે ભારત સામેની મેચમાં થયેલી ખામીઓ પર ચર્ચા કરી છે અને આગામી મેચોમાં તે ન દોહરાય તેની કાળજી રાખીશું." તારિકે વધુમાં ઉમેર્યું કે સારા પરિણામો માટે સતત સુધારા કરવા જરૂરી છે.

### વરિષ્ઠ બોલરોની ટીકા અને દબાણ

શાહીન આફ્રિદી અને શાદાબ ખાન જેવા વરિષ્ઠ ખેલાડીઓની થઈ રહેલી ટીકાઓ પર ઉસ્માન તારિકે બચાવ કરતા કહ્યું કે ભારત સામેની મેચમાં હંમેશા દબાણ રહેતું હોય છે. તે એક માનવ સહજ પ્રક્રિયા છે. મહત્વનું એ છે કે તમે તેમાંથી કેવી રીતે બહાર આવો છો. મીડિયા અહેવાલ મુજબ, પાકિસ્તાન અત્યારે પોતાની લય ગુમાવી બેઠું છે અને બોલિંગ યુનિટ પોતાની લાઈન અને લેન્થ જાળવવામાં નિષ્ફળ રહ્યું છે, જેના પર હવે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

કેપ્ટન રોહિત પૌડેલનું નિવેદન આ જીત અમારા માટે ખાસ

## નેપાળની ઐતિહાસિક જીત મુંબઈના વાનખેડેમાં સ્કોટલેન્ડ સામે શાનદાર વિજય

(એજન્સી) મુંબઈ । તા. 18



આઈસીસી મેન્સ ટીર૦ વિશ્વકપમાં નેપાળી ક્રિકેટ ટીમે ઈતિહાસ રચી દીધો છે. મુંબઈના પ્રતિષ્ઠિત વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી રોમાંચક મેચમાં નેપાળે સ્કોટલેન્ડને ૭ વિકેટે હરાવીને ટૂર્નામેન્ટમાં પોતાની પ્રથમ જીત નોંધાવી છે. લીગ સ્ટેજની આ અંતિમ મેચમાં નેપાળી ખેલાડીઓએ અદ્ભુત સંયમ અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું, જેના કારણે હજારોની સંખ્યામાં ઉમટેલા નેપાળી ચાહકોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ હતી.

મેચ બાદ નેપાળના કેપ્ટન રોહિત પૌડેલે અત્યંત ભાવુક થઈને જણાવ્યું હતું કે, "આ જીત મારા અને મારી ટીમ માટે ઘણું મહત્વ ધરાવે છે. કેપ્ટન તરીકે મારા બીજા વિશ્વકપમાં લીગ સ્ટેજની છેલ્લી મેચમાં વિજય મેળવવો મનોબળ વધારવા માટે જરૂરી હતો." પૌડેલે ખાસ કરીને દીપેન્દ્ર સિંહ એરીના વખાણ કર્યા હતા, જેમણે મેચ વિનિંગ ઈનિંગ રમીને નેપાળને લક્ષ્ય સુધી પહોંચાડ્યું હતું. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે નેપાળી ચાહકોએ છેલ્લી ઘડી સુધી સ્ટેડિયમમાં હાજર રહી ટીમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા સ્કોટલેન્ડે ૧૫ ઓવર સુધી ૧૩૧/૧ નો મજબૂત સ્કોર બનાવ્યો હતો. માઈકલ જોન્સે ૭૧ રનની શાનદાર પારી રમી હતી. જોકે, અનુભવી બોલર સોમપાલ કામીએ ૧૬મી ઓવરમાં પાસા પલટી નાખ્યા હતા. કામીએ ૪ ઓવરમાં ૨૫ રન આપી ૩ વિકેટ ઝડપી સ્કોટલેન્ડને ૧૭૦/૭ પર રોકી દીધું હતું. અંતિમ પાંચ ઓવરમાં સ્કોટલેન્ડ માત્ર ૩૯ રન જ ઉમેરી શક્યું હતું, જે નેપાળ માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો હતો.

## અર્જુન તેંડુલકરના લગ્નનું શરણાઈ ગુંજશે

### સાનિયા ચંદોક બનશે તેંડુલકરની વહુ



(એજન્સી) મુંબઈ । તા. 18

ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં જેમનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલું છે તેવા માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરના ઘરે ટૂંક સમયમાં મંગળ ગીતો ગુંજવાના છે. સચિન તેંડુલકરના પુત્ર અને ઉભરતા ક્રિકેટર અર્જુન તેંડુલકરના લગ્ન સાનિયા ચંદોક સાથે નિર્ધારિત થયા છે. આ શુભ પ્રસંગે સચિન તેંડુલકરે પોતાની પત્ની અંજલિ તેંડુલકર સાથે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની મુલાકાત લીધી હતી અને તેમને લગ્નનું ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું.

સચિન તેંડુલકરે માત્ર રાજ્યના મુખ્યમંત્રી જ નહીં, પરંતુ દેશની સર્વોચ્ચ હસ્તીઓને પણ આ પ્રસંગે સહભાગી થવા વિનંતી કરી છે. મીડિયા અહેવાલ અનુસાર, સચિને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને પણ વિધિવત આમંત્રણ આપ્યું છે. ઉલ્લેખનીય છે કે, અર્જુન અને સાનિયાની સગાઈ ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં અત્યંત સાદગીપૂર્વક સંપન્ન થઈ હતી.

અર્જુન તેંડુલકર જેની સાથે લગ્નગ્રંથિથી જોડાવા જઈ રહ્યો છે તે સાનિયા ચંદોક એક પ્રતિષ્ઠિત પૃષ્ઠભૂમિ ધરાવે છે. તે ગ્રેવિસ ગ્રુપના ચેરમેન રવિ ઘાઈની પૌત્રી છે. સાનિયા લાંબા સમયથી તેંડુલકર પરિવારની નિકટની મિત્ર રહી છે અને સચિનની પુત્રી સારા તેંડુલકર સાથે પણ તેની ગાઢ મિત્રતા છે. વર્ષોની આ મૈત્રી હવે સગપણમાં બદલાઈ રહી છે, જેને લઈને બંને પરિવારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ૨૬ વર્ષીય અર્જુન તેંડુલકર અત્યારે ઘરેલું ક્રિકેટમાં ગોવા તરફથી રમી રહ્યો છે. તેણે ૨૦૨૧માં મુંબઈની ટીમથી પોતાના કરિયરની શરૂઆત કરી હતી. આઈપીએલની વાત કરીએ તો, અર્જુને અત્યાર સુધીમાં ૫ મેચ રમી છે અને ૩ વિકેટ ઝડપી છે. ૨૦૨૬ની આગામી આઈપીએલ સિઝન માટે તે લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) ટીમ તરફથી રમતો જોવા મળશે. મુંબઈ ઈન્ડિયન્સ દ્વારા તેને ટ્રેડ કરીને લખનૌની ટીમમાં મોકલવામાં આવ્યો છે, જે તેના કરિયર માટે એક નવો વળાંક સાબિત થઈ શકે છે.

પ્રવાસ // પર્થ રેડસ્ટાર અને અઝુરી સામે જંગ, તુર્કીના પ્રવાસ બાદ પર્થમાં પડાવ

# ભારતીય મહિલા ફૂટબોલ ટીમ પર્થમાં રમશે મેચ

(એજન્સી) પર્થ (ઓસ્ટ્રેલિયા) । તા. 18

ભારતીય સિનિયર મહિલા ફૂટબોલ ટીમ, જે 'બ્લુ ટાઈગ્રેસ' તરીકે જાણીતી છે, તે આગામી મહિને ઓસ્ટ્રેલિયામાં યોજાનારા 'એએફસી વુમન્સ એશિયન કપ ૨૦૨૬' માટે પોતાની સજ્જતા વધારવા ઓસ્ટ્રેલિયાના પર્થ પહોંચી ગઈ છે. આ તાલીમ શિબિરના ભાગરૂપે ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયન ક્લબ સાઈડ્સ 'પર્થ રેડસ્ટાર એફસી' અને 'પર્થ અઝુરી' સામે બે મહત્વપૂર્ણ ફ્રેન્ડલી મેચો રમવાની છે. આ પ્રવાસ ભારતીય ટીમ માટે એશિયાના સૌથી મોટા ફૂટબોલ મંચ પર ઉતરતા પહેલા અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

### મેચનું સમયપત્રક અને તૈયારીઓ

ભારતીય ટીમ તુર્કીમાં પોતાનો ટ્રેનિંગ કેમ્પ પૂરો કરીને ૧૧ ફેબ્રુઆરીએ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા પહોંચી હતી. એઆઈએફએફ (AIFF) દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલ મુજબ, ભારત તેની પ્રથમ ફ્રેન્ડલી મેચ ૧૯ ફેબ્રુઆરીએ પર્થ રેડસ્ટાર એફસી સામે ડાલમેટિનાક પાર્ક ખાતે ભારતીય સમય અનુસાર બપોરે ૨:૩૦ વાગ્યે રમશે. જ્યારે બીજી મેચ ૨૩ ફેબ્રુઆરીએ પર્થ અઝુરી સામે મેસેડોનિયા પાર્ક ખાતે સાંજે ૪:૦૦ વાગ્યે રમાશે. આ બંને મેચો સુરક્ષા અને વ્યૂહાત્મક કારણોસર પ્રેક્ષકોની ગેરહાજરીમાં એટલે કે 'ક્લોઝડ ડોર' રમાડવામાં આવશે.



### તુર્કી પ્રવાસનું સરવૈયું

ઓસ્ટ્રેલિયાના આ મહત્વના પ્રવાસ પૂર્વે ભારતીય મહિલા ટીમે તુર્કીમાં છ ફ્રેન્ડલી મેચો રમી હતી. જેમાં યુક્રેન, રશિયા, સ્વિત્ઝર્લેન્ડ, જર્મની અને રોમાનિયાની વિવિધ ક્લબ ટીમો સામે ટક્કર લીધી હતી. આ પ્રવાસમાં ભારતે ત્રણ મેચમાં જીત મેળવી હતી, એક મેચ ડ્રો રહી હતી અને બે મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. તાજેતરની મેચમાં ભારતને રોમાનિયન ક્લબ સામે ૦-૧થી નજીવી હાર મળી હતી, પરંતુ તે અગાઉ રશિયન ટીમ ઝવેઝદા-૨૦૦૫ ને ૨-૦થી હરાવીને ભારતે પોતાની શક્તિનો પરિચય આપ્યો હતો.

### ઝળકેલી પ્રતિભાઓ અને રણનીતિ

તુર્કીના પ્રવાસ દરમિયાન અંજુ તમાંગ અને લિન્ડા કોમ સેરટોએ રશિયન ટીમ સામે ગોલ કરીને ભારતને જીત અપાવી હતી. આ ઉપરાંત જર્મન સાઈડ હર્થા બીએસસી ફ્રાઉએન સામે ગ્રેસ ડાંગમેઈએ નિર્ણાયક ગોલ કરીને ભારતને વિજય અપાવ્યો હતો. આ પ્રદર્શન દર્શાવે છે કે ભારતીય ફોરવર્ડ લાઈન અત્યારે સારા ફોર્મમાં છે. પર્થની આ મેચો કોચને એશિયન કપ માટેની અંતિમ અગિયાર (Playing 11) નક્કી કરવામાં અને ખેલાડીઓને ઓસ્ટ્રેલિયાના વાતાવરણ સાથે અનુકૂલન સાધવામાં મદદરૂપ થશે.

ઓસ્ટ્રેલિયામાં યોજાનાર એએફસી વુમન્સ એશિયન કપ ભારત માટે અત્યંત મહત્વની ટૂર્નામેન્ટ છે. આ ફ્રેન્ડલી મેચો દ્વારા ટીમની નબળાઈઓ દૂર કરવા અને કોમ્બિનેશન સેટ કરવા પર ભાર મૂકવામાં આવશે. પર્થની ક્લબો સામેનો મુકાબલો ભારતીય ખેલાડીઓને શારીરિક અને માનસિક રીતે વધુ સક્ષમ બનાવશે, જેનો સીધો લાભ આગામી મહિનાના મોટા મુકાબલાઓમાં જોવા મળશે.

સ્ટીવ સ્મિથનું અપમાન થયું હોવાનો માર્ક વોનો દાવો



## ઓસી.ની શરમજનક હાર વિશ્વકપમાંથી બહાર થતા પૂર્વ ક્રિકેટર લાલઘૂમ

(એજન્સી) સિડની । તા. 18

ટીર૦ વિશ્વકપ ૨૦૨૬માં પૂર્વ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાનું સપનું રોળાઈ ગયું છે. ઝિમ્બાબ્વે અને શ્રીલંકા સામે મળેલી કારમી હાર બાદ ઓસ્ટ્રેલિયા ગ્રુપ સ્ટેજમાંથી જ બહાર થઈ ગયું છે. આ નિષ્ફળતા બાદ ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન માર્ક વોએ પસંદગી સમિતિ પર આકરા પ્રહારો કર્યા છે. માર્ક વોના મતે ઓસ્ટ્રેલિયાનું આ અભિયાન શરૂઆતથી જ નબળી પસંદગી અને ઈજાઓને કારણે નિષ્ફળતા તરફ ધકેલાઈ ગયું હતું.

માર્ક વોએ સ્ટીવ સ્મિથ જેવા દિગ્ગજ ખેલાડીને ટીમમાં સ્થાન ન આપવા મુદ્દે પસંદગીકારોને આડે હાથ લીધા છે. માર્ક વોની આકરી ટીકા સામે આવી છે કે, સ્મિથ જેવા સ્પિનના શ્રેષ્ઠ ખેલાડીને બહાર બેસાડવો તે સમજાવા જેવું નથી. તેમણે ઉમેર્યું કે, "સ્ટીવ સ્મિથનું અપમાન કરવામાં આવ્યું છે. તમારા સૌથી શ્રેષ્ઠ ખેલાડીને સાઈડલાઈન પર બેસાડી રાખવો એ પસંદગીકારોની મોટી ભૂલ છે." સ્મિથે તાજેતરમાં બિગ બૅશ લીગમાં શાનદાર પ્રદર્શન કર્યું હોવા છતાં તેને પ્લેઈંગ ઈલેવનમાં તક આપવામાં આવી નહોતી.

ઓસ્ટ્રેલિયાની ટીમ ટુર્નામેન્ટની શરૂઆત પહેલા જ ઈજાઓથી ઘેરાયેલી હતી. પેટ કમિન્સ અને જોશ હેઝલવુડ જેવા મુખ્ય બોલરો બહાર થતા ટીમની બોલિંગ નબળી પડી ગઈ હતી. શ્રીલંકા સામેની મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૧૦૪ રનની મજબૂત શરૂઆત કરી હોવા છતાં માત્ર ૭૭ રનમાં તમામ ૧૦ વિકેટ ગુમાવી દીધી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, સ્પિન બોલરો સામે ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો સંપૂર્ણપણે લાચાર દેખાયા હતા, જ્યાં સ્મિથની હાજરી અનિવાર્ય હતી.

માર્ક વોએ જણાવ્યું હતું કે પસંદગીકારોએ ખેલાડીઓના ફોર્મને બદલે માત્ર જૂની રણનીતિ પર ધ્યાન આપ્યું. મીડિયા અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયા હવે ૨૦ ફેબ્રુઆરીએ ઓમાન સામે પોતાની અંતિમ ઔપચારિક મેચ રમશે.

### ટાઈફૂન મિસાઈલ સીસ્ટમથી ચીન ધૂંધવાયું, એન્ટીશિપ મિસાઈલ લોન્ચરો તૈનાત

# અમેરિકા ફિલીપાઈન્સમાં હાઈટેક મિસાઈલ ગોઠવશે

(એજન્સી) મનીલા | તા. 18

દક્ષિણ ચીન સાગરમાં ચીનની વધતી જતી દાદાગીરીને રોકવા માટે અમેરિકાએ હવે આરપારની લડાઈના સંકેત આપી દીધા છે. ચીનની વારંવારની ધમકીઓ છતાં, અમેરિકાએ ફિલીપાઈન્સમાં અત્યંત આધુનિક હાઈટેક મિસાઈલ સિસ્ટમ તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. મનીલામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય સુરક્ષા મંત્રણામાં બંને દેશોએ પરસ્પરના સૈન્ય સંબંધોને વધુ મજબૂત કરવા અને પ્રાદેશિક સ્થિરતા જાળવવા માટે આ મહત્વપૂર્ણ કદમ ઉઠાવ્યું છે, જેનાથી બૈજિંગમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે.

## ચીનની ચેતવણી છતાં સૈન્ય સહયોગ યથાવત

અમેરિકા અને ફિલીપાઈન્સના અધિકારીઓએ મનીલામાં આર્થિક અને રાજકીય સંબંધોને ગાઢ બનાવવાના હેતુથી સઘન મંત્રણાઓ હાથ ધરી છે. સાઉથ ચાઈના સીમાં ચીની નૌકાદળના હુમલાઓને રોકવા માટે અમેરિકા હવે હાઈટેક મિસાઈલ સિસ્ટમની સુરક્ષા કવચ પૂરું પાડશે. મીડિયા અહેવાલ મુજબ, આ અગાઉ પણ ૨૦૨૪માં અમેરિકાએ ઉત્તર ફિલીપાઈન્સમાં 'ટાઈફૂન' નામની મિડ-રેન્જ મિસાઈલ સિસ્ટમ ગોઠવી હતી, જ્યારે ૨૦૨૫માં એન્ટીશિપ મિસાઈલ લોન્ચરો તૈનાત કરવામાં આવ્યા હતા. ચીને આ શસ્ત્રોને પોતાની સુરક્ષા માટે ખતરો ગણાવીને વારંવાર હટાવવાની માંગ કરી હતી, પરંતુ પ્રમુખ ફર્ડીનાઝ માર્કોસ જુનિયરની સરકારે ચીનની આ માંગણીને સ્પષ્ટપણે ફગાવી દીધી છે.

## રક્ષણાત્મક વ્યૂહરચના અને આધુનિકીકરણ

સોમવારે મનીલામાં શરૂ થયેલી બેઠક બાદ મંગળવારે જાહેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં સુરક્ષાની નવી રૂપરેખા રજૂ કરવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ વર્ષે બંને દેશો વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયતનું પ્રમાણ વધારવામાં આવશે. અમેરિકા ફિલીપાઈન્સની સેનાને આધુનિક બનાવવા



માટે માત્ર નાણાકીય જ નહીં, પરંતુ ટેકનિકલ સહાય પણ પૂરી પાડશે. આ સહાયમાં સૌથી મહત્વનું પાસું અતિ આધુનિક મિસાઈલો અને માનવરહિત (અનમેન્ડ) સીસ્ટમની તૈનાતી છે, જે ચીનના કોઈ પણ સૈન્ય સાહસનો જડબાતોડ જવાબ આપવા માટે તૈયાર કરવામાં આવી છે.

ચીનનું માનવું છે કે અમેરિકા આ વિસ્તારમાં પોતાની સૈન્ય શક્તિ વધારીને એશિયા-પેસિફિક ક્ષેત્રમાં તણાવ પેદા કરી રહ્યું છે. બૈજિંગે ચેતવણી આપી છે કે અમેરિકાના આ પગલાંથી આ પ્રદેશની સ્થિરતા જોખમાશે અને બંને દેશો વચ્ચે સીધો ટકરાવ વધવાની શક્યતા છે. જોકે, અમેરિકી અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે તેમનો હેતુ માત્ર તેમના સાથી દેશની રક્ષા કરવાનો અને આંતરરાષ્ટ્રીય જળસીમામાં મુક્ત અવરજવર જાળવી રાખવાનો છે.

## અત્યાર સુધીની પરિસ્થિતિ

ફિલીપાઈન્સ અત્યારે ચીન સાથેના સરહદી વિવાદમાં એક મજબૂત મહોરું બનીને ઉભર્યું છે. અમેરિકાના અત્યાધુનિક લોન્ચરો અને મિસાઈલો ફિલીપાઈન્સના દરિયાકાંઠે ગોઠવાઈ જવાથી ચીનના એરક્રાફ્ટ કેરિયર્સ અને યુદ્ધજહાજો માટે આ વિસ્તારમાં હિલચાલ કરવી મુશ્કેલ બની જશે. આ રણનીતિક ગોઠવણ આગામી દિવસોમાં દક્ષિણ ચીન સાગરના રાજકારણમાં મોટા ફેરફારો લાવી શકે છે.

### બંધારણ સુધારા પ્રસ્તાવનો વિરોધ કરાયો

# બાંગ્લાદેશમાં તારિક રહેમાન યુગનો પ્રારંભ યૂનુસને મોટો ઝટકો

(એજન્સી) ઢાકા | તા. 18

પાડોશી દેશ બાંગ્લાદેશના રાજકારણમાં આજે એક નવો સૂર્યોદય થયો છે. લાંબા સમયની અસ્થિરતા બાદ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના નેતા તારિક રહેમાને દેશના નવા વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા છે.

જોકે, પદ સંભાળતાની સાથે જ રહેમાને વચગાળાની સરકારના પ્રમુખ મોહમ્મદ યૂનુસ દ્વારા પ્રસ્તાવિત બંધારણીય સુધારાઓને ફગાવી દઈને પોતાના કડક ઈરાદાઓ સ્પષ્ટ કરી દીધા છે. આ નિર્ણય સાથે જ બાંગ્લાદેશમાં છેલ્લા ૧૮ મહિનાથી ચાલી રહેલા વચગાળાના શાસનનો વિધિવત અંત આવ્યો છે.

શપથવિધિ પૂર્વે જ મોહમ્મદ યૂનુસની વચગાળાની સરકારે 'કોન્સ્ટિટ્યૂશન રિફોર્મ કાઉન્સિલ' રચવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ પ્રસ્તાવ મુજબ તમામ નવા ચૂંટાયેલા સાંસદોએ બંધારણીય સુધારા માટેના એક શપથ પત્ર પર હસ્તાક્ષર કરવાના હતા. મીડિયા અહેવાલ મુજબ, તારિક રહેમાને આ પ્રસ્તાવને 'મનસ્વી' ગણાવીને નકારી કાઢ્યો છે. બીએનપીના નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે વચગાળાની સરકાર દ્વારા લાદવામાં આવતા આવા ફેરફારો લોકશાહીની વિરુદ્ધ છે.

### ભારત સાથે મિત્રતાનો નવો આયામ

બાંગ્લાદેશમાં લોકશાહીના પુનઃસ્થાપન સાથે જ ભારતે પણ મિત્રતાનો હાથ લંબાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તારિક રહેમાનને અભિનંદન પાઠવ્યા છે અને તેમને દિલ્હી આવવાનું સત્તાવાર આમંત્રણ પણ આપ્યું છે. આગામી દિવસોમાં બાંગ્લાદેશની નવી સરકાર ભારત સાથેના સંબંધોને કેવી રીતે આગળ ધપાવે છે તેના પર સમગ્ર એશિયાની નજર રહેશે. રહેમાનના શપથ ગ્રહણ સાથે જ હવે બાંગ્લાદેશમાં પૂર્ણકાલીન લોકશાહી સરકારનું સંચાલન શરૂ થઈ ચૂક્યું છે.

### જેરાલ્ડ ફોર્ડ જહાજને નષ્ટ કરવા પડકાર, ૫૦ લડાયક વિમાનો મેદાનમાં

# ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધના ભણકારા વાગ્યા



(એજન્સી) નવી દિલ્હી | તા. 18

પશ્ચિમ એશિયામાં અત્યારે પરિસ્થિતિ અત્યંત સ્ફોટક બની ગઈ છે. અમેરિકા અને ઈરાન વચ્ચેનો વર્ષો જૂનો વિવાદ હવે સીધા સૈન્ય સંઘર્ષ તરફ વળી રહ્યો હોય તેવા સંકેતો મળી રહ્યા છે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા ખામેનેઈએ અમેરિકાને ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું છે કે જો વોશિંગ્ટન દ્વારા કોઈ પણ પ્રકારની હિંમત કરવામાં આવશે, તો ઈરાન પલભરમાં અમેરિકાના શક્તિશાળી યુદ્ધજહાજોને સમુદ્રના તળિયે પહોંચાડી દેશે. આ નિવેદને વૈશ્વિક સ્તરે ખળભળાટ મચાવી દીધો છે અને યુદ્ધની આશંકા પ્રબળ બનાવી છે.

## અમેરિકી નૌકાદળને ખામેનેઈનો સીધો પડકાર

ઈરાની નેતાએ સોશિયલ મીડિયાના માધ્યમથી અમેરિકાના સૌથી અત્યાધુનિક ગણાતા એરક્રાફ્ટ કેરિયર 'USS જેરાલ્ડ આર. ફોર્ડ'ને નિશાન બનાવવાની વાત કરી છે. મીડિયા અહેવાલ મુજબ, ખામેનેઈએ આ જહાજને પાણીમાં ડૂબતું બતાવતી તસવીરો શેર કરીને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સૈન્ય રણનીતિ પર કટાક્ષ કર્યો હતો. ઈરાનનો દાવો છે કે તેમની પાસે એવી ઘાતક એન્ટી-શિપ મિસાઈલો છે જે અમેરિકાના કોઈ પણ મોટા સૈન્ય બેડાને નષ્ટ કરવા માટે સક્ષમ છે. આ આક્રમક વલણ સ્પષ્ટ કરે છે કે ઈરાન કોઈ પણ ભોગે નમતું જોખવા તૈયાર નથી.

## મિડલ ઈસ્ટમાં સૈન્ય જમાવડો અને હવાઈ કવાયત

બીજી તરફ, અમેરિકાએ પણ ઈરાનની આ ધમકીઓને હળવાશથી લીધી નથી. છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકાએ મિડલ ઈસ્ટમાં પોતાની સૈન્ય હાજરીમાં અભૂતપૂર્વ વધારો કર્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકાએ F-22, F-35 અને F-16 જેવા અંદાજે ૫૦થી વધુ અત્યાધુનિક લડાયક વિમાનો આ વિસ્તારમાં તૈનાત કરી દીધા છે. આ સાથે જ હવામાં ઈંધણ ભરી શકે તેવા ટેન્કરો પણ સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા એરક્રાફ્ટ કેરિયર મોકલવાની જાહેરાત બાદ ઈરાને પણ તેની મિસાઈલ સિસ્ટમને હાઈ એલર્ટ પર મૂકી દીધી છે. એક તરફ યુદ્ધના નગારા વાગી રહ્યા છે, ત્યારે બીજી તરફ શાંતિ સ્થાપવા માટે રાજદ્વારી પ્રયાસો પણ ચાલુ છે. ઓમાન દેશની મધ્યસ્થતા હેઠળ જિનીવામાં બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે બીજા રાઉન્ડની મંત્રણા યોજાઈ હતી. ઈરાની વિદેશ મંત્રાલયે આ બેઠકને સકારાત્મક ગણાવી છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે.



વોશિંગ્ટન/ટોક્યો | મધ્ય પૂર્વના આકાશમાં ફરી એકવાર યુદ્ધના કાળા વાદળો ઘેરાવા લાગ્યા છે. ઈરાન સાથે પરમાણુ કરાર મુદ્દે ચાલી રહેલી રાજદ્વારી મંત્રણાઓ વચ્ચે અમેરિકાએ આ વિસ્તારમાં પોતાની સૈન્ય તાકાતમાં આક્રમક વધારો કરીને સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. એકતરફ મંત્રણાના ટેબલ પર શાંતિની વાતો થઈ રહી છે, તો બીજી તરફ અમેરિકાએ રણમેદાનમાં વિમાનોનો કાફલો ઉતારીને ઈરાન પર દબાણ વધારવાની વ્યૂહરચના અપનાવી છે. મિલિટ્રી એવિએશન મોનિટરિંગ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકાએ મધ્ય પૂર્વમાં ૫૦થી વધુ અત્યાધુનિક ફાઈટર જેટ્સ તૈનાત કર્યા છે. જેમાં F-22, F-35 અને F-16 જેવા ઘાતક લડાયક વિમાનોનો સમાવેશ થાય છે. આ વિમાનોની સાથે હવામાં ઈંધણ ભરી શકે તેવા ટેન્કર વિમાનો પણ મોકલવામાં આવ્યા છે, જે સ્પષ્ટ સંકેત આપે છે કે અમેરિકા લાંબા સમય સુધી હવાઈ ઓપરેશન ચલાવવાની ક્ષમતા કેળવી રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કેરેબિયનથી એક વિશાળ એરક્રાફ્ટ કેરિયર ગ્રુપ પણ મધ્ય પૂર્વ તરફ રવાના કરી દેવામાં આવ્યું છે. સ્વિટ્ઝર્લેન્ડના જિનીવામાં અત્યારે બંને દેશો વચ્ચે પરમાણુ કાર્યક્રમ અંગે બીજા રાઉન્ડની મંત્રણા ચાલી રહી છે. જોકે, અમેરિકન ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે સ્પષ્ટ કર્યું છે કે ઈરાન હજુ પણ પ્રમુખ ટ્રમ્પ દ્વારા નિર્ધારિત 'રેડ લાઈન્સ' અથવા કડક શરતો માનવા તૈયાર નથી.

### ભારત અને ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી પર ભાર

# મુંબઈનું આતિથ્ય માણી ફ્રાન્સના રાષ્ટ્રપતિ દિલ્હી જવા રવાના



(એજન્સી) નવી દિલ્હી | તા. 18

ભારત અને ફ્રાન્સ વચ્ચેના મજબૂત મૈત્રીપૂર્ણ સંબંધોમાં વધુ એક સોનેરી પ્રકરણ ઉમેરાવા જઈ રહ્યું છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને ફ્રાન્સના પ્રથમ મહિલા મુંબઈની મુલાકાત પૂર્ણ કરી હવે રાષ્ટ્રીય રાજધાની દિલ્હી પહોંચવા રવાના થયા છે. મુંબઈમાં ભવ્ય સ્વાગત બાદ, તેઓ દિલ્હીમાં આયોજિત 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬' માં સહભાગી થશે. આ મુલાકાત બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઉંચાઈ પર લઈ જશે તેમ માનવામાં આવી રહ્યો છે.

ગઈકાલે મંગળવારે જ્યારે મેક્રોન મુંબઈ એરપોર્ટ પર ઉતર્યા ત્યારે મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વિદાય લેતી વખતે મેક્રોન અને તેમના પત્નીએ હોટલના સ્ટાફનું પણ અભિવાદન કર્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, વિદેશ મંત્રાલયે આ મુલાકાતને 'ઈન્ડિયા-ફ્રાન્સ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'માં એક મહત્વનું પગલું ગણાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ મેક્રોન વચ્ચે દિલ્હીમાં દ્વિપક્ષીય બેઠક યોજાશે, જેમાં સંરક્ષણ અને ટેક્નોલોજી પર ચર્ચા કરવામાં આવશે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ઉભરતી ટેકનોલોજીમાં સહયોગ વધારવાનો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ મેક્રોન સંયુક્ત રીતે 'વર્ષ ૨૦૨૬' ને 'ઈનોવેશન વર્ષ' તરીકે જાહેર કરશે. ભારત મંડપમ ખાતે ૧૬ થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન ચાલી રહેલી આ સમિટ ગ્લોબલ સાઉથમાં યોજાનારી પ્રથમ વૈશ્વિક એઆઈ સમિટ છે, જે 'પીપલ, પ્લેનેટ અને પ્રોગ્રેસ' ના ત્રણ મુખ્ય સ્તંભો પર આધારિત છે. રાષ્ટ્રપતિ મેક્રોનની આ ચોથી ભારત મુલાકાત છે, જે દર્શાવે છે કે ફ્રાન્સ માટે ભારત કેટલું મહત્વનું ભાગીદાર છે.

## ન્યૂઝ બ્રીફ

### એઆઈ સમિટમાં 'સ્કાઉટ' રોબોટનું આકર્ષણ ઉદ્યોગોનું ભવિષ્ય બદલાશે



નવી દિલ્હી | રાજધાનીના ભારત મંડપમ ખાતે ચાલી રહેલી 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬' માં અત્યારે ટેકનોલોજીના અનોખા સંગમ જોવા મળી રહ્યા છે. આ પ્રદર્શનમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર 'સ્કાઉટ' નામનો એક ચપળ રોબોટ બન્યો છે. ઈવાઈ ઈન્ડિયા (EY India) દ્વારા રજૂ કરવામાં આવેલો આ રોબોટ માત્ર એક મશીન નથી, પરંતુ તે ડિજિટલ ટ્વિન્સ અને ફિઝિકલ એઆઈના સમન્વયથી સજ્જ ભવિષ્યની ઔદ્યોગિક ક્રાંતિનું પ્રતીક છે. 'સ્કાઉટ' રોબોટ ખાસ કરીને માઈનિંગ, ઓઈલ અને ગેસ જેવા જોખમી ક્ષેત્રોમાં નિરીક્ષણના કાર્યો માટે તૈયાર કરવામાં આવ્યો છે. આ રોબોટ જટિલ વાતાવરણમાં સ્વાયત્ત રીતે કામ કરી શકે છે.

### ધર્મશાલામાં લોસરની ધૂમ તિબેટીયન નૂતન વર્ષનો ભવ્ય પ્રારંભ

ધર્મશાલા | હિમાચલ પ્રદેશના રમણીય હિલ સ્ટેશન ધર્મશાલામાં આજે તિબેટીયન સમુદાય દ્વારા તેમના પરંપરાગત નૂતન વર્ષ 'લોસર'ની અત્યંત ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. તિબેટીયન કેલેન્ડર મુજબ, સમુદાયે 'વુડ સ્નેક વર્ષ ૨૧૫૨' ને વિદાય આપીને 'ફાયર હોર્સ વર્ષ ૨૧૫૩' (અગ્નિ અશ્વ વર્ષ) ને ભવ્ય રીતે આવકાર્યું છે. બુધવારે વહેલી સવારે મુખ્ય તિબેટીયન મંદિર, સુગલાખંગ ખાતે વિશેષ પ્રાર્થના સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તિબેટીયન સરકાર-ઈન-એક્સાઈલના ધર્મ અને સંસ્કૃતિ વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં રાજકીય નેતા 'સિક્યોંગ', સંસદના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને મંત્રીઓ સહિત મોટી સંખ્યામાં સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. નમગ્યાલ મઠના સાધુઓએ તેમની સત્તાવાર દેવી 'પાલ્ડેન લહામો'ની પૂજા અર્ચના કરી હતી. આ ત્રણ દિવસીય ઉત્સવના પ્રથમ દિવસે લોકો પરંપરાગત વસ્ત્રો સજીને મઠોની મુલાકાત લે છે.

### અમેરિકાનો ચીન પર પરમાણુ પરીક્ષણનો ગંભીર આક્ષેપ વિશ્વ સ્તબ્ધ



વોશિંગ્ટન ડીસી | વિશ્વમાં પરમાણુ હથિયારોની સ્પર્ધા ફરી એકવાર તેજ બની હોય તેવા એંધાણ મળી રહ્યા છે. અમેરિકાએ ચીન પર વર્ષ ૨૦૨૦માં 'લોપ નૂર' ટેસ્ટ સાઈટ નજીક ગેરકાયદેસર ભૂગર્ભ પરમાણુ પરીક્ષણ કરવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. બુધવારે અમેરિકી સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નવા ગુપ્તચર અહેવાલો મુજબ, ચીને આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન કરીને આ પરીક્ષણ કર્યું હતું. આ ઘટસ્ફોટ બાદ વોશિંગ્ટને પણ વળતા પ્રહાર તરીકે પરમાણુ પરીક્ષણો ફરી શરૂ કરવાની ચીમકી આપી છે.

# ભારત અને બ્રાઝિલ વચ્ચે 20 અબજ ડોલરના વ્યાપારનું લક્ષ્ય

(એજન્સી) સાઓ પાઉલો | તા. 18

વિશ્વની બે સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓ ભારત અને બ્રાઝિલ હવે આર્થિક ક્ષેત્રે નવા કીર્તિમાન સ્થાપિત કરવા તૈયાર છે. બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા ડી સિલ્વાની સત્તાવાર ભારત મુલાકાત દરમિયાન બંને દેશોએ વર્ષ ૨૦૨૬ સુધીમાં દ્વિપક્ષીય વ્યાપારને ૨૦ અબજ યુએસ ડોલર સુધી પહોંચાડવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ વ્યૂહાત્મક પગલાના ભાગરૂપે, બ્રાઝિલે ભારતની રાજધાની દિલ્હીમાં તેની પ્રથમ 'એપેક્સબ્રાઝિલ' ઓફિસનું પણ ઉદ્ઘાટન કર્યું છે. તાજેતરના આંકડાઓ મુજબ, ભારત અને બ્રાઝિલ વચ્ચેનો વ્યાપાર વર્ષ ૨૦૨૫માં ૧૫.૨ અબજ ડોલર સુધી પહોંચ્યો હતો, જે પાછલા વર્ષની સરખામણીમાં ૨૫ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. મીડિયા અહેવાલ મુજબ, રાષ્ટ્રપતિ લુલાએ ભારતને બ્રાઝિલનું 'કુદરતી



ભાગીદાર' ગણાવ્યું છે. ભારતનું વિશાળ ગ્રાહક બજાર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઝડપી વિકાસ બ્રાઝિલ માટે નિકાસની સુવર્ણ તકો ઉભી કરી રહ્યો છે. ખાસ કરીને ખાંડ, કાચું તેલ અને લોખંડ જેવી ચીજોની નિકાસમાં ૨૦૨૫ દરમિયાન ૨૦ વર્ષનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો છે.

# શી જિનપિંગને મળતા પહેલા ક્વોડ દેશો સાથે બેઠક કરો સેનેટર્સની ટ્રમ્પને સલાહ

વોશિંગ્ટન ડીસી | અમેરિકા અને ચીન વચ્ચેના વધતા વ્યૂહાત્મક ગજગ્રાહ વચ્ચે અમેરિકી સેનેટર્સે ટ્રમ્પ પ્રશાસનને એક અત્યંત મહત્વપૂર્ણ સલાહ આપી છે. સેનેટર ટિમ કેન અને નેબ્રાસ્કાના ગવર્નર પીટ રિકેટ્સે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને અનુરોધ કર્યો છે કે એપ્રિલ મહિનામાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની સૂચિત મુલાકાત પહેલાં 'ક્વોડ' (QUAD) નેતાઓનું શિખર સંમેલન યોજવામાં આવે. આ પગલું ચીન સામે એકતા અને મજબૂત વ્યૂહાત્મક ઈરાદાઓનો સ્પષ્ટ સંદેશ આપશે. વિદેશ મંત્રી માર્કો રુબિયોને લખેલા પત્રમાં સેનેટર્સે જણાવ્યું છે કે ચીન સાથેની તીવ્ર હરીફાઈના આ તબક્કે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ભારત અને જાપાન વચ્ચે ક્વોડ સમિટનું આયોજન અનિવાર્ય છે. આ બેઠક ઈન્ડો-પેસિફિક લોકશાહી દેશો વચ્ચેની વ્યૂહાત્મક સુસંગતતા અને સંકલ્પબદ્ધતાનું પ્રદર્શન કરશે.

# અમેરિકાના દબાણ સામે ભારત નમ્યું રશિયન આયાતમાં ૪૦ ટકાનો ગાબડો

### અમેરિકાનું દબાણ અને ભારતની નવી વ્યૂહરચના

(એજન્સી) નવી દિલ્હી | તા. 18

વૈશ્વિક રાજનીતિ અને આર્થિક સમીકરણોમાં અત્યારે મોટો ઉલટફેર જોવા મળી રહ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન તેલ પર લાદવામાં આવેલા આકરા ટેરિફની સીધી અસર હવે ભારતના આયાત આંકડાઓ પર દેખાવા લાગી છે. તાજેતરમાં જાહેર થયેલા સત્તાવાર ડેટા મુજબ, જાન્યુઆરી ૨૦૨૬માં રશિયાથી ભારતની કુલ આયાતમાં ૪૦.૪૮ ટકાનો તોતિંગ ઘટાડો નોંધાયો છે. આ ઘટાડો સૂચવે છે કે ભારત હવે તેની ઉર્જા જરૂરિયાતો માટે રશિયા પરની નિર્ભરતા ઘટાડી રહ્યું છે.

ગયા વર્ષે જાન્યુઆરીમાં રશિયાથી ભારતની આયાત અંદાજે ૪.૮૧ બિલિયન ડોલર હતી, જે ચાલુ વર્ષે ઘટીને માત્ર ૨.૮૬ બિલિયન ડોલર રહી ગઈ છે. ભારતની રશિયન આયાતમાં સિંહફાળો ધરાવતા ક્રૂડ ઓઈલની ખરીદીમાં ભારતીય રિફાઈનરીઓએ જંગી કાપ મૂક્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવી અગ્રણી ખાનગી રિફાઈનરીઓએ પણ જાન્યુઆરીમાં રશિયન તેલની કોઈ ડિલિવરી લીધી નથી, જે એક મોટા પરિવર્તનનો સંકેત છે. આર્થિક વિશ્લેષકોના મતે, આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ અમેરિકા દ્વારા લાદવામાં આવેલો ૫૦ ટકા જેટલો ભારે ટેરિફ છે. એપ્રિલ ૨૦૨૫માં જ્યારે ટ્રમ્પ પ્રશાસને રશિયન તેલ ખરીદવા બદલ દંડ તરીકે ૨૫ ટકા અને વધારાના ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી, ત્યારથી ભારતીય કંપનીઓ દબાણમાં હતી. જોકે, તાજેતરમાં બંને દેશો વચ્ચે સમજૂતીના પ્રયાસો થયા છે, પરંતુ તે પહેલા જ ભારતીય કંપનીઓએ રશિયન તેલથી અંતર જાળવવાનું શરૂ કરી દીધું હતું.

### વિસ્ફોટ | તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનનો આતંકી હુમલો, વિસ્ફોટમાં આખી ઈમારત ધરાશાયી થઈ

# પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલામાં ૧૧ જવાન શહીદ

(એજન્સી) પેશાવર | તા. 18

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં આતંકવાદીઓએ ફરી એકવાર લોહીયાળ ખેલ ખેલ્યો છે. બાજોર જિલ્લામાં સુરક્ષા દળોની એક સંયુક્ત ચેકપોસ્ટને નિશાન બનાવીને કરવામાં આવેલા અત્યંત શક્તિશાળી આત્મઘાતી વિસ્ફોટમાં ૧૧ સુરક્ષાકર્મીઓના કરુણ મોત નિપજ્યા છે. આ કાયરતાપૂર્ણ હુમલામાં એક માસૂમ બાળકીએ પણ જીવ ગુમાવ્યો છે, જ્યારે અનેક મહિલાઓ અને બાળકો ઘાયલ થયા છે. આ ઘટનાએ પાકિસ્તાનમાં સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે અને સરહદી વિસ્તારોમાં દહેશતનો માહોલ પેદા કર્યો છે.

મીડિયા અહેવાલ મુજબ, આ ઘટના ૧૬ ફેબ્રુઆરીના રોજ બની હતી જ્યારે આતંકવાદીઓએ વિસ્ફોટકોથી લાદેલી એક ગાડીને સુરક્ષા દળોની ચોકીની દીવાલ સાથે જોરદાર ટક્કર મારી હતી. આ વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે તેની ધ્રુજારી કિલોમીટરો સુધી અનુભવાઈ હતી અને ચેકપોસ્ટની મજબૂત




ઈમારત પળવારમાં ધરાશાયી થઈ ગઈ હતી. કાટમાળ નીચે દટાઈ જવાથી ૧૧ જવાનોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. વિસ્ફોટની તીવ્રતાને કારણે નજીકના રહેણાંક મકાનોને પણ વ્યાપક નુકસાન થયું છે, જેમાં રહેતી એક નાની બાળકીનું મોત થયું હતું અને સાત નાગરિકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પાકિસ્તાની સેનાની મીડિયા પાંખ આઈએસપીઆર (ISPR) ના જણાવ્યા અનુસાર, આ હુમલા પાછળ પ્રતિબંધિત સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) ના આતંકવાદીઓનો હાથ છે. સુરક્ષા દળોએ હુમલાખોરોને રોકવાનો પ્રયાસ કર્યો હતો અને વળતી કાર્યવાહીમાં ૧૨ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. પોતાની હાર નિશ્ચિત જોઈને હતાશ થયેલા આતંકીઓએ આત્મઘાતી માર્ગ અપનાવ્યો અને વિસ્ફોટક ભરેલી ગાડી ચેકપોસ્ટ સાથે અથડાવી દીધી હતી. સેનાના નિવેદનમાં જણાવાયું છે કે ભાગતા આતંકીઓ પર પણ સચોટ પ્રહાર કરવામાં આવ્યા હતા. બાજોર જિલ્લો લાંબા સમયથી આતંકવાદી ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યો છે. અફઘાનિસ્તાન સરહદને અડીને આવેલા આ વિસ્તારમાં ટીટીપી અને અન્ય આતંકી જૂથો સક્રિય છે. સ્થાનિક સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ વિસ્તારમાં છેલ્લા કેટલાક મહિનાઓથી સુરક્ષા દળો પરના હુમલામાં નોંધપાત્ર વધારો થયો છે. આ હુમલા બાદ સમગ્ર વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે અને આસપાસના પહાડી વિસ્તારોમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે જેથી છુપાયેલા અન્ય આતંકીઓને પકડી શકાય.

# ક્યુબામાં હાહાકાર નથી ઈંધણ કે નથી અન્ન ટ્રમ્પનો ઘેરો સખત

(એજન્સી) નવી દિલ્હી | તા. 18

આધુનિક યુગમાં જ્યારે માનવ અધિકારોની વાતો થઈ રહી છે, ત્યારે કેરેબિયન દેશ ક્યુબા એક મધ્યયુગીય ઘેરાબંધીનો શિકાર બન્યો હોય તેમ જણાય છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ક્યુબા ફરતે એવી આર્થિક કિલ્લેબંધી કરી છે કે આ ટાપુ રાષ્ટ્રમાં અત્યારે અંધકાર અને ભૂખમરો વ્યાપી ગયો છે. ક્યુબામાં ન તો પૂરતું ઈંધણ બચ્યું છે, ન તો રસોડામાં અનાજ છે. સ્થિતિ એટલી વિકટ છે કે હોસ્પિટલોમાં આરોગ્ય સેવાઓ પણ લગભગ ખોરવાઈ ગઈ છે.

જેમ ઈતિહાસમાં સુલ્તાનો કોઈ કિલ્લાને વર્ષો સુધી ઘેરીને દુશ્મનોને રુંધી નાખતા હતા, તેવી જ રીતે ટ્રમ્પ વહીવટીતંત્ર અત્યારે ક્યુબાને આર્થિક રીતે પાયમાલ કરી રહ્યું છે. ઈંધણના અભાવે દેશના મોટાભાગના વિસ્તારોમાં વીજળી ગુલ છે, જેના કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું છે. ટ્રમ્પે આ પરિસ્થિતિ માટે ક્યુબાને જ જવાબદાર ઠેરવતા કહ્યું છે કે, આ દેશ અમેરિકા સાથે સમજૂતી કરવા તૈયાર નથી, જેના પરિણામે અમારે આ કડક પગલાં લેવા પડ્યા છે.

અમેરિકા અને ક્યુબા વચ્ચેનો આ વિખવાદ ૧૯૬૨ના મિસાઈલ સંકટ જેટલો જૂનો છે. જોકે, ટ્રમ્પના શાસનમાં આ વિરોધ ચરમસીમાએ પહોંચ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ટ્રમ્પે વેનેઝુએલામાં સત્તા પરિવર્તન કરાવ્યા બાદ હવે તેમનું નિશાન ક્યુબાની સામ્યવાદી સરકાર છે.

જાન્યુઆરી ૨૦૨૬માં ટ્રમ્પે એક આકરો આદેશ બહાર પાડીને ક્યુબા સાથે વેપાર કરનારા દેશો પર પણ ભારે ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, જેના કારણે ક્યુબાને મળતી જીવનજરૂરી ચીજોની સપ્લાય લાઈન કપાઈ ગઈ છે.

## કેન્દ્રીય કર્મચારીઓ માટે ખુશખબર હોળી પહેલા મળશે મોટી ભેટ

# મોંઘવારી ભથ્થામાં વધારો થતા કર્મચારીઓને હોળી પહેલા મોટી ભેટ

(એજન્સી) નવી દિલ્હી | તા 18

કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓ અને પેન્શનધારકો માટે વર્ષ ૨૦૨૬ની હોળી આર્થિક સમૃદ્ધિના રંગો લઈને આવી રહી હોય તેવું જણાય છે. સત્તાવાર સૂત્રો અને આર્થિક સંકેતો મુજબ, કેન્દ્ર સરકાર આગામી માર્ચ મહિનામાં જ મોંઘવારી ભથ્થા (DA) માં વધારો કરવાની જાહેરાત કરી શકે છે. આ નિર્ણયથી લાખો સરકારી કર્મચારીઓના માસિક પગાર અને નિવૃત્ત લોકોના પેન્શનની રકમમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળશે. સામાન્ય રીતે સરકાર માર્ચના બીજા પખવાડિયામાં આ જાહેરાત કરતી હોય છે, જેનાથી કર્મચારીઓમાં અત્યારથી જ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.વર્તમાન નિયમો મુજબ, કેન્દ્ર સરકાર વર્ષમાં બે વાર મોંઘવારી ભથ્થાની સમીક્ષા કરે છે. પ્રથમ તબક્કાનો વધારો જાન્યુઆરીથી જૂન સુધીના સમયગાળા માટે હોય છે, જેની સત્તાવાર જાહેરાત માર્ચ મહિનામાં કરવામાં આવે છે. ગત વર્ષે સરકારે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કર્યો હતો, જેનાથી કુલ ભથ્થું ૫૮ ટકાના સ્તરે પહોંચ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, આ વખતે પણ સરકાર ૨ થી ૩ ટકાના વધારાની જાહેરાત કરી શકે છે. જો ૩ ટકાનો વધારો થાય, તો દેશના લાખો કર્મચારીઓનું કુલ મોંઘવારી ભથ્થું ૬૧ ટકાના સીમાચિહ્નને સ્પર્શી જશે, જે સીધી રીતે તેમના હાથમાં આવતા પગારમાં વધારો કરશે.આર્થિક લાભોની સાથે સાથે વહીવટી મોરચે પણ મોટા સમાચાર મળી રહ્યા છે. ૮માં પગાર પંચ (8th Pay Commission) ની રચના માટે સરકારે લીલી ઝંડી આપી દીધી છે અને તેની સત્તાવાર વેબસાઈટ પણ કાર્યરત થઈ ગઈ છે. પંચે વિવિધ કર્મચારી યુનિયનો અને સંગઠનો પાસેથી સૂચનો મંગાવ્યા છે, જેની છેલ્લી તારીખ ૧૬ માર્ચ, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. જાણકારોનું માનવું છે કે, ભલે ૮માં પગાર પંચનો અહેવાલ તૈયાર થવામાં સમય લાગે, પરંતુ તેના આર્થિક લાભોની ગણતરી ૧ જાન્યુઆરી, ૨૦૨૬ની અસરથી જ કરવામાં આવશે તેવી પ્રબળ શક્યતા છે. ત્યાં સુધી તમામ કર્મચારીઓને ૭માં પગાર પંચના માળખા મુજબ મોંઘવારી ભથ્થાનો લાભ મળતો રહેશે.

મોંઘવારી ભથ્થામાં થતો વધારો સીધો મોંઘવારી દર (AICPI Index) સાથે જોડાયેલો હોય છે. જ્યારે મોંઘવારી વધે છે, ત્યારે કર્મચારીઓની ખરીદશક્તિ જાળવી રાખવા માટે સરકાર આ ભથ્થું વધારે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ વખતે જો ૨ ટકાનો પણ વધારો થાય, તો ક્લાસ-૧ થી લઈને ક્લાસ-૪ સુધીના તમામ કર્મચારીઓના પગારમાં માસિક રૂ. ૧૦૦૦ થી લઈને રૂ. ૬૦૦૦ સુધીનો વધારો થઈ શકે છે. પેન્શનધારકો માટે પણ આ વધારો રાહતના સમાચાર સમાન છે, કારણ કે વધતી જતી તબીબી સુવિધાઓ અને અન્ય ખર્ચ સામે આ વધારાની રકમ આર્થિક ટેકો પૂરો પાડશે.કેન્દ્રીય કર્મચારી સંગઠનો લાંબા સમયથી ૮માં પગાર પંચના વહેલા અમલીકરણની માંગ કરી રહ્યા છે. હોળી પહેલા DA વધારાની આ જાહેરાત સરકાર તરફથી કર્મચારીઓને ખુશ રાખવાનો એક વ્યૂહાત્મક પ્રયાસ પણ માનવામાં આવે છે. બજારના વિશ્લેષકો મુજબ, જ્યારે પણ કર્મચારીઓના હાથમાં વધુ નાણાં આવે છે, ત્યારે તેની સીધી અસર બજારની માંગ પર પણ પડે છે, જે અર્થતંત્રને ગતિ આપે છે. હવે સૌની નજર માર્ચ મહિનામાં મળનારી કેન્દ્રીય કેબિનેટની બેઠક પર છે, જ્યાં આ મહત્વપૂર્ણ દરખાસ્ત પર મંજૂરીની મહોર મારવામાં આવશે. આ નિર્ણયથી ન માત્ર કેન્દ્રીય કર્મચારીઓ પણ રાજ્ય સરકારના કર્મચારીઓમાં પણ આશા જાગી છે, કારણ કે રાજ્ય સરકારો પણ કેન્દ્રના અનુસંધાને જ ભથ્થા વધારતી હોય છે.

# જમ્મુ-કાશ્મીર રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા કેન્દ્ર સરકાર સજ્જ થઈ

શ્રીનગર: જમ્મુ-કાશ્મીરના રાજકીય ભવિષ્ય અને તેના 'રાજ્ય' તરીકેના દરજ્જાને લઈને અત્યંત મહત્વના અને પ્રોત્સાહક સમાચાર સામે આવી રહ્યા છે. કેન્દ્રીય કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે શ્રીનગરની મુલાકાત દરમિયાન સ્પષ્ટ સંકેત આપ્યા છે કે કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરને ફરીથી પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા અંગે ખૂબ જ ગંભીર છે અને આ દિશામાં પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. મંત્રીએ પત્રકારો સાથે વાતચીત કરતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે જનતાને આ મામલે ટૂંક સમયમાં જ 'સારા સમાચાર' સાંભળવા મળી શકે છે. આ નિવેદન બાદ ખીણના રાજકારણમાં ભારે ચર્ચા અને આશાનું કિરણ



જાગ્યું છે. ઓગસ્ટ ૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા ઐતિહાસિક નિર્ણય બાદ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી હતી. તે સમયે રાજ્યનું વિભાજન કરીને તેને બે કેન્દ્રશાસિત પ્રદેશો - જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં રૂપાંતરિત કરવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંસદમાં અનેકવાર ખાતરી આપી હતી કે કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો કામચલાઉ છે અને યોગ્ય સમયે રાજ્યનો દરજ્જો પાછો આપવામાં આવશે. હવે દોઢ વર્ષથી વધુ સમયના ઈન્તજાર બાદ કેન્દ્રીય મંત્રીના આ તાજા નિવેદને રાજકીય પક્ષો અને સામાન્ય નાગરિકોમાં નવી અપેક્ષાઓ જન્માવી છે.કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલે ૧૭ ફેબ્રુઆરી ૨૦૬ના રોજ શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર (SKICC) ખાતે આયોજિત કાર્યક્રમ દરમિયાન આ મહત્વપૂર્ણ ટીપ્પણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "ગૃહમંત્રીએ લોકસભામાં આપેલા વચન મુજબ સરકાર તેના વાયદા પર અડગ છે. આ એક અત્યંત સંવેદનશીલ વિષય છે, પરંતુ મને લાગે છે કે તમે આના પર ખૂબ જ જલ્દી કોઈ મોટો નિર્ણય સાંભળશો." સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ આ નિવેદનનું સ્વાગત કર્યું છે અને આશા વ્યક્ત કરી છે કે આ પ્રતીક્ષા હવે વધુ લાંબી નહીં ચાલે.

## News Brief

### આસામ બજેટ ૨૦૨૬: ૫ વર્ષમાં 3000 કરોડનું ડ્રગ્સ ઝડપાયું



(એજન્સી) ગુવાહાટી | તા 18

ગુવાહાટી: આસામના નાણા પ્રધાન અજંતા નિયોગે મંગળવારે વિધાનસભામાં વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું રૂ. ૬૨,૨૯૪.૭૮ કરોડનું વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં રાજ્ય સરકારની છેલ્લા પાંચ વર્ષની સિદ્ધિઓનો ચિતાર આપતા તેમણે જણાવ્યું હતું કે, હિમંત બિસ્વા સરમાના નેતૃત્વમાં આસામમાં ગુનાખોરી અને ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાંથી ૩૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે, જે અગાઉના વર્ષોની સરખામણીએ સાત ગણું વધારે છે. આ સાથે જ રાજ્યની અર્થવ્યવસ્થા વર્ષ ૨૦૨૮ સુધીમાં ૧૦ લાખ કરોડના આંકને સ્પર્શશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે.

આસામ સરકારના ડ્રગ્સ મુક્ત અભિયાન હેઠળ ૨૦૨૧ થી અત્યાર સુધીમાં ૨૪,૦૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. નાણા પ્રધાને ગૃહમાં માહિતી આપી હતી કે જપ્ત કરવામાં આવેલા ૩૦૦૧ કરોડના ડ્રગ્સની રકમ ૨૦૧૧-૧૫ દરમિયાન થયેલી જપ્તી કરતા અનેકગણી વધારે છે. આ કડક કાર્યવાહીના કારણે રાજ્યમાં નશાના કારોબાર પર મોટી લગામ લાગી છે. બજેટ ભાષણ દરમિયાન અજંતા નિયોગે જણાવ્યું હતું કે ૨૦૨૧માં સરકાર બન્યા બાદ અત્યાર સુધીમાં રાજ્યમાં ૧.૪૫ લાખ વીઘા (આશરે ૪૮,૦૦૦ એકર) સરકારી અને જંગલની જમીન પરથી ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા છે.

## મહારાષ્ટ્ર સરકારનો મોટો નિર્ણય અનામત પ્રથા પર રોક

# મુસ્લિમ અનામત રદ કરી મહારાષ્ટ્ર સરકારે આપ્યો મોટો આદેશ

(એજન્સી) મુંબઈ | તા 18

મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની સરકારે અનામત મુદ્દે અત્યંત સંવેદનશીલ અને મોટો નિર્ણય લીધો છે. રાજ્યના સામાજિક ન્યાય વિભાગ દ્વારા ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ એક નવો સરકારી ઠરાવ (GR) જારી કરવામાં આવ્યો છે, જેના દ્વારા મુસ્લિમ સમુદાયને અપાતા ૫ ટકા શૈક્ષણિક ક્વોટા સંબંધિત તમામ જૂના આદેશો અને પરિપત્રોને સત્તાવાર રીતે રદ કરી દેવામાં આવ્યા છે. આ નિર્ણય સાથે જ હવે રાજ્યની કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં આ શ્રેણી હેઠળ મળતું અનામત ભૂતકાળ બની જશે અને કોઈ પણ નવી પ્રવેશ પ્રક્રિયા કે જાતિ પ્રમાણપત્રો આ અંતર્ગત જારી કરવામાં આવશે નહીં. મુસ્લિમ અનામતનો વિવાદ વર્ષ ૨૦૧૪થી ચાલી રહ્યો હતો, જ્યારે તત્કાલીન કોંગ્રેસ-એનસીપી સરકાર દ્વારા વટહુકમ (Ordinance) મારફતે શિક્ષણ અને નોકરીમાં ૫ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી હતી. જોકે, કાયદાકીય પીઠબળના અભાવે અને કોર્ટમાં પડકારાવાને કારણે આ મામલો



લાંબા સમય સુધી લટકતો રહ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, વર્તમાન સરકારે આ કાનૂની અનિશ્ચિતતાનો કાયમી અંત લાવવા માટે ૨૦૧૪ના તે વટહુકમ અને તેની સાથે જોડાયેલી તમામ પ્રક્રિયાઓને સંપૂર્ણપણે ખતમ કરી દીધી છે. આ નિર્ણયથી શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલતી પેન્ડિંગ એડમિશન પ્રક્રિયાઓને પણ તાત્કાલિક અસરથી રોકી દેવામાં આવી છે. આ મોટા નિર્ણયની સાથે જ રાજ્યના લઘુમતી વિભાગમાં પણ વહીવટી ભૂકંપ જોવા મળ્યો છે. વિભાગના નાયબ સચિવ મિલિંદ શેનૉયની તાત્કાલિક બદલી કરી દેવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૨૮ જાન્યુઆરી થી ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ની વચ્ચે જ્યારે રાજ્યમાં પૂર્વ ડેપ્યુટી સીએમ અજિત પવારના નિધન બાદ શોકનો માહોલ હતો, ત્યારે ૭૫ થી વધુ સંસ્થાઓને રેકોર્ડ બ્રેક સમયમાં લઘુમતીનો દરજ્જો આપવાની ફાઈલો પર ડિજિટલ હસ્તાક્ષર થયા હોવાનું સામે આવ્યું હતું. મુખ્યમંત્રી ફડણવીસે આ તમામ ૭૫ મંજૂરીઓ પર રોક લગાવીને ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે, જેણે વહીવટી તંત્રમાં ફફડાટ ફેલાવ્યો છે. સરકારના આ પગલાં સામે વિરોધ પક્ષોએ મોરચો માંડ્યો છે. એઆઈએમઆઈએમ (AIMIM) સાંસદ ઈમ્તિયાઝ જલીલે આકરી પ્રતિક્રિયા આપતા તેને 'રમઝાનની ભેટ' ગણાવી છે. તેમણે દાવો કર્યો કે હાઈકોર્ટે મુસ્લિમોમાં શિક્ષણનો નીચો દર સ્વીકાર્યો હોવા છતાં સરકારે આ અનામત છીનવી લીધું છે. બીજી તરફ, કોંગ્રેસના નેતા પ્રો. વર્ષા ગાયકવાડે પણ સરકાર પર પ્રહાર કરતા પૂછ્યું છે કે જો હાઈકોર્ટે શિક્ષણમાં અનામતને મંજૂરી આપી હતી, તો સરકારે તેને અમલમાં લાવવાને બદલે રદ કેમ કર્યું? વિપક્ષો આ નિર્ણયને પછાત વર્ગોના અધિકારો પર તરાપ ગણાવી રહ્યા છે.

### ઈન્ડિયા ગઠબંધનમાં વિખવાદ સપાટી પર આવતા સંજય રાઉત લાલઘૂમ

(એજન્સી) મુંબઈ | તા 18

મુંબઈ: દેશના રાજકારણમાં અત્યારે વિપક્ષી એકતાના દાવાઓ વચ્ચે મોટા ગાબડાં જોવા મળી રહ્યા છે. શિવસેના (UBT) ના દિગ્ગજ નેતા સંજય રાઉતે બુધવારે મુંબઈમાં એક પત્રકાર પરિષદ દરમિયાન 'ઈન્ડિયા' (INDIA) ગઠબંધનની કાર્યપદ્ધતિ પર આકરા પ્રહારો કર્યા હતા. રાઉતે આરોપ લગાવ્યો હતો કે આ ગઠબંધન માત્ર લોકસભાની ચૂંટણીઓ નજીક આવે ત્યારે જ સક્રિય થાય છે અને બાકીના સમયમાં પક્ષો વચ્ચે પરસ્પર સંવાદનો અભાવ જોવા મળે છે. તેમના આ નિવેદનથી આગામી વિધાનસભા ચૂંટણીઓ પહેલા વિપક્ષી જૂથમાં આંતરિક ખેંચતાણ સ્પષ્ટપણે બહાર આવી છે.ગઠબંધનમાં સામેલ વિવિધ પક્ષો વચ્ચે સંકલનની ખામી લાંબા સમયથી ચર્ચાનો વિષય રહી છે. સંજય રાઉતે જણાવ્યું કે, "જ્યારે લોકસભાની ચૂંટણીઓ નજીક આવે છે ત્યારે જ ગઠબંધનનું કામ શરૂ થાય છે.

ત્યાં સુધી કોઈની વચ્ચે કોઈ વાતચીત થતી નથી. જનતા શું કરી રહી છે અને નેતાઓ શું કરી રહ્યા છે તેની કોઈને ખબર હોતી નથી." રાઉતે સંસદમાં રાહુલ ગાંધીના અવાજને દબાવવાના પ્રયાસોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જો સંસદની અંદર બોલવા દેવામાં ન આવતું હોય, તો શું આપણે સંસદની બહાર કંઈ નક્કર કરી શકીએ છીએ? આ સવાલ વિપક્ષની વ્યૂહરચના સામે આંગળી ચીંધે છે.સંજય રાઉતે દેશની વર્તમાન સમસ્યાઓ જેવી કે ખેડૂતોની આત્મહત્યા, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને મણિપુરના મુદ્દાઓ પર ગઠબંધનની નિષ્ક્રિયતા પર રોષ ઠાલવ્યો હતો. તેમણે કહ્યું કે માત્ર સંસદમાં અવાજ ઉઠાવવાથી કામ નહીં ચાલે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રાઉતે અમેરિકા સાથેના સોદાઓ અને ખેડૂતોની ભૂખમરાની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઉદ્ધવ ઠાકરે હોય કે અન્ય નેતાઓ, દરેક એવું ઈચ્છે છે કે ગઠબંધન માત્ર ચૂંટણી પૂર્વે જ નહીં પણ આખું વર્ષ સક્રિય રહેવું જોઈએ. વર્ષો સુધી નેતાઓ એકબીજા સાથે વાત ન કરે તે ગંભીર બાબત છે.

### બ્લેક બોક્સ ડેટા રિકવરી માટે વિદેશી કંપનીની વિશેષ સહાય

(એજન્સી) બારામતી | તા 18

મહારાષ્ટ્રના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અજિત પવારના અકાળે અવસાન પાછળ જવાબદાર પ્લેન ક્રેશની તપાસ હવે અત્યંત જટિલ વળાંક પર પહોંચી ગઈ છે. એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) ના તાજેતરના અહેવાલ મુજબ, દુર્ઘટનાગ્રસ્ત લિયરજેટ-૪૫ વિમાનના બંને 'બ્લેક બોક્સ' ભીષણ આગમાં લપેટાઈ જવાથી ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયા છે. પાયલોટો અને એર ટ્રાફિક કંટ્રોલર વચ્ચેની છેલ્લી ઘડીની વાતચીત જાણવા માટે હવે અમેરિકાની વિશેષ નિષ્ણાત કંપનીઓની મદદ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ હાઈ-પ્રોફાઈલ દુર્ઘટનાના કારણો શોધવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરની તપાસ અનિવાર્ય બની ગઈ છે.ગયા મહિને ૨૮ જાન્યુઆરીના રોજ બારામતી એરપોર્ટ પર ઉતરાણ દરમિયાન અજિત પવારનું ખાનગી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. AAIB ના નિવેદન અનુસાર,



વિમાનમાં બે પ્રકારના રેકોર્ડર હતા: DFDR (ડિજિટલ ફ્લાઈટ ડેટા રેકોર્ડર) અને CVR (કોકપિટ વોઈસ રેકોર્ડર). મીડિયા અહેવાલ મુજબ, DFDR માંથી વિમાનની ગતિ અને ઊંચાઈ જેવો ટેકનિકલ ડેટા સફળતાપૂર્વક મેળવી લેવામાં આવ્યો છે. જોકે, હનીવેલ કંપની દ્વારા નિર્મિત CVR, જે કોકપિટમાં થયેલા સંવાદોની વિગત આપે છે, તે ભીષણ તાપમાનને કારણે બળી ગયું છે. આ રેકોર્ડરમાંથી ડેટા પુનઃપ્રાપ્ત કરવો એ તપાસ એજન્સી માટે અત્યારે સૌથી મોટો પડકાર છે.દુર્ઘટના સ્થળ પરથી મળેલી તસવીરોમાં વિમાનનો પાછળનો ભાગ પ્રમાણમાં સુરક્ષિત દેખાતો હોવા છતાં, ત્યાં રહેલા બ્લેક બોક્સ આટલી ખરાબ રીતે કેવી રીતે બળી ગયા, તે અંગે એર સિક્યુરિટી નિષ્ણાતો આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સામાન્ય રીતે બ્લેક બોક્સ ૧૧૦૦ ડિગ્રી સેલ્સિયસ સુધીનું તાપમાન સહન કરવા માટે સક્ષમ હોય છે. શિવસેનાના નેતા સંજય રાઉતે આ મામલાને રહસ્યમય ગણાવતા ગંભીર સવાલો ઉઠાવ્યા છે. બીજી તરફ, રોહિત પવારે આક્ષેપ કર્યો છે કે સંબંધિત ચાર્ટર કંપની દ્વારા ઘણીવાર સીવીઆર જાણી જોઈને બંધ રાખવામાં આવતા હતા, જે તપાસનો મુખ્ય વિષય છે.ડેટા રિકવરી માટે AAIB એ હવે હનીવેલ કંપનીના અમેરિકન નિષ્ણાતો અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) ની મદદ માંગી છે. જો ભારતમાં ડેટા ડાઉનલોડ કરવામાં નિષ્ફળતા મળશે, તો આ રેકોર્ડર્સને વિદેશી લેબોરેટરીમાં મોકલવામાં આવી શકે છે.

### રાજ્યસભા ચૂંટણી ૨૦૨૬ માટે ચૂંટણી પંચે કાર્યક્રમ જાહેર કર્યો

નવી દિલ્હી: ભારતીય લોકશાહીના ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભાની ખાલી પડતી બેઠકો માટે ચૂંટણી પંચે રણશિંગું ફૂંકી દીધું છે. ચૂંટણી પંચ દ્વારા બુધવારે સત્તાવાર રીતે ૧૦ રાજ્યોની કુલ ૩૭ બેઠકો માટે ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. એપ્રિલ ૨૦૨૬માં જે સભ્યોનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે, તેમની જગ્યાએ નવા સભ્યોની નિમણૂક માટે આ પ્રક્રિયા હાથ ધરાશે. આ જાહેરાતની સાથે જ દેશના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે, કારણ કે આ ચૂંટણીના પરિણામો ઉચ્ચ ગૃહમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષના સંખ્યાબળ પર સીધી અસર પાડશે.રાજ્યસભાની આ ચૂંટણીમાં મહારાષ્ટ્ર, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, બિહાર અને આસામ જેવા રાજકીય રીતે અત્યંત મહત્ત્વના ગણાતા રાજ્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઓડિશા, છત્તીસગઢ, હરિયાણા, તેલંગાણા અને હિમાચલ પ્રદેશની બેઠકો પર પણ જંગ જામશે. મીડિયા અહેવાલ મુજબ, આ ચૂંટણી માટે ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવશે. ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાથી લઈને ફોર્મની ચકાસણી સુધીની તમામ કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. ચૂંટણીની જાહેરાત થતાની સાથે જ દિલ્હીથી લઈને રાજ્યોની રાજધાનીઓ સુધી બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે.ચૂંટણી પંચના નિર્ધારિત સમયપત્રક અનુસાર, ૧૬ માર્ચ, ૨૦૨૬ના રોજ આ તમામ ૩૭ બેઠકો માટે સવારથી મતદાન પ્રક્રિયા શરૂ થશે. લોકશાહીના આ પર્વમાં સૌથી વિશેષ વાત એ છે કે, મતદાન પૂર્ણ થયાના ગણતરીના કલાકોમાં જ એટલે કે ૧૬ માર્ચની સાંજે જ મતોની ગણતરી કરવામાં આવશે અને તે જ દિવસે વિજેતા ઉમેદવારોના પરિણામો જાહેર કરી દેવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જે રાજ્યોમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચે ધારાસભ્યોના મતોનું ગણિત નજીકનું છે, ત્યાં ખરાખરીનો જંગ જામવાની પૂરેપૂરી શક્યતા છે. ખાસ કરીને હરિયાણા અને હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોમાં રાજકીય પક્ષોએ પોતાના ધારાસભ્યોને એકજૂથ રાખવા માટે કવાયત તેજ કરી છે.

ચૂંટણીની જાહેરાત થતાની સાથે જ ભાજપ, કોંગ્રેસ અને વિવિધ પ્રાદેશિક પક્ષો એક્શન મોડમાં આવી ગયા છે. દરેક પક્ષ એવા મજબૂત ઉમેદવારોની પસંદગી કરવામાં વ્યસ્ત છે જે ન માત્ર જીત મેળવી શકે, પરંતુ પક્ષની વિચારધારાને રાજ્યસભામાં મજબૂતીથી રજૂ કરી શકે. મહારાષ્ટ્રમાં બદલાયેલા રાજકીય સમીકરણો અને બિહારમાં જેડીયુ-બીજેપી ગઠબંધન વચ્ચે બેઠકોની વહેંચણી કેવી રીતે થશે તે જોવું રસપ્રદ રહેશે. બીજી તરફ, દક્ષિણ ભારતના તમિલનાડુ અને તેલંગાણા જેવા રાજ્યોમાં પણ પ્રાદેશિક પક્ષો પોતાની પકડ જાળવી રાખવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

# એઆઈ નોકરીઓ છીનવશે નહીં પણ તેને 'અનબંડલ' કરશે: પુનીત ચંડોક

નવી દિલ્હી: દિલ્હીના ભારત મંડપમ ખાતે ચાલી રહેલી ઐતિહાસિક 'એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૬'માં ટેક જગતના દિગ્ગજોએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ભવિષ્ય અને તેની માનવજીવન પર થનારી અસરો અંગે મહત્ત્વના ખુલાસા કર્યા છે. માઈક્રોસોફ્ટ ઈન્ડિયા અને સાઉથ એશિયાના પ્રેસિડેન્ટ પુનીત ચંડોકે આશાવાદી અભિગમ રજૂ કરતા જણાવ્યું હતું કે, એઆઈ નોકરીઓ ખતમ કરવાને બદલે નવી તકોનું સર્જન કરશે. તેમણે સ્પષ્ટ કર્યું કે એઆઈના કારણે નોકરીઓ જશે નહીં, પરંતુ તેની કાર્ય કરવાની શૈલી બદલાઈ જશે, જેને તેમણે 'જોબ અનબંડલિંગ' તરીકે ઓળખાવ્યું હતું. વૈશ્વિક સ્તરે એવો ભય સેવાઈ રહ્યો છે કે એઆઈ માનવીય નોકરીઓ છીનવી લેશે, પરંતુ સમિટમાં આ અહેવાલોને નકારી કાઢવામાં આવ્યા હતા. પુનીત ચંડોકે જણાવ્યું કે તમારી નોકરી એ કામોનું એક 'બંડલ' છે, અને એઆઈ આ કામોને અનબંડલ કરીને વધુ સરળ બનાવશે. મીડિયા અહેવાલ મુજબ, ભારતના ૯૨ ટકા 'નોલેજ વર્કર્સ' અત્યારે જ કોઈને કોઈ રીતે એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરી રહ્યા છે અને ૫૯ ટકા વ્યવસાયોએ એઆઈ એજન્ટ્સને અપનાવી લીધા છે. ભારત અત્યારે એઆઈ સદીને લીડ કરવા માટે સૌથી મજબૂત સ્થિતિમાં છે.પુનીત ચંડોકે સમિટ દરમિયાન ભારત માટે માઈક્રોસોફ્ટના સૌથી મોટા રોકાણની જાહેરાતને પણ દોહરાવી હતી.

# ભારત-ફ્રાન્સ વચ્ચે સંરક્ષણ, ટેક્નોલોજી સહિતના 21 કરાર

મુંબઈ : યુરોપીયન યુનિયન અને અમેરિકા સહિત અનેક દેશો સાથે ભારતે કરેલા વેપાર કરારોની પૃષ્ઠભૂમિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મૈક્રોંએ મંગળવારે મુંબઈમાં લોકભવન ખાતે બેઠક કરી હતી. દુનિયાભરમાં વધતી અનિશ્ચિતતા વચ્ચે વિશ્વમાં સ્થિરતા લાવવાના હેતુથી બંને નેતાઓએ ભારત અને ફ્રાન્સની વ્યૂહાત્મક વૈશ્વિક ભાગીદારીને નવી ઊંચાઈ પર લઈ જવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે મુંબઈથી જ કર્ણાટકના વેમાગલમાં તૈયાર થયેલી એરબસ એચ-૧૨૫ હેલિકોપ્ટરની એસેમ્બ્લી લાઈનનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું. આ સાથે ભારત અને ફ્રાન્સે સંરક્ષણ, દુર્લભ ખનીજો, એઆઈ સહિત હાઈ ટેક્નોલોજી, વૈકલ્પિક ઊર્જા અને સ્વાસ્થ્ય સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે કુલ ૨૧ કરારો કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મૈક્રોંએ કર્ણાટકના વેમાગલમાં એચ-૧૨૫ હેલિકોપ્ટરની એસેમ્બલી લાઈનનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું. આ એરલાઈન ટાટા એડવાન્સ સિસ્ટમ તથા ફ્રાન્સની એરબસ કંપનીની ભાગીદારીમાં સ્થાપવામાં આવી છે. વડાપ્રધાન મોદીએ આ પ્રોજેક્ટને ભારત અને ફ્રાન્સ વચ્ચેના ગાઢ સંબંધોના પ્રતીક સ્વરૂપ જણાવતાં કહ્યું હતું કે ભારતમાં ફ્રાન્સના સહયોગથી બની રહેલાં આ હેલિકોપ્ટર માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈએ ઊડી શકે તેવાં પહેલાં એરક્રાફ્ટ હશે અને તેની વિશ્વભરમાં નિકાસ કરાશે.

## રાજકારણમાં ભારે ચર્ચા જાગી

# હેટ સ્પીચ વિવાદમાં સુપ્રીમ કોર્ટે નેતાઓને આપી મોટી શીખ

નવી દિલ્હી: દેશમાં ચૂંટણી ટાણે નેતાઓ દ્વારા અપાતા વિવાદાસ્પદ નિવેદનો અને નફરત ફેલાવતા ભાષણો એટલે કે 'હેટ સ્પીચ' મુદ્દે સુપ્રીમ કોર્ટે અત્યંત ગંભીર અને માર્મિક ટકોર કરી છે. સર્વોચ્ચ અદાલતે મૌખિક સલાહ આપતા જણાવ્યું છે કે, રાજકીય પક્ષો અને નેતાઓએ દેશમાં પરસ્પર ભાઈચારો વધે તેવા જ પ્રયાસો કરવા જોઈએ. લોકશાહીના પર્વ સમાન ચૂંટણીમાં નેતાઓએ મર્યાદા ન ઓળંગવી જોઈએ અને એકબીજાનું માન જાળવીને પ્રચાર કરવો જોઈએ. કોર્ટે સ્પષ્ટ કર્યું કે બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિઓએ બંધારણીય મૂલ્યોનું પાલન કરવું અનિવાર્ય છે.આ સમગ્ર મામલો આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા દ્વારા અપાયેલા કથિત નફરતભર્યા ભાષણો સામેની અરજી બાદ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. નવ નાગરિકો દ્વારા દાખલ કરવામાં આવેલી આ જનહિત અરજીમાં માગણી કરવામાં આવી હતી કે, બંધારણીય પદ ધરાવતી વ્યક્તિઓ ગેરબંધારણીય ભાષણો ન આપે તે માટે ચોક્કસ માર્ગદર્શિકા (ગાઈડલાઈન) જાહેર કરવી જોઈએ. મીડિયા અહેવાલ મુજબ, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગ્ચીની ખંડપીઠે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. જોકે, કોર્ટે હાલના તબક્કે નવી ગાઈડલાઈન જાહેર કરવાની માગ ફગાવી દીધી છે.અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે નેતાઓ દ્વારા અપાતી હેટ સ્પીચ હવે 'ટોક્સિક' એટલે કે ઝેરી બની રહી છે અને તેના પર અંકુશ લાવવો જરૂરી છે. સામી બાજુ, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે અવલોકન કર્યું કે આ અરજીમાં માત્ર એક જ નેતાના ભાષણનો ઉલ્લેખ હોવાથી તે વ્યક્તિગત ટાર્ગેટ જેવી લાગે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કપિલ સિબ્બલે વ્યક્તિગત ઉલ્લેખો હટાવવાની તૈયારી બતાવતા કોર્ટે અરજદારોને બે સપ્તાહ બાદ કેટલાક સુધારા સાથે નવેસરથી અરજી દાખલ કરવાની છૂટ આપી છે.

## ઉથલપાથલ — આસામના રાજકારણમાં મોટો ઉલટફેર ભૂપેન બોરા ભાજપમાં

# આસામ કોંગ્રેસમાં ભંગાણ પડતા દિગ્ગજ નેતા કેસરિયો ધારણ કરશે

(એજન્સી) ગુવાહાટી | તા 18

આસામના રાજકારણમાં અત્યારે ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે અને કોંગ્રેસને એક પછી એક મોટા ઝટકા લાગી રહ્યા છે. આસામ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને દિગ્ગજ નેતા ભૂપેન બોરા આગામી ૨૨ ફેબ્રુઆરીના રોજ ભારતીય જનતા પાર્ટીમાં જોડાશે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ મંગળવારે સત્તાવાર રીતે દાવો કર્યો હતો કે બોરાની સાથે કોંગ્રેસના અન્ય ઘણા દિગ્ગજ નેતાઓ પણ 'કેસરિયો' ધારણ કરશે. રાહુલ ગાંધીની વ્યક્તિગત સમજાવટ અને દખલગીરી છતાં ભૂપેન બોરાએ ભાજપના દ્વારે જવાનો નિર્ણય લીધો હોવાનું જણાય છે, જે પૂર્વોત્તર ભારતમાં કોંગ્રેસ માટે મોટું નુકસાન સાબિત થઈ શકે છે. આ સમગ્ર વિવાદની શરૂઆત સોમવારે થઈ હતી જ્યારે



ભૂપેન બોરાએ અચાનક કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું. આ સમાચાર વાયુવેગે ફેલાતા જ કોંગ્રેસ હાઈકમાન્ડ એક્શનમાં આવ્યું હતું અને રાહુલ ગાંધી સહિતના ટોચના નેતાઓએ તેમને મનાવવાના પ્રયાસો કર્યા હતા. પ્રાથમિક રીતે બોરાએ પોતાનો નિર્ણય મોકૂફ રાખ્યો હોવાનું જણાવ્યું હતું, પરંતુ મંગળવારે સ્થિતિમાં પલટો આવ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા પોતે ગુવાહાટી સ્થિત બોરાના નિવાસસ્થાને પહોંચ્યા હતા, જ્યાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ ખાતરી આપી છે કે ભાજપમાં બોરાને યોગ્ય સન્માન મળશે અને આગામી વિધાનસભા ચૂંટણીમાં તેમને સુરક્ષિત બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવશે. ભૂપેન બોરાના આ પક્ષાંતર પાછળ કોંગ્રેસનો આંતરિક વિખવાદ મુખ્ય કારણ માનવામાં આવે છે. પેટાચૂંટણીમાં વરિષ્ઠ નેતાઓ દ્વારા નામ સૂચવવામાં આવ્યું હોવા છતાં, અંતિમ સમયે તેમની અવગણના કરીને ટિકિટ ન આપતા બોરા નારાજ થયા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તેમણે કોઈ પણ વ્યક્તિગત જૂથબંધીમાં રહેવાનો ઈન્કાર કરી દીધો છે. બોરાએ રકીબુલ હુસૈન જેવા નેતાઓનું નામ લીધા વગર તેમના પર પ્રહારો કર્યા હતા અને પક્ષમાં પોતાની અવગણના થઈ રહી હોવાનો રોષ ઠાલવ્યો હતો. હવે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે પણ તેમની જોઈનિંગને લીલી ઝંડી આપી દીધી હોવાથી આ માત્ર ઔપચારિકતા જ બાકી રહી છે. મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ ભૂપેન બોરાના ભાજપમાં જોડાવાને 'ઘરવાપસી' તરીકે ઓળખાવી છે. ૨૨ ફેબ્રુઆરીના રોજ યોજાનારા આ કાર્યક્રમમાં કોંગ્રેસના અન્ય કેટલા નેતાઓ પક્ષપલટો કરશે તેના પર સૌની મીટ મંડાયેલી છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે બોરા જેવા અનુભવી નેતાના જવાથી આસામમાં કોંગ્રેસનું સંગઠન નબળું પડશે. બીજી તરફ, ભાજપ આ તકનો લાભ લઈને આગામી ચૂંટણીઓ પહેલા વિપક્ષને સાવ પાંગળો બનાવવાની રણનીતિ પર કામ કરી રહ્યું છે.

## મોડાસાના દાવલીમાં ખરાબ રસ્તા સામે કોંગ્રેસના ધરણા

મોડાસા | મોડાસાના દાવલી ખાતે ખરાબ રસ્તાઓના મુદ્દે કોંગ્રેસ દ્વારા પ્રતીક ઉપવાસ અને ધરણા કાર્યક્રમ યોજાયો હતો. રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં પાકા રસ્તાઓના દાવા કરી રહી છે, ત્યારે હજુ પણ કેટલાક ગામોમાં રસ્તાઓની હાલત બિસમાર છે. આ કાર્યક્રમ રસ્તાઓના સમારકામ અથવા નવા નિર્માણની માંગ સાથે યોજાયો હતો. અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ અને મોડાસા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દાવલી-સરડોઈ-રખિયાલ અને રખિયાલ-માલવણ-કેશાપુર જેવા માર્ગોની અત્યંત ખરાબ હાલતથી વાહનચાલકો અને સ્થાનિકો પરેશાન છે.

સિટી એક્સપ્રેસ

THURSDAY 19 FEBRUARY-2026

AHMEDABAD

## નાણામંત્રીએ બજેટમાં 'અન્નદાતા' માટે ખુશીઓનો પિટારો

ગાંધીનગર | ગુજરાત વિધાનસભામાં રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષ 2026 27 માટે રજૂ કરવામાં આવેલા ઐતિહાસિક બજેટમાં આ વખતે 'જગતના તાત' સમાન ખેડૂતો, પશુપાલકો અને ગૌમાતાને કેન્દ્ર સ્થાને રાખવામાં આવ્યા છે. 'વાવણીથી લઈને વેચાણ સુધી' ખેડૂતોની પડખે અડીખમ ઊભા રહેવાના દ્રઢ સંકલ્પ સાથે સરકારે માત્ર કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે જ કુલ 24,022 કરોડ રૂપિયાની માતબર-રેકોર્ડબ્રેક રકમની ફાળવણી કરી. બજેટમાં આધુનિક ખેતી, સિંચાઈ નેટવર્કનો વ્યાપ અને ગૌવંશના સંરક્ષણ માટે અનેક નવી અને મોટી જાહેરાતો કરવામાં આવી છે.

**કરાઈમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે 100 કરોડ; DIAL 112 જનરક્ષકમાં 3 હજાર અને મહેસૂલમાં 1456 લોકોની ભરતી થશે**

# Budget 2026-27

# કોમનવેલ્થ માટે અમદાવાદને 'ઓલિમ્પિક રેડી સિટી' બનાવવા 1278 કરોડની ફાળવણી

ગાંધીનગર | ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભા સત્રના ત્રીજા દિવસે 18 ફેબ્રુઆરીએ નાણામંત્રી કનુ દેસાઈએ વર્ષ 2026-2027નું બજેટ રજૂ કર્યું. નાણામંત્રીએ સતત પાંચમી વખત બજેટ રજૂ કરીને એક નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. ગુજરાતનું 4,08,053 કરોડનું વિક્રમી બજેટ જાહેર કરવામાં આવ્યું છે.

રાજ્યની 48%થી વધુ વસ્તી શહેરોમાં વસે છે. આજે ઉદ્યોગ, વેપાર અને સેવાક્ષેત્રના વિસ્તરણથી શહેરો ઝડપથી વિકસી રહ્યાં છે. આવાસ યોજના, સ્માર્ટ સીટી અને માળખાકીય સુવિધાઓથી શહેરી વિસ્તારનો વ્યાપ વધ્યો છે અને પરિવહન, સંચાર અને ડિજિટલ સુવિધાઓના વિકાસથી શહેરો જોડાયા છે.

નાગરિક સેવાઓને વિશ્વસ્તરીય બનાવવા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ હાલની જોગવાઈમાં લગભગ 17% જેટલો વધારો કરી 16 હજાર 116 કરોડની જોગવાઈ કરું છું.

રાહદારીઓની પરિવહન કાર્યક્ષમતામાં સુધારો કરી સુલભ શહેરી ગતિશીલતાને પ્રોત્સાહન આપવા શહેરો અને નગરપાલિકાઓમાં 100 કરોડના ખર્ચે સ્માર્ટ પાર્કીંગ બનાવવાનું આયોજન છે.

રાજ્યમાં આવેલ મોટા શહેરો પરનું ભારણ ઘટે અને રોજગારીની નવી તકો ખુલે તે હેતુથી મુખ્ય શહેરોની નજીક આધુનિક સુવિધાઓ સાથે પાંચ નવા સેટેલાઇટ ટાઉન વિકસાવવામાં આવશે. જેમાં કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હીરાસરના વિકાસનું આયોજન છે. જેને રીજનલ રેપિડ ટ્રાન્ઝીટ સિસ્ટમથી મોટા શહેરો સાથે જોડવામાં આવશે.




**4,08,053**
**કરોડનું બજેટ જાહેર કરવામાં આવ્યું**

### 'સ્ટેટ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ માટે ₹1855 કરોડ'

- રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ સરહદી વિસ્તારમાં ઓવરહેડ લાઈનના માળખાને અત્યાધુનિક એલિવેટેડ કેબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવા માટે 100 કરોડની જોગવાઈ કરું છું.
- ભૂકંપ, પૂર અને વાવાઝોડા જેવી આપત્તિઓની અસર ઘટાડવા માટે State Disaster Mitigation Fundની વ્યવસ્થા કરી છે. જેના માટે 1855 કરોડનું આયોજન છે.
- Gujarat Unified Digital Stackની પહેલ દ્વારા રાજ્યના નાગરિકોને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પરથી સરકારી સેવાઓ ઝડપથી મળશે. જેમાં અલગ અલગ સેવાઓ માટે પૂરા પાડવાના થતાં દસ્તાવેજોનું પુનરાવર્તન ઘટવાથી સમય અને ખર્ચનો બચાવ થશે. જેના માટે 100 કરોડનું આયોજન છે. રાજ્યની વીજ વિતરણ કંપનીઓની કાર્યક્ષમતાને ધ્યાને લઇ 16મા નાણાપંચે પોતાના અહેવાલમાં ગુજરાત વીજ વ્યવસ્થાને સમગ્ર ભારતમાં શ્રેષ્ઠ ગણાવી છે.
- રાજ્યના શહેરી વિસ્તારોમાં હયાત ઓવરહેડ વીજ લાઇનોને અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતર કરવા 'ગુજરાત વાયર-ફ્રી સીટી મિશન' અંતર્ગત 500 કરોડની જોગવાઇ સૂચવું છું.

- અમદાવાદ શહેરને ઓલિમ્પિક રેડી સિટી' બનાવાશે.
- 1278 કરોડની જોગવાઈ કરવામાં આવી
- આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટસ કોમ્પ્લેક્સ અને સ્ટેડિયમ સ્થપાશે
- પબ્લિક ટ્રાન્સપોર્ટ માટેની સુવિધાઓ વિકસાવાશે

### 'મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓને વિસ્તૃત કરવા 47 કરોડ'

- GYANના ચાર આધાર સ્તંભો પૈકી એક સ્તંભ એવી નારીશક્તિની ભૂમિકા વિકસિત ગુજરાતના નિર્માણમાં અગત્યની છે.
- મહિલા સશક્તિકરણને આર્થિક સ્વાવલંબન સાથે જોડવાના દ્રઢ સંકલ્પ સાથે રાજ્ય સરકાર દ્વારા 'લખપતિ દીદી' અભિયાનને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.
- ગ્રામ્ય અને શહેરી બંને વિસ્તારોમાં મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓને વિસ્તૃત કરવા, નવા વ્યવસાય શરૂ કરવા અને હાલના વ્યવસાયોને સ્કેલ-અપ કરવા 47 કરોડની જોગવાઈ સૂચવું છું.

### 'રાજ્યના 4 ઝોનમાં બાયો સીએનજી પ્લાન્ટની સ્થાપના માટે 112 કરોડ'

- સહકારી મંડળીઓને બહુહેતુક કાર્ય કરવા સક્ષમ બનાવવામાં આવશે. જેમાં અનાજ સંગ્રહથી લઈને રાજ્યના 4 ઝોનમાં બાયો સીએનજી પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. જેનાથી પશુપાલકોને પૂરક આવક તેમજ વાહનો માટે ગ્રીન ફ્યુઅલ ઉપલબ્ધ થશે. જેના માટે 112 કરોડની જોગવાઈ સૂચવું છું.

### 'કિસાન ક્રેડિટ કાર્ડ અંતર્ગત વ્યાજ સહાય આપવા 1539 કરોડ'

- ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડૂઓ પોતાની પ્રવૃત્તિઓ સમયસર કરી શકે તે માટે કિસાન ક્રેડિટ કાર્ડ અંતર્ગત વ્યાજ સહાય આપવા 1539 કરોડની જોગવાઈ કરું છું.

### 'ગૌ માતા પોષણ યોજના માટે 500 કરોડ'

- રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ ગૌ માતા પોષણ યોજના ગાયોના સંરક્ષણ, ગૌસંવર્ધન તથા ગૌકલ્યાણ પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. જેના માટે 500 કરોડની જોગવાઈ કરું છું.

### 'દેશના દૂધ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો 10%થી વધુ લઈ જવાનું આયોજન'

- પશુઓના સંવર્ધન, સંરક્ષણ, રોગ નિદાન અને તેને લગતી માળખાકીય સુવિધાઓમાં સહાય આપી દેશના દૂધ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો 10%થી વધુ લઈ જવાનું આયોજન છે.



### 'સોમનાથમાં બસ પોર્ટ માટે 447 કરોડ'

સોમનાથને 'ગ્લોબલ ડેસ્ટિનેશન' તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતની પવિત્ર ધરા પર હજારો વર્ષ જૂની સિંધુ સંસ્કૃતિના સાક્ષી એવા લોથલ અને ધોળાવીરા વિશ્વભરના પ્રવાસીઓ માટે નવા આકર્ષણના કેન્દ્ર બન્યાં છે.

'નેશનલ મેરીટાઈમ હેરીટેજ મ્યુઝિયમ' લોથલ ખાતે નિર્માણ પામી રહ્યું છે. રાજ્યના પ્રવાસન સ્થળો ખાતે એક હજાર ટુરિસ્ટ ગાઈડને તાલીમ આપી તૈયાર કરવાનું આયોજન છે. ઉપરોક્ત આયોજનો માટે કુલ 95 કરોડની જોગવાઈ સૂચવું છું.

રાજ્યની પરંપરા, મહેમાનગતિ અને ઐતિહાસિક ભવ્યતા સાથે "વેડ ઈન ગુજરાત(Wed in Gujarat)" કેમ્પેઈન દ્વારા ગુજરાતની વેડીંગ ડેસ્ટીનેશન તરીકે આગવી ઓળખ ઊભી કરવામાં આવશે.

અંબાજી યાત્રાધામના સર્વાંગી વિકાસ માટે 'અંબાજી કોરીડોર માસ્ટરપ્લાન' અંતર્ગત 300 કરોડની જોગવાઈ સૂચવું છું.

પવિત્ર યાત્રાધામ બહુચરાજીના નવનિર્માણ, જૂનાગઢના ગીરનાર ખાતે યોજાતા મહાશિવરાત્રીના મેળામાં અને માઁ નર્મદાની પરિક્રમા માટે આવતા શ્રદ્ધાળુઓની સુવિધા માટે 55 કરોડની જોગવાઈ સૂચવું છું.

### 'કડાણા ડેમમાં ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટ માટે 150 કરોડ'

- રાજ્યના વિવિધ જળાશયો અને નહેરોની જળસપાટીનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી કડાણા ડેમમાં નવતર ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટ સ્થાપવાનું આયોજન છે. જેના માટે 150 કરોડની જોગવાઈ કરું છું.
- આત્મનિર્ભર ભારતની પહેલને સાકાર કરવા રાજ્ય પાસે સંગ્રહિત પરંતુ હાલમાં વણવપરાયેલ વિપુલ ખનીજ સંસાધનો અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગથી મેળવવામાં આવશે. જે પૈકી અંબાજી કોપર પ્રોજેક્ટ ગુજરાતની પ્રથમ ભૂગર્ભ કોપર-લેડ-ઝીંક ખાણ બનશે. જે આયાતની નિર્ભરતા ઘટાડશે. આ માટે 613 કરોડની જોગવાઈ કરું છું.
- અંડરગ્રાઉન્ડ કોલ ગેસિફિકેશન પદ્ધતિથી લિગ્નાઈટમાંથી ગેસનું ઉત્પાદન કરવાનું આયોજન છે. જેનાથી પ્રદૂષણની સમસ્યાઓને હલ કરવામાં મદદ મળશે. જેના માટે 300 કરોડની જોગવાઈ સૂચવું છું.

### 'ધોલેરા SIR ફેઝ-1 માટે કુલ 610 કરોડ'

- ધોલેરા SIR ખાતે ફેઝ-1 હેઠળ લોજિસ્ટિક એન્ડ ટ્રંક ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં, ધોલેરા એરપોર્ટ, આધુનિક માર્ગો, પાણી અને વેસ્ટવોટર ટ્રીટમેન્ટ, અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ તથા સ્માર્ટ ICT સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. જેનાથી ધોલેરા ભવિષ્યના ઉદ્યોગ, નવીનતા અને રોજગારનું વૈશ્વિક કેન્દ્ર બનશે. જેના માટે વિકસિત ગુજરાત ફંડ સહિત કુલ 610 કરોડની જોગવાઈ સૂચવું છું.

### 'નમો શક્તિ એક્સપ્રેસ વે-સોમનાથ દ્વારકા એક્સપ્રેસ વે પ્રોજેકટ માટે 3,000 કરોડ'

- રાજ્યના મહત્વના સ્થળોને જોડતા નમો શક્તિ એક્સપ્રેસ વે તેમજ સોમનાથ દ્વારકા એક્સપ્રેસ વે પ્રોજેકટ માટે વધુ 3000 કરોડની જોગવાઈ કરું છું. આ પ્રોજેક્ટ સંસ્કૃતિ અને પ્રવાસનનો સંગમ ધરાવતો હાઈવે બની રહેશે.

### 'વિકસિત ગુજરાત ફંડમાં 10 હજાર કરોડ'

- 50 હજાર કરોડના વિકસિત ગુજરાત ફંડ મારફતે વિકાસ કાર્યોને ગતિ આપવાનો સરકારનો દ્રઢ સંકલ્પ છે. જેના ભાગરૂપે આ વર્ષે વિકસિત ગુજરાત ફંડમાં 10 હજાર કરોડની જોગવાઈ કરું છું. વિકસિત ગુજરાત ફંડ હેઠળ રાજ્યના વિકાસ માટે લાંબાગાળાના અને મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

### '6 ઝોનના ઈકોનોમિક માસ્ટર પ્લાન માટે 2,000 કરોડ'

- રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ આપવા તેમજ વિકસિત ગુજરાત@2047ના લક્ષ્યને સાકાર કરવા ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન(GRIT)ની રચના કરવામાં આવી છે. GRIT દ્વારા-Infrastructure, Innovation, Individuals અને Institutions - આ ચાર આયામો પર આધારિત લાંબાગાળાનું અને પરિણામલક્ષી વિકાસનું આયોજન થઈ રહ્યું છે.
- દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ એમ 6 (છ) ક્ષેત્ર માટે ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કર્યાં છે. જે અંતર્ગત દરેક ક્ષેત્રની જરૂરિયાત મુજબ પ્રોજેક્ટ તૈયાર કર્યા છે. જેનાથી આર્થિક પ્રવૃત્તિઓ, રોજગાર સર્જન અને મૂડી રોકાણને પ્રોત્સાહન મળશે. જેના માટે 2000 કરોડની જોગવાઈ કરું છું.

### 'ITIમાં અભ્યાસ કરતી દીકરીઓ માટે 'નમો કૌશલ્ય લક્ષ્મી યોજના' જાહેર'

- મહિલા પ્રતિનિધિત્વને પ્રોત્સાહિત કરવા રાજ્યની ITIમાં અભ્યાસ કરતી તમામ દિકરીઓ માટે નવી 'નમો કૌશલ્ય લક્ષ્મી યોજના' જાહેર કરું છું. જેના માટે 40 કરોડની જોગવાઈ સૂચવું છું.
- વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે DBT માધ્યમથી માસિક સહાય મળી રહે તે માટે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અમલી છે. જેના માટે 2848 કરોડની જોગવાઈ સૂચવું છું.
- રાજ્ય સરકાર દ્વારા 1091 મહિલા હેલ્પલાઈન, મહિલા પોલીસ સ્ટેશનો અને CCTV નેટવર્ક દ્વારા મહિલાઓની સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી છે.

### 'નમો લક્ષ્મી યોજના માટે 1250 કરોડ'

- નમો લક્ષ્મી યોજનાના અસરકારક અમલીકરણથી ધોરણ 9થી 12માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના શાળા પ્રવેશમાં છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના માટે 1250 કરોડની જોગવાઈ કરું છું.

### 'પૂરક પોષણ યોજના અંતર્ગત 972 કરોડ'

- 3થી 6 વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા પૂરક પોષણ યોજના અંતર્ગત 972 કરોડની જોગવાઈ સૂચવું છું.

### 'સ્વ-સહાય જૂથની બેંક લોન પર વ્યાજ સહાય-પ્રોત્સાહક સહાય આપવા 45 કરોડ'

સખી મંડળ સ્વ-સહાય જૂથો આજે મહિલા સશક્તિકરણનો સૌથી મજબૂત આધાર બન્યા છે. સ્વ-સહાય જૂથના વ્યવસાયને વિસ્તારવા અને સ્કેલ-અપ કરવા બેંક લોન પર વ્યાજ સહાય અને પ્રોત્સાહક સહાય આપવા 45 કરોડની જોગવાઈ કરું છું.

## રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી, એકસાથે ત્રણ સિસ્ટમ સક્રિય



**ચાર જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના; ઉત્તર ગુજરાતના જિલ્લાઓ પર ખાસ અસર...**

ગુજરાત | રાજ્યમાં ફરી એકવાર કમોસમી માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓ માટે સામાન્યથી મધ્યમ માવઠાની આગાહી કરી છે.

સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લામાં માવઠાની શક્યતા દર્શાવવામાં આવી છે. હવામાન વિભાગ મુજબ હાલમાં ત્રણ સિસ્ટમ સક્રિય બનતા વાતાવરણમાં ફેરફાર નોંધાઈ રહ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટરબન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સક્રિય હોવાથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે. ઉત્તર પશ્ચિમના પવનોની ગતિ પણ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે.

### ચાર જિલ્લામાં વરસાદની આગાહી

આજે એટલે કે, 18 ફેબ્રુઆરીના રોજ ઉત્તર ગુજરાતના ચાર જિલ્લાઓ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આ વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ પડી શકે છે. પવન આશરે 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

ત્યારબાદ 19થી 24 ફેબ્રુઆરી દરમિયાન રાજ્યમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની સંભાવના છે. તાપમાનમાં મહત્તમ તાપમાન આગામી 48 કલાકમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ત્યારબાદ 2થી 3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. લઘુત્તમ તાપમાન આગામી 3 દિવસમાં 2થી 3 ડિગ્રીનો ક્રમશઃ વધારો જોવા મળી શકે છે.

## ગુજરાતના માનનીય રાજ્યપાલે અમદાવાદના ઈસરો સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર ખાતે Moonshots and Marathons પુસ્તકનું વિમોચન કર્યું



અમદાવાદ | ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદમાં ઈસરો સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (એસએસી) ખાતે Moonshots and Marathons પુસ્તકનું આજે વિમોચન કર્યું હતું. આ પુસ્તક ભારતમાં ડીપટેક સ્ટાર્ટઅપ્સ ઊભા કરવા અને તેને વિકસાવવા માટેની પ્રેક્ટિકલ ગાઈડ છે. સ્થાપકો, રોકાણકારો, વૈજ્ઞાનિકો તથા ભારતની ઈનોવેશન અને ડીપટેક કમ્યૂનિટીના ઈકોસિસ્ટમ હિસ્સેદારોની ઉપસ્થિતમાં બંધબારણે આ આ વિમોચન કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે માનનીય રાજ્યપાલની સાથે ઈસરો સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટરના કંટ્રોલર વિવેક જૈન, જેબીએમ ગ્રુપના ચેરમેન એસ. કે. આર્ય, ઈસરો સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટરના ડિરેક્ટર નિલેશ એમ. દેસાઇ, ચિરિપાલ ગ્રુપના પ્રમોટર જ્યોતિપ્રકાશ ચિરિપાલ અને 8X Ventures ના ડિરેક્ટર ચિરાગ ગુપ્તા પણ ઉપસ્થિત રહ્યા હતા. ચિરાગ ગુપ્તા, ગોવિંદ કેડિયા અને ડો. સુનીલ કે. શેખાવતે આ પુસ્તક લખ્યું છે. પુસ્તકમાં ભારતમાં જ્ઞાન આધારિત કંપનીઓ ઊભી કરવાની વાસ્તવિકતાઓ પર ધ્યાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમાં સંશોધનને વાસ્તવિક પ્રોડક્ટ્સમાં ફેરવવા, બૌદ્ધિક સંપત્તિ સંભાળવા, પેટન્ટ કેપિટલની એક્સેસ મેળવવા અને લાંબા ગાળાના ટેક્નોલોજી બિઝનેસીસ ઊભા કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

## 42 લાખમાં ફ્લેટ આપવાનું કહી 19 લાખનો ચુનો લગાવ્યો

અમદાવાદ | મેમનગરમાં રહેતા વૃદ્ધે રાણીપમાં એક મકાન લેવા માટે મકાન માલિકને 19 લાખ રૂપિયા આપ્યા હતા. મકાન માલિકે મકાન પરની લોન પૂર્ણ કરવા માટે લીધેલા રૂપિયાથી લોન પૂર્ણ કરી નહીં અને સિનિયર સિટિઝનને 19 લાખનો ચૂનો લગાવ્યો હતો. જે અંગે આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મેમનગરજોયતરામ પાર્કમાં રહેતા 61 વર્ષીય શિરીષ પ્રાભાકર ઓઝા ખાનગી કંપનીના માર્કેટિંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરે છે. શિરીષભાઈની સોસાયટી રીડેવલપમેન્ટમાં જવાની હોવાથી તેમણે બીજી જગ્યાએ મકાન લેવાનું નક્કી કર્યું હતું. તેમણે પોતાના મિત્ર જીતુભાઈ શાહની મદદથી આંબાવાડીની એક સ્ટોક બ્રોકર કંપનીના મનન પંચાલનો સંપર્ક કર્યો હતો, કારણ કે તે મકાન વેચવાનું હતું.

### ભાવ 42 લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યો

શિરીષ ઓઝાએ મનન અશોકભાઈ પંચાલનો સંપર્ક કર્યો, ત્યારે તેણે જણાવ્યું હતું કે હાલ તે વાડજના કલ્પતરુ એપાર્ટમેન્ટમાં રહે છે અને તેનો બીજો ફ્લેટ ન્યૂ રાણીપના અર્જુન વિલામાં છે, જે વેચવાનો છે. ફ્લેટ જોઈને ભાવતાલ નક્કી કરતાં ફ્લેટનો ભાવ 42 લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યો હતો. જ્યારે મનને શિરીષભાઈને કહ્યું કે, ફ્લેટ પર 18.81 લાખ રૂપિયાની લોન છે, માટે જો તેઓ આ રૂપિયા આપી દે તો તે લોન ભરીને મકાનના ઓરિજિનલ દસ્તાવેજ લઈ શકે. જેને પગલે શિરીષભાઈએ તેને 19 લાખ રૂપિયા આપ્યા હતા.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...